પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
શહેર આવૃત્તિ    પાનાઃ ૧૪
તા. ૧૪-૫-૨૦૨૫, બુધવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૫૬
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

સુવિચાર

કર્મ બદલો,
કિસ્મત આપોઆપ
બદલાઈ જશે...

બારે માસ ભરવા લાયક
અપ્પુ
ચણાદાળ
બચત જબર દસ્ત
ક્વોલિટી મસ્ત મસ્ત
દયાલદાલ રાજકોટ-૯૮૨૪૨૦૦૯૭૦

## ખેડૂતો આનંદો... ચોમાસું ટનાટન રહેશે

# ગુજરાતમાં ૧૫મી જૂને ચોમાસું બેસી જશેઃ ૧૦૦ નહિ ૧૦૫ ટકા વરસાદ વરસવાનો વરતારો

## કેરળમાં ૨૭ મેથી ચોમાસું શરૂ થઈ જશેઃ આ વર્ષે ચોમાસું એક અઠવાડિયુ વહેલું આવે તેવી હવામાન વિભાગની આગાહી

### ચોમાસા પહેલા હીટવેવનો સામનો કરવો પડશે

વરસાદ આવે તે પહેલાં ગુજરાતને પહેલા મે મહિનાની ગરમી સહન કરવી પડશે. રાજ્યમાં, ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં, સામાન્ય કરતાં વધુ તાપમાન અને વારંવાર ગરમીના મોજા જોવા મળવાની ધારણા છે. આમ ચોમાસુ શરૂ થાય તે પહેલાં હિટવેવનો સામનો કરવા ગુજરાતવાસીઓએ તૈયાર રહેવું પડશે.



### ગુજરાતમાં ક્યાં વર્ષે ક્યારે ચોમાસાનું આગમન થયું

| | |
|---|---|
| ૨૦૨૧ | ૯ જૂન |
| ૨૦૨૨ | ૨૫ જૂન |
| ૨૦૨૩ | ૨૫ જૂન |
| ૨૦૨૪ | ૧૧ જૂન |

**અબતક, અમદાવાદ**

ખેડૂતો માટે સારા સમાચાર છે. આ વર્ષે ચોમાસુ ટનાટન રહેવાનું છે. ૧૦૦ની બદલે ૧૦૫ ટકા વરસાદ વરસવાનો વરતારો છે. વધુમાં ચોમાસુ એક અઠવાડિયુ વહેલું એટલે કે ૧૫ જુને આવી જાય તેવી હવામાન વિભાગે શકયતા વ્યક્ત કરી છે.

ચોમાસાનું કાઉન્ટડાઉન સત્તાવાર રીતે શરૂ થઈ ગયું છે. ભારતીય હવામાન વિભાગ એ બંગાળની ખાડી અને આંદામાન સમુદ્રના કેટલાક ભાગોમાં દક્ષિણપશ્ચિમ ચોમાસાના વહેલા આગમનની પુષ્ટિ કર્યા પછી, ગુજરાત પણ ચોમાસાના આગમનની તારીખ જાહેર કરી દીધી છે. ગુજરાતના દક્ષિણ દરિયાકાંઠે ૧૫ જૂનની આસપાસ ચોમાસાનો પહેલો વરસાદ પડવાની ધારણા છે, જ્યારે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં ૨૦ થી ૨૫ જૂનની વચ્ચે વરસાદ પડવાની ધારણા છે.

જો ચોમાસુ આ સમયમર્યાદામાં ટકી રહે છે, અથવા તો સમય કરતાં વહેલું આવે છે, તો તે ૨૦૦૯ પછી ભારતની મુખ્ય ભૂમિ પર પહોંચનાર સૌથી વહેલો ચોમાસું હશે, જેમાં કેરળમાં ૨૭ મેના રોજ વરસાદ પડવાની ધારણા છે, જે સામાન્ય ૧ જૂન કરતા પાંચ દિવસ વહેલો છે. હવામાન વિભાગે મુખ્ય હવામાન માપદંડોને પૂર્ણ કરતા વ્યાપક વરસાદને પગલે ૧૩ મેના રોજ આંદામાન અને નિકોબાર ટાપુઓ પર ચોમાસાના આગમનની સત્તાવાર જાહેરાત કરી હતી. આ શરૂઆતથી સમગ્ર


(અનુ. આઠમા પાને)

### મે મહિનાનો પ્રિ-મોન્સૂન વરસાદ ૨૦ ગણો વધુ પડ્યો

આ વર્ષે પણ ચોમાસા પહેલાનો વરસાદ નોંધપાત્ર રહ્યો હતો. ૧૩ મે સુધીમાં, ગુજરાતમાં ૩૭.૫ મીમી વરસાદ નોંધાયો હતો - જે સામાન્ય મોસમી સરેરાશ ૧.૮ મીમી કરતા ૨૦ ગણો વધારે છે. જ્યારે જાન્યુઆરી-મે દરમિયાન સામાન્ય વરસાદ ૨.૩ મીમી હોય છે. બીજી તરફ, સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્રમાં ૩૮.૪ મીમી વરસાદ પડ્યો છે, જે આ સમયગાળા દરમિયાન સામાન્ય ૧.૫ મીમી વરસાદ કરતા ઘણો વધારે છે.

#### જાન્યુઆરીથી મે વચ્ચે ક્યાં સૌથી વધુ વરસાદ પડ્યો (મિમીમાં)

| | |
|---|---|
| આણંદ | ૮૧.૨ |
| અમરેલી | ૭૭.૭ |
| ભાવનગર | ૬૮.૬ |




### ૮ તાલુકાઓમાં માવઠુંઃ હજી ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી

#### નર્મદા જિલ્લાના સાગબારામાં પોણા બે ઈંચ, ડાંગ આહવામાં એક ઈંચ વરસાદઃ આજે રાજ્યના કેટલાક જિલ્લામાં માવઠા વરસશે

રાજયના આઠ તાલુકાઓમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કમોસમી વરસાદ પડયો હતો. આગામી ત્રણ દિવસ સુધી રાજ્યમાં માવઠાની આગાહી આપવામાં આવી છે. કમોસમી વરસાદનું જોર ઘટતાની સાથે જ રાજ્યભરમાં ગરમીનું જોર વધ્યું છે. હવે પ્રિ-મોનસુન એક્ટિવીટી પણ શરૂ થઈ થવા પામી છે. નૈઋત્યના ચોમાસાનું પણ નિર્ધારિત સમય કરતા વહેલુ આગમન થશે તેવા હૈયે ટાઢક આપતા વાવડ હવામાન વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યાનુસાર આજે સવારે પૂરા

(અનુ. આઠમા પાને)

## ભારત યુક્રેન નથીઃ ઝુક જાયે વો ભારત નહિ...

# 'નાપાક' અમેરિકાના ટ્રેડવોરમાં ભારતનો મક્કમ મુકાબલો

**અબતક, રાજકોટ**

છેલ્લા અનેક દાયકાઓથી પાકિસ્તાન આતંકવાદને પનાહ અને પ્રોત્સાહન આપી રહ્યું છે આ હકીકત વિશ્વ આખું જાણે છે પણ થોડા દિવસો પૂર્વે પાકિસ્તાને જ એક નિવેદન આપ્યું હતું કે, યુકે સહિતના રાષ્ટ્ર તેને આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા દુષપ્રેરણ કરી રહ્યા છે. હવે આ તમામ ઘટનામાં એક નગ્ન સત્ય એ પણ છે કે, આ તમામ હરામીવેળામાં અમેરિકાનું પૂરેપૂરું પીઠબળ છે. ભારત પર થયેલ પહેલગામ હુમલાથી માંડી ડ્રોન એટેક સહીતની તમામ ઘટનાઓમાં અમેરિકાની આડકતરી સંડોવણી છે અને તેની પાછળ એકમાત્ર કારણ જવાબદાર છે. અમેરિકા હાલ સુધી જગત જમાદારી કરતું આવ્યું છે,

(અનુ. આઠમા પાને)

### ભારતની વૈશ્વિક સ્તરે આર્થિક મહાસત્તા બનવા તરફની દોટથી જગત જમાદારના પેટમાં તેલ રેડાયું

### ભીખુ પાકિસ્તાને આંતકવાદની ખેતી કરી અને અમેરિકા સમયાંતરે ફળ મેળવ્યું

### રશિયા સાથે શાંતિ સંધી સ્થાપવાના નામે અમેરિકાએ યુક્રેનના કિંમતી ખનીજોનો ૫૦% હિસ્સો પડાવી લીધો

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની પરિસ્થિતિમાં એક તબક્કે અમેરિકાએ યુક્રેનને એકલું મૂકી દીધું હતું. બાદમાં જયારે પુતિને વાટાઘાટોની તૈયારી બતાવી ત્યારે અચાનક ટ્રમ્પને (અનુ. આઠમા પાને)

### વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાં સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરીફ મુદ્દે ભારત નગારે ઘા કરશે

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સંધી સ્થપાય તે પૂર્વે જ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતને ટેરિફ કિંગ ગણાવ્યા બાદ સરકારે પહેલીવાર અમેરિકા સામે કાર્યવાહી કરવાની ધમકી આપી છે. સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉત્પાદનોની આયાત પર ૨૫% ટેરિફ સામે સંભવિત પ્રતિશોધાત્મક કાર્યવાહી માટે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન ખાતે પગલાં લેવાનો સરકારનો નિર્ણય એ જ દિવસે આવ્યો હતો જ્યારે ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ શક્ય બન્યો છે કારણ કે તેમણે સૂચવ્યું હતું કે અમેરિકા વેપાર બંધ કરશે. સરકારી સૂત્રોએ આવી કોઈપણ ચર્ચાનો ઈનકાર કર્યો છે. અધિકારીઓએ દલીલ કરી હતી કે સરકાર પહેલાથી જ ડબ્લ્યુટીઓ ખાતે અમેરિકા સામે સલામતી કાર્યવાહી શરૂ કરવાની યોજના બનાવી રહી છે જે નિર્ધારિત સમયગાળા ૧૨ એપ્રિલ સુધીમાં કરવાની હતી.

### અમેરિકાના ૭.૬ અબજ ડોલરના સામાન પર વળતો ટેરિફ નાંખવા ભારતની ચેતવણી

ભારતે ઈંગ્લેન્ડ સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કર્યા પછી હવે અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર સોદા માટે વાટાઘાટો શરૂ કરી છે. આવા સમયે એક નવી તંગદિલી ઊભી થઈ છે. ભારતે ડબલ્યુટીઓને અમેરિકાથી આયાત થતા ૭.૬ અબજ ડોલરના મૂલ્યના સામાન પર ટેરિફ નાંખવાની ચેતવણી આપી છે. અમેરિકાએ ભારતના સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેરિફ નાંખવાના જવાબમાં ભારતે આગામી ૩૦ દિવસના સમયમાં આ રેસિપ્રોકલ ટેરિફ નાંખવાની દરખાસ્ત કરી છે.

### યુદ્ધવિરામમાં અમેરિકાની કોઈ દરમિયાનગીરી ન હતીઃ ભારતની સ્પષ્ટતા

ભારતે મંગળવારે પાકિસ્તાન સાથેના વિવાદમાં મધ્યસ્થી કરવાની અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વાતને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે, ભારતનો લાંબા સમયથી રાષ્ટ્રીય વલણ છે કે કેન્દ્રશાસિત પ્રદેશને લગતો કોઈપણ મુદ્દો ભારત અને પાકિસ્તાન દ્વારા દ્વિપક્ષીય રીતે ઉકેલવામાં આવશે. તે નીતિ બદલાઈ નથી. જેમ તમે જાણો છો, બાકી રહેલો મુદ્દો પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરાયેલ ભારતીય પ્રદેશને ખાલી કરવાનો છે. સરકારે યુએસ રાષ્ટ્રપતિના દાવાને પણ નકારી કાઢ્યો કે તેમણે ભારત અને પાકિસ્તાન સાથે વેપાર બંધ(અનુ. આઠમા પાને)

# જન્મતા જ ૩૫ ફ્રેક્ચર, શરીરમાં ૨૨ સ્ક્રુ છતાં ભણવાની સાથે વિશ્વ મ્યુઝિકમાં પણ અવ્વલ નંબરે "સ્પર્શ"

## બે કલાક સુધી પગ પકડીને ઊભા રહેવાનો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સર્જનારે ઈમ્પોસિબલને પોસીબલ કરી બતાવ્યું છે



**અબતક, નવીદિલ્હી**

ઈશ્વર કોઈ એક ખામી આપે છે, તો સામે હજારો ખૂબીઓ આપે છે. અને આ ખામીઓને તાકાત બનાવી, હિંમતથી જે લડે છે તે વિશ્વને પામી શકવાની ક્ષમતા ધરાવે છે. આવી જ એક અસાધારણ પ્રતિભા ધરાવતા મૂળ સુરતના ૨૨ વર્ષીય યુવાન છે સ્પર્શ શાહ. તેમના ઓનલાઈન વીડિયોઝને ૪૦ કરોડથી વધુ વખત જોવામાં આવ્યા છે અને તેમણે વિવિધ બિન-લાભકારી સંસ્થાઓ માટે ૪ મિલિયન ડોલરથી વધુની રકમ એકત્ર કરી છે. એટલું જ નહીં, તેમણે બે કલાક સુધી પગ પકડીને ઊભા રહેવાનો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે અને નવ જુદા જુદા દેશોમાં કાર્યક્રમો રજૂ કર્યા છે. ભણવામાં પણ તેઓ તેજસ્વી છે, તેમણે અમેરિકા અને કેનેડાની કોલેજોમાં પ્રવેશ માટે લેવાતી સ્કોલાસ્ટિક એસેસમેન્ટ ટેસ્ટ પરીક્ષામાં ૧૬૦૦ માંથી ૧૫૮૦ ગુણ મેળવ્યા હતા.

હાલમાં જ સ્પર્શે બોસ્ટનની પ્રતિષ્ઠિત બર્કલી કોલેજ ઓફ મ્યુઝિકમાંથી ઈન્ટરડિસિપ્લિનરી મ્યુઝિક સ્ટડીઝમાં સંપૂર્ણ ૪ સીજીપીએ સાથે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યુ છે. તેમનો જન્મ ઓસ્ટિઓજેનેસિસ ઈમ્પરફેક્ટા નામની બીમારી સાથે થયો હતો, જેના કારણે તેમના શરીરમાં ૩૫ ફ્રેક્ચર હતા અને અત્યાર સુધીમાં તેમને ૧૫૦ થી વધુ ફ્રેક્ચર થયા છે. તેમના શરીરમાં આઠ ટાઈટેનિયમ-લોખંડના સળિયા અને ૨૨ સ્ક્રૂ છે. ચાર આંખની

(અનુ. આઠમા પાને)

# સરહદે શાંતિ સ્થપાતા ગુજરાતીઓએ ૨૫૦૦૦ યુનિટ રક્ત એકત્રિત કર્યું

## ઓપરેશન સિંદૂર બાદ સંભવિત મેડિકલ ઈમરજન્સીને પહોંચી વળવા લોકોએ મોટી સંખ્યામાં રક્તદાન કરી દેશપ્રેમ બતાવ્યો

**અબતક, અમદાવાદ**

ઓપરેશન સિંદૂર બાદ ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવને ધ્યાને લઈ મેડિકલ ઈમરજન્સીને ધ્યાને લઈ સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યા હતા. ૮ થી ૧૨ મે સુધીના પાંચ દિવસમાં, રાજ્યએ બ્લડ બેંકો અને એનજીઓએ ૨૫,૦૦૦ યુનિટથી વધુ રક્ત એકત્રિત કર્યું.

રાજ્યમાં રક્તદાન અને બ્લડ બેંકો માટેની નોડલ એજન્સી, ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝનના ડેટા અનુસાર, દરરોજ સરેરાશ ૫,૦૦૦ યુનિટના હિસાબે લગભગ ૨૫,૦૦૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. ૧૧ મેના રોજ, પાકિસ્તાન દ્વારા તીવ્ર ડ્રોન યુદ્ધના દિવસે, ગુજરાતીઓએ ૯,૪૩૯ યુનિટ રક્તદાન કર્યું. સામાન્ય અંદાજ દર્શાવે છે કે ગુજરાતમાંથી સરેરાશ દૈનિક રક્તદાન આશરે ૨,૨૦૦ યુનિટ છે, જે ઉનાળા દરમિયાન ઘટીને લગભગ ૧,૨૦૦ થી ૧,૫૦૦ યુનિટ થઈ જાય છે. આમ, પાંચ દિવસમાં રક્તદાન બે થી ત્રણ ગણું વધ્યું.

જીએસસીબીટીના ડિરેક્ટર ડો. કાર્તિક શાહે જણાવ્યું હતું કે આ રેકોર્ડ રક્તદાન ગુજરાતીઓની રાષ્ટ્રીય હિત માટેના આહવાન પ્રત્યેની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. "રક્તદાનનો વિશાળ જથ્થો બે પાસાઓ માટે મહત્વપૂર્ણ છે - એક, ઉનાળાની ઋતુમાં સામાન્ય રીતે ભારે ગરમી અને રજાઓને કારણે રક્તદાનની



સંખ્યા ઓછી હોય છે; અને બીજું,

(અનુ. આઠમા પાને)

# ઓનલાઈન રોમાન્સ: ખ્વાબો ખયાલોમાં થતો લવ-સેક્સ અને ધોખો

## આજે આ સમસ્યાને કારણે હનીટ્રેપના શિકાર પણ વધ્યા છે: યુવા વર્ગ આંગળીના ટેરવે નવા સંબંધોમાં જોડાય છે: આવા સંબંધોમાં આગળ વધવામાં સાવચેતી રાખવી હિતાવહ: એવી વ્યકિતથી સાવચેત રહો જે લાગણી બતાવવા ઝડપથી આગળ વધે છે

આજકાલ હજારો નવા સંબંધો વર્ચ્યુઅલ દુનિયામાં શરુ થાય છે. આજે તો લગભગ કોઈપણ ઓછામાં ઓછુ એકવાર લોકપ્રિય કેટિંગ એપ પર પ્રોફાઈલ બનાવીને ઓનલાઈન ઓનલાઈન પોતાના સાથી મિત્રની શોધ કરતાં જોવા મળે છે. જેમ જેમ ઈન્ટરનેટ કે સોશિયલ મીડિયામાં સ્કોલ કરો તેમ તમારી રૂચી મુજબ કોન્ટેક થઈ જતાં હોય છે. નવા જોડાણમાં પ્રારંભે પણ વાત શરુ થઈ જાય છે. ઓન લાઈનમાં ઝડપી સંબંધો બંધાય છે, તો જલ્દી તૂટી જાય કે બ્લોક પણ થઈ જાય છે. આજે વિશ્વના ઘણા દેશોમાં ઓન લાઈન રોમાન્સ ડેની ઉજવણી થઈ રહી છે, ત્યારે ઘણા ફ્રોડ અને ચિટીંગના બનાવો પણ વધવા લાગ્યા છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આજનો દિવસ એ ડિજિટલ પ્લેટ ફોર્મ દ્વારા રોમેન્ટિક સંબંધોને પ્રોત્સાહન આપવા માટે છે. એકલા રહેતા સ્ત્રી-પુરૂષ માટે આ સિસ્ટમ આશિર્વાદ રૂપ બની છે, પણ યુવા ધન જયારે આ લતે પડે છે, ત્યારે ઘણીવાર મુશ્કેલીમાં મુકાય છે. પરણિત સ્ત્રી-પુરૂષ ઘણીવાર ગમતા પાત્ર સાથે વાતો કરતા ઝડપાય છે, ત્યારે બન્નેના સંબંધો ભંગાણ પડે છે. નવી વ્યકિતને મળવા કે દોસ્ત બનાવવા શરૂ કરેલ પ્રક્રિયા આગળ વધતા સારા અને નરસા બન્ને પાસા જોવા મળે છે.

આજે સૌ કોઈ પ્રેમ હુંફ અને લાગણીની શોધમાં સતત ૨૪ કલાક ઓનલાઈન કે સોશિયલ મીડિયા પ્લેટ ફોર્મ પર ચકકર લગાવતા જોવા મળે છે. ઘણા ખોટા નામથી ખોલાવેલ પેઈઝ વિગતથી પ્રભાવિત થઈને આગળ વધતા હનીટ્રેપ કે પૈસાના ચિટીંગમાં ફસાય જાય છે. ઘણી લેડીઝ પોતાના ફોટા સાથે મોબાઈલ નંબર પણ આપીને રસ ધરાવતાને વાત કરવા આમંત્રણ આપતી જોવા મળે છે, ઘણા લોભામણી તકનો લાભ લેવા જતાં ફસાય જતા હોય છે. ઈન્ટરનેટ ઓનલાઈન કે સોશિયલ મીડિયા એક સારી બાજુ પણ છે, પણ આજે સૌ તેનો દુર ઉપયોગ કરીને પૈસા પડાવવાનું કામ કરી રહ્યા છે. દરેક મા-બાપે સંતાનોને આ બધાથી દુર રહેવા સલાહ સમજને માર્ગદર્શન આપવું જરુરી છે.




ઓનલાઈન રોમાન્સ ડે પ્રેમની ભાષા ફેલાવવાનો દિવસ છે. તમારી જાતને અને અન્ય લોકોને વિવિધ ભાષાઓમાં 'આઈ લવ યુ' કહેવાનું પણ પ્રોત્સાહિત કરે છે. આ પ્રક્રિયાથી બનેલા પ્રેમ અને જોડાણ બન્નેને સમર્પિત હોય છે, જેમાં રોમેન્ટિક અભિવ્યકિતઓ વિકસે છે, લોકોને મળવા, વાત કરવા, પ્રેમમાં પડવા માટે એક વૈશ્વિક પ્લેટ ફોર્મ પુરુ પાડે છે. ઓનલાઈન રોમાન્સને નાત, જાતના વાડા કે સરહદ નડતી નથી. તે ગમે ત્યારે ગમે ત્યાંથી ત્યાંથી ને ગમે તેને થઈ શકે છે. રોમેન્ટિક સંબંધોને સરળ બનાવવા માટે ડિજિટલ જગ્યાની ભૂમિકા સૌ સ્વીકારે છે. આજે તો પ્રેમ વ્યકત કરવાની આધુનિક રીતોની પણ ઉજવણી થાય છે. ઘણીવાર આવા સંબંધોમાં છોકરા-છોકરી ફસાઈ જતા જોવા મળે છે. ઓનલાઈનના ક્ષેત્રોમાં કેવી રીતે પવિવર્તન લાવવું, પ્રસંશા કરવી અને તેનાથી બનતા જોડાણ અને સંબંધોને ઓળખવાના હોય છે, આજે તો વિદેશની યુવતિ કે યુવક ભારતીય પાત્ર સાથે ઓનલાઈન જોડાણથી લગ્ન પણ કરે છે.

૧૯૬૫માં પ્રથમ ડેટિંગ સેવા, ઓપરેશન મંચ બનાવીને ડિજિટલ ક્ષેત્રમાં પ્રવેશતા ૧૯૯૫ માં મેચ ડોટ કોમનો પાયો નખાયો હતો. આખરે ૨૦૦૦ પછીના દશકમાં તેની વ્યાપક સ્વીકૃતિ થતા ૨૦૨૦ થી આ દિવસ ઉજવવાનું શરુ થયેલું. ડેટિંગનો ખ્યાલ અવિશ્વસનીય રીતે વિકસિત થયો છે. પ્રારંભે ડેટીંગનો અર્થ ટૂંકા, ઘણીવાર સંભાળ રાખનારા, લગ્ન વ્યવસ્થામાં સમાપ્ત થઈ જતો હતો, પણ સમય જતાં જુની કઠોર પ્રણય પ્રથમઓને છોડી દિધીને ડેટિંગ એ એવા લોકો સાથે સંબંધ બનાવવા અને સમય વિનાવવાનો એક રસ્તો બની ગયો, જેમના પ્રત્યે સૌ રોમેન્ટિક રીતે આકર્ષિત થઈ ગયા છે. એકબીજાને જાણવાના માધ્યમ કે કોન્ટેકટ કનેકટના માધ્યમો ઝડપથી વધતા લોકો મધ્ય રાત્રી સુધી કે આખી રાત ચેટીંગ કે વિડીયો કોલમાં જોડાયેલા રહે છે. ૨૦૦૭ અને ૨૦૧૨ નું વર્ષ નવી ડેટિંગ એપ લોન્ચ થતાં પૃથ્વીવાસી ઝડપથી વૈશ્વિકસ્તરના સંબંધોમાં જોડાયો હતો. આવા સંબંધોમાં આગળ વધવા ઘણી સાવચેતી પણ રાખવી જરુરી છે. પ્રેમ કૌભાંડમાં ફસાઈ ન જવાય માટે ઓનલાઈન નવા લોકો સાથે વાતચીત કરવામાં ધ્યાન કે સાવચેતી રાખવી, વધતું ચલણ પણ નેટવર્ક ને કારણે

### લોકો હવે વિશ્વભરમાં અન્ય વ્યકિતઓને પહેલા કરતાં વધુ સરળતાથી મળી શકે છે

ઓનલાઈન પ્રેમમાં પડવાની કે ઓનલાઈન પ્રેમ વ્યકત કરવાની પ્રથા આજકાલ સામાન્ય થઈ જતાં યુવા ધન અન્ય સાથે ઝડપથી સંબંધ બાંધી લેતા હોય છે. સોશિયલ મીડિયા પ્લેટ ફોર્મ, ઈન્સ્ટન્ટ મેસેજિંગ અને ઓનલાઈન ડેટિંગ પ્લેટ ફોર્મની શોધ સાથે મોટાભાગના લોકો માટે પ્રેમ ફકત એક કિલઝ દૂર છે. અને તેની મીટ કયુટની વાર્તાઓ ભરપુર છે. આજના યુગમાં અન્ય વ્યકિતઓને પહેલા કરતાં ઘણી સરળતાથી કોન્ટેક થઈ શકે છે.



એવી વ્યકિતઓથી દુર રહો જે લાગણીઓ વ્યકત કરવા ઝડપથી આગળ વધે છે. મોટા ભાગે સંબંધના પ્રારંભે જ નાણાકીય મદદની વિનંતી આવે છે. આજનો યુવા વર્ગ સતત પ્રેમ શોધમાં વ્યકત હોય છે. ત્યારે કોઈકના સારા મેસેજ કે ફોટાથી આકર્ષાય ને આગળ વધી જાય છે. આજના મા-બાપોને સંતાનોની સતત ચિંતા થાય છે, કે ઓનલાઈન કંઈક અજુગતું તો નહી બને ને આજે કોન્ટેક કરવા સરળ થઈ જતાં ઝડપથી એકબીજાની નીકટ આવી જતાં રોમાન્સમાં પલટી જાય છે. લગ્નોતર સંબંધોનું આ ઓનલાઈન કે સોશિયલ જ છે.

**એક બીજાને જાણવા-કનેકટર રહેવા કે કોન્ટેકટ કરવાના માધ્યમો ઝડપથી વધી રહ્યા છે: ૨૦૧૨ પછી ઓનલાઈન ડેટિંગનો વધારો થતાં આપણે વૈશ્વિક સ્તરે સંબંધો બાંધવા લાગ્યા: શોર્ટ મેસેજથી શરૂ થયેલ ચેટિંગ વીડિયો કોલ સુધી પહોચતા આમને સામને રોમાન્સ થવા લાગે છે: ૨૦૨૦થી આજના દિવસે ઓનલાઈન રોમાન્સ દિવસ ઉજવાય છે**

# આળસ અને નિષ્ક્રિયતા મનુષ્યને નિરાશા અને અસફળતા તરફ દોરી જાય છે

## નિવૃત્તિ જીવનનો વિરામ નથી પણ નવી શરૂઆત છે

**ચિંતનની પાંખે**



**વિઠ્ઠલભાઈ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

માનવ જીવનની સફળતા માટે અનેક ગુણ જરૂરી હોય છે.પરંતુ તેમાં પ્રવૃત્તિ અર્થાત એક્ટિવિટી કે કાર્યશીલતા એ એક અગત્યનું સ્થાન ધરાવે છે. પ્રવૃત્તિ એટલે કોઈ કાર્યમાં સતત લાગી રહેવું. કામથી દૂર ન ભાગવું અને જીવનને ગતિશીલ બનાવવું. માનવ જીવનમાં પ્રવૃત્તિ એ પ્રાણ વાયુ સમાન છે કારણ કે એ ના હોય તો જીવન નિર્જીવ અને નિરર્થક બની જાય છે.

પ્રકૃતિ તરફ જો નજર દોડાવીએ તો દરેક તત્વ પ્રવૃત્તિમય જ દેખાય છે.સૂર્ય ઊગે છે. ચંદ્ર ઊગે છે. નદીઓ વહે છે. પવન ફૂંકે છે અને વૃક્ષો ઉગે છે. આ બધાં પ્રવૃત્તિના જીવંત ઉદાહરણ છે. જો આ તત્વો સ્થિર થઈ જાય તો દુનિયાની વ્યવસ્થા જ બગડી જાય.વિચારો કે સૂર્ય પોતાના નિત્યક્રમ મુજબ ઊગીને ગતિ ન કરે તો આ વિશ્વમાં કેવી પરિસ્થિતિ સર્જાય ? એ કલ્પના માત્રથી જ ધ્રુજી જવાય છે. નદીઓ વહેતી ન હોય તો ? આ પૃથ્વી પર વૃક્ષો જ ન હોત તો ? આમ દરેક તત્વની પ્રવૃત્તિ એ મનુષ્ય જીવનનું પ્રેરકબળ છે.જો આપણે આ દરેક તત્વોની પ્રવૃત્તિને જીવનમાં ઉતારીએ તો મનુષ્ય જીવનમાં પ્રવૃત્તિ બાબતની કોઈ સમજણ જ આપવાની રહેતી નથી.ખાટલે મોટી ખોડ એ રહી છે કે સૌ કોઈ મનુષ્ય આ જુએ છે, જાણે છે,સમજે છે તેમ છતાં પોતાના જીવનમાં આળસ ખંખેરીને પ્રવૃત્તિમય બનવાની તત્પરતા જોવા મળતી નથી. માનવ જીવનમાં સ્થિરતા કે આળસ પ્રવેશી જાય તો જીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. પ્રવૃત્તિ વગર વ્યક્તિ માત્ર એક શારીરિક આકાર બની રહે છે. જેને વિકાસના માર્ગે આગળ વધવું શકય નથી બનતું. પ્રવૃત્તિશીલ વ્યક્તિ સદાય કાર્યમાં લાગી રહે છે. તે નવા વિચારોને આત્મસાત કરે છે. અવરોધોનો સામનો કરે છે અને સફળતાની નવી ઊંચાઈ સુધી પહોંચે છે. ઈતિહાસ એનો સાક્ષી રહ્યો છે કે મહાન વૈજ્ઞાનિકો,લેખકો અને સમાજસેવી લોકોએ સતત પરિશ્રમ અને પ્રવૃત્તિ દ્વારા જ માનવ જાતિ માટે ખૂબ મોટું કામ કર્યું છે.મહાત્મા ગાંધી, અબ્દુલ કલામ, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા અનેક મહાપુરુષોએ સતત પ્રવૃતિ અને પરિશ્રમ કર્યો છે. તેઓ આજે પણ સમાજ માટે પ્રેરણારૂપ છે. સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરુષ તો અલ્પાયુમાં આભને આંબે એવું કામ કરી ગયા. આ બધા સમાજના પ્રેરણા સ્રોત છે.આળસ અને નિષ્ક્રિયતા મનુષ્યને નિરાશા અને અસફળતા તરફ દોરી જાય છે, જ્યારે પ્રવૃત્તિ મનુષ્યને રોજ નવી તક આપે છે. પ્રવૃત્તિમય વ્યક્તિ સમયનો સાચો ઉપયોગ કરે છે, જ્યારે આળસુ વ્યક્તિ સમય વેડફી નાખે છે.પ્રવૃત્તિ જીવનમાં આનંદ,ઉત્સાહ અને ઊર્જા લાવે છે. જે વ્યક્તિ કાર્યશીલ રહે છે તેમના મનોબળ અને આત્મવિશ્વાસમાં વધારો થાય છે. વર્તમાન સમય સ્પર્ધા અને ઝડપનો સમય છે. જ્યારે તકનો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે પ્રવૃત્તિશીલ રહેવું વધુ જરૂરી બન્યું છે.માત્ર ભણતર પર્યાપ્ત નથી પણ દરેક ક્ષેત્રે સતત પ્રયત્ન અને કાર્યશીલતા જરૂરી છે. વિદ્યાર્થી હોય કે વ્યવસાયિક,ગૃહિણી હોય કે શ્રમિક દરેક માટે પ્રવૃત્તિ એ જીવન મંત્ર છે. વિશ્વમાં જે લોકો મહાન બન્યા છે એ બધા પોતાને પ્રવૃતિ થકી જ ઓળખ ઊભી કરી શક્યા છે. ઉદાહરણ તરીકે વિશ્વના મહાન ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણીએ પોતાની કારકિર્દીની શરૂઆત પેટ્રોલ પંપના સામાન્ય ફિલરમેનથી શરૂ કરીને સતત પ્રવૃત્તિ અને મહેનતથી રિલાયન્સ કંપનીની સ્થાપના કરી, વિશ્વના શ્રેષ્ઠ ઉદ્યોગપતિઓમાં પોતાનું સ્થાન ઊભું કર્યું. તેમનું જીવન જ દર્શાવે છે કે પ્રવૃત્તિથી કોઈપણ સપનાંને સાકાર કરી શકાય છે. ડો.એ.પી.જે અબ્દુલ કલામે વિજ્ઞાનના ક્ષેત્રમાં સતત કાર્યશીલ રહીને ભારતના મિસાઈલ મેન બન્યા. રાષ્ટ્રપતિ તરીકે પણ સેવા આપી. તેમનું જીવન પ્રવૃત્તિનું જ્વલંત ઉદાહરણ છે. પ્રવૃત્તિ બાબતે ઘણાં ઉદાહરણ આપી શકાય. સમજો કે એક ગૃહિણી દિવસભર ઘરના તમામ કામ કરે છે. કુટુંબના સુખદ જીવન માટે સતત કાર્યશીલ રહે છે.ખેડૂત સવારથી સાંજ સુધી ખેતરમાં મહેનત કરે છે. ઠંડી, ગરમી કે વરસાદને ગણકાર્યા વગર પોતાના ખેતરમાં સતત પ્રવૃત્તિમાં રહે છે.તેની પ્રવૃત્તિથી જ અન્નનું ઉત્પાદન થાય છે. આ બધાં ઉદાહરણો દર્શાવે છે કે જીવનમાં દરેક ક્ષેત્રે પ્રવૃત્તિ જરૂરી છે, પછી ભલે તે શિક્ષણ હોય,વ્યવસાય હોય,વિજ્ઞાન હોય કે ઘરેલું જીવન હોય, દરેક પરિસ્થિતિમાં કાર્યશીલતા સફળતા તરફ દોરી જાય છે. વર્તમાન સમયમાં નિવૃત્તિનો અર્થ એવો કરવામાં આવી રહ્યો છે કે નિવૃત્તિ એટલે બસ આરામ.ખાવું પીવું અને મોજ કરવાની, આ સિવાય કંઈ નહીં કરવાનું. હકીકતમાં નિવૃત્તિનો અર્થ માત્ર નોકરીમાંથી નિવૃત્ત થવાનો હોય છે, જીવનમાંથી નહીં.નિવૃત્તિ પછી વ્યકિત પાસે પોતાનો સમય,અનુભવ અને ક્ષમતા હોય છે, જેને સમાજના હિત માટે ઉપયોગ કરી શકાય છે.શિક્ષણ ક્ષેત્રે નિવૃત્ત શિક્ષકો ગામડામાં જઈને બાળકોને મફત ભણાવવાનું કાર્ય પણ કરી શકે છે. તેમના અનુભવથી બાળકોને સારી દિશા મળે છે.નિવૃત્ત સરકારી કર્મચારીઓ કે અન્ય નિષ્ણાત નિવૃત્ત લોકો એનજીઓ, અનાથાલયો કે વૃદ્ધાશ્રમોમાં સેવાભાવથી કામ કરી શકે છે.પોતાના જીવનની કુશળતા અને આવડત સમાજને પાછી આપી શકે છે.લેખન અને પ્રવચન દ્વારા પણ યુવા વર્ગ અને સમાજ માટે માર્ગદર્શન આપવાનું કાર્ય થઈ શકે છે. નિવૃત્તિ જીવનનો વિરામ નથી પણ નવી શરૂઆત છે.પ્રવૃત્ત નિવૃત્ત લોકો આજના યુગમાં જીવંત પુસ્તક સમાન છે. તેઓ સમાજને બોધ આપે છે કે જ્યાં સુધી શ્વાસ છે, ત્યાં સુધી પ્રયાસ હોવો જોઈએ. પ્રવૃત્તિએ જીવનનો સાર છે.તે આપણને નિષ્ઠા, ધૈર્ય અને ધ્યેયબદ્ધ જીવન જીવવાનું શીખવે છે.પ્રવૃત્તિ વગરનું જીવન એક પડછાયા જેવું છે. નજરે તો પડે પણ જીવંત નથી.તેથી દરેક મનુષ્યએ પોતાના જીવનમાં પ્રવૃત્તિશીલ રહેવું જોઈએ.




# અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા ત્રણ આર.ઓ. પ્લાન્ટ ભૂજમાં બી.એસ.એફ. બટાલિયન ૬૮ને અર્પણ

**અબતક,રાજકોટ**

રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અનેક સેવાના પ્રકલ્પો સર્જનારા અર્હમ યુવા સેવા ગૃપ - મુંબઈ દ્વારા બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ-૬૮), મુન્દ્રા રોડ, કચ્છ પર આવેલ મુખ્ય કાર્યાલય, બોર્ડર પર દુર્ગમ વિસ્તાર હોવાથી મીઠાની ચાદરથી ઢંકાઈલો રહે છે, જ્યાં હજી પીવા લાયક શુદ્ધ પાણીની પણ વ્યવસ્થા નથી, ત્યાં બેઝ કેમ્પ, ચોકીઓ પર યુદ્ધ જેવી કપરી પરિસ્થિતિમાં આપણા જવાનો દેશની રક્ષા કાજે ફરજ બજાવી રહ્યા છે ત્યારે ત્યાં ૨૦૦૦ ટી.ડી.એસ.નું પાણી પીવા લાયક નથી, આ પાણીને શુદ્ધ કરવા માટે અને જવાનોને શુદ્ધ અને સ્વચ્છ જળ પીવા માટે મળી રહે તે માટે ૨૫૦ લીટરની ક્ષમતાવાળા કુલ ૩ આર.ઓ. પ્લાન્ટ બી.એસ.એફ.નાં બટાલિયન ૬૮ના કમાન્ડર નીતીન પંથરી અને મેજર સુબેદાર નિર્મલ શર્માને જવાનોની સેવા અર્થે અર્પણ કરવામાં આવ્યા હતા. પોતાના તન-મનથી દિવસ રાત દેશસેવા કાજે યોગદાન આપનારા આપણા જાંબાજ સૈનિકો માટે અર્હમ યુવા સેવા ગ્રુપના આ પ્રેરણાત્મક સેવાકાર્યની સર્વત્ર પ્રશંસા કરવામાં આવી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૪-૦૫-૨૦૨૫ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૨૦ ગુજરાતી મુવી (ગોળ કેરી)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચન્કી ડ્રેગન પોટેટો)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ગાયનેકોલોજિસ્ટ ડો.દીપા મણિયાર)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સાચા બોલા જુઠાલાલ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૫-૦૫-૨૦૨૫ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧૫-૫-૨૦૨૫ ગુરૂવાર

| | | | |
|---|---|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ | **શાલીવાહન શકિ:** | ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ | | |
| **તિથી** | વૈશાખ વદ ત્રીજ વિછુડો બપારે ૨.૦૮ સુધી | | |
| **નક્ષત્ર** | જયેષ્ઠા | | |
| **યોગ** | શિવ | **કરણ:** | વણિજ |
| **સુર્યોદય** | ૬.૦૯ | **સુર્યાસ્ત:** | ૭.૧૯ |
| **ચંદ્ર રાશી** | વૃશ્ચિમ બપોરે ૨.૦૮થી ધન | | |
| **રાશિ અક્ષર** | ન.ય/ ભ.ફ.ધ | | |
| **દિશાશૂળ** | દક્ષિણ દિશા તરફ | | |
| **રાહુકાળ** | બપોરે ૧.૩૦ થી ૩ | | |
| **દિવસનાચોઘડીયા** | શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ | | |
| **રાત્રીનાચોઘડીયા** | અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત | | |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦ | | |

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -03

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૯ | | | | ૩ | |
| ૨ | | | | | | ૫ | ૮ | |
| | ૭ | | | | ૩ | | | |
| | | | ૩ | ૭ | | | | |
| ૪ | ૩ | | | | ૧ | | | |
| | | | ૨ | | | | ૯ | |
| | | ૨ | | ૯ | | | | |
| | ૯ | | | | | ૭ | | |
| | | | ૬ | ૧ | ૪ | | | ૮ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3X3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૦૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૬ | ૫ | ૯ | ૪ | ૩ | ૭ | ૮ |
| ૩ | ૭ | ૯ | ૬ | ૮ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૫ | ૮ | ૪ | ૩ | ૨ | ૭ | ૬ | ૧ | ૯ |
| ૬ | ૫ | ૨ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ | ૧ |
| ૮ | ૪ | ૩ | ૯ | ૧ | ૬ | ૭ | ૫ | ૨ |
| ૭ | ૯ | ૧ | ૨ | ૫ | ૩ | ૮ | ૪ | ૬ |
| ૪ | ૬ | ૮ | ૧ | ૩ | ૫ | ૨ | ૯ | ૭ |
| ૯ | ૩ | ૭ | ૪ | ૬ | ૨ | ૧ | ૮ | ૫ |
| ૨ | ૧ | ૫ | ૮ | ૭ | ૯ | ૪ | ૬ | ૩ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૫.૫.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ વદ ત્રીજ, જયેષ્ઠા નક્ષત્ર, શિવ યોગ, વણિજ કરણ આજે બપોરે ૨.૦૭ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) ત્યારબાદ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** આંતરિક સંબંધોમાં સારું રહે, મતભેદ નિવારી શકો, વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક (ડ,હ) :** નિયમિત જીવનપદ્ધતિથી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પરથી શીખવું પડે.

**સિંહ (મ,ટ) :** વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ. સ્ત્રીવર્ગને પણ સારું રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** પરિવાર સાથે આનંદ માણી શકો,દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા (ર,ત) :** નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા શોખ માટે સમય ફાળવી શકો, મનથી હળવાશ અનુભવી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર (ખ,જ) :** બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ (ગ,સ,શ) :** મિત્રો સાથે આનંદ માણી શકો, ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થહતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ, નોકરિયાતવર્ગને સારું રહે, ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

## શ્રી ચક્રના લલિતા મહા ત્રિપુરા સુંદરીનું નિવાસસ્થાન છે

હાલ આપણે દૈવી સાધનામાં શ્રી વિદ્યા સાધના પર વાત કરી રહ્યા છીએ જેના દેવી છે માં ત્રિપુરા સુંદરી જે દશ મહાવિદ્યામાંની એક વિદ્યા છે અને ખુબ ગહન સાધના છે જેમાં શ્રી ચક્રનું વિશેષ મહત્વ છે અને આ શ્રી ચક્ર ગુપ્ત રહસ્યોથી ભરપૂર છે. શ્રી ચક્ર સાધના એ દેવી ઉપાસનાનું અત્યંત ગુપ્ત, પાવન અને શકિતશાળી સાધનાત્મક માર્ગ છે, જે ખાસ કરીને શ્રી વિદ્યા પરંપરામાં મહત્વ ધરાવે છે. શ્રી ચક્રને શ્રી યંત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે અને તેને સર્વ યંત્રોમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે યંત્રરાજ કહેવમાં આવે છે.શ્રી ચક્ર એ એક યંત્ર છે, જેમાં ત્રિકોણો, વર્તુળો અને કમળની પાંદડીની વિશિષ્ટ રચના હોય છે. તેની રચના નવ આવરણ દ્વારા થાય છે. દરેક અવરણમાં અલગ અલગ દેવી શકિતઓનું નિવાસ માનવામાં આવે છે. શ્રી ચક્રના કેન્દ્રમાં બિંદુ છે, જયાં શ્રેષ્ઠ માતા લલિતા મહા ત્રિપુરા સુંદરીનું નિવાસ છે. અહીં શિવ-શકિતનું ઐક્ય દર્શાવવામાં આવે છે અને સાધકે સાધના દરમિયાન આ રહસ્યમય ચક્રમાં થી બિંદુ સુધી પહોંચવાનું હોય છે જે બિંદુમાં સિંધુ છે અમૃતનો સાગર છે જે રીતે હિરણની નાભિમાં કસ્તુરી છે એ જ રીતે શ્રીચક્રની નાભિમાં અમૃતસાગર છે!શ્રી ચક્ર સાધના દ્વારા સાધકને દૈવી કૃપા, આધ્યાત્મિક ઉન્નતિ, ધન, આરોગ્ય, સંબંધોમાં સુમેળ અને જીવનમાં સર્વાંગી વિકાસ પ્રાપ્ત થાય છે.આ સાધનામાં નવ અવરણમાંથી એક પછી એક આગળ વધવું પડે છે, જ્યાં અંતે બિંદુ સુધી પહોંચવું એ અંતિમ લક્ષ્ય છે જેના માટે શ્રી સુક્તમ રહસ્ય અને માં ત્રિપુરા સુંદરી સહસ્રનામ એટલે કે લલિત સહસ્રનામને ઊંડાણપૂર્વક ભાવથી સમજવા જરૂરી બને છે સાથે સાથે શ્રી ચક્રમાં આવતા ત્રિકોણ શું કહેવા માંગે છે વર્તુળ શું કહેવા માંગે છે કમાલની પાંદડી શું સંકેત આપે છે અને બિંદુ શું કહે છે તે ભાવાત્મક રીતે અને બ્રહ્માંડની ભાષામાં સમજવું રહ્યું!!



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

# "ભારત માતા કી જય": તિરંગા યાત્રા થકી રાજકોટમાં ઘુંટાયો દેશભક્તિનો રંગ





## 'ઓપરેશન સિંદુર' કરોડો ભારતવાસીઓની ભાવનાનું પ્રતિક: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

**અબતક, રાજકોટ**

'ઓપરેશન સિંદૂર' અને ત્યારબાદ પાકિસ્તાન સામેની લડાઈમાં ભારતીય સૈનિકો દ્વારા દાખવવામાં આવેલી શૌર્યતાને વંદન કરવા દેશભરમાં તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ગઈકાલે અમદાવાદ ખાતે તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં બહોળી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા. દરમિયાન આજે રાત્રે રાજકોટમાં 'ભારત માતા કી જય'ના નાદ સાથે વિશાળ તિરંગા યાત્રા યોજાશે.

જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા માં ભારતીને તથા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા દેશભરમાં ૨૩ મે સુધી રાષ્ટ્રવ્યાપી તિરંગા યાત્રા યોજાઈ રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારતીય સેનાનાં આ પરાક્રમને બિરદાવવા અમદાવાદ મહાનગરપાલિકા અને વિવિધ સંગઠનો દ્વારા આયોજિત ભવ્ય તિરંગા યાત્રાને વાડજ વિસ્તારમાં આવેલા વ્યાસવાડી-ભગવાન પરશુરામ પ્રતિમા પાસેથી ફ્લેગ ઑફ કરાવી હતી. મુખ્યમંત્રી ભારતીય તિરંગા સાથે આ તિરંગા પદયાત્રામાં સહભાગી થયા હતા.

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, 'ઓપરેશન સિંદૂર' કરોડો ભારતવાસીઓની ભાવનાનું પ્રતિબિંબ છે. 'ઓપરેશન સિંદૂર' દ્વારા ભારતીય સેનાએ આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો છે. આ આતંકવાદ સામે ભારતની લડાઈની એક જ્વલંત સફળતા છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, પાકિસ્તાન પ્રેરિત આતંકીઓ અને તેમના આકાઓને તેમની જ જમીન પર ધૂળ ચાટતા કરીને ભારતે પહલગામ આંતકવાદી હુમલાનો બદલો લીધો છે. એટલું જ નહિ, આખું વિશ્વ ભારતના સૈન્ય અને એરફોર્સની ક્ષમતા અને બહાદુરીથી અચંબિત થયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આ ઘટનાઓથી રાષ્ટ્રહિત સર્વોપરિનો ભાવ જાગી ઉઠ્યો છે. એટલું જ નહિ, આપણા સૈન્યએ તિરંગાનું ગૌરવ અને સન્માન વધાર્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હંમેશા કહે છે કે, તિરંગો દેશના લોકોને એક સાથે જોડે છે. આ તિરંગા યાત્રા પણ આપણને એકતાના સૂત્રમાં બાંધી રાખીને રાષ્ટ્રહિત પ્રથમના ભાવને જાળવી રાખતો ખૂબ મહત્વનો અવસર છે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું કે, આ તિરંગા યાત્રા એ દેશની એકતા, અખંડિતતા જાળવવાની સાથે આપણી સેનાનું મનોબળ વધારતી યાત્રા છે. તેમણે

(અનુ. આઠમા પાને)



## ઓપરેશન સિંદૂરની સફળતાને સલામી આપવા રાજકોટવાસીઓ ઉમટ્યાં

ઓપરેશન સિંદૂર દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ભારતીય સેનાના વીર અને બહાદુર જવાનો દ્વારા અદ્વિતીય પરાક્રમનો પરચો બતાવી ભારતની સરહદપાર કરી આંતકીઓ અને આંતકવાદને હંમેશા પ્રોત્સાહન અને પીઠબળ પુરૂ પાડતાં પાકિસ્તાનની સરહદમાં છેક અંદર સુધી ધૂસી આંતકીઓના આશ્રય સ્થાનો અને તાલીમ કેમ્પોને એરસ્ટ્રાઈક દ્વારા ધ્વસ્ત કરી દેવા અને ત્યારબાદ પાકિસ્તાનના વિવિધ એરબેઝોનો પણ નાશ કરી દેવામાં આવ્યો છે. રાજકોટ શહેર રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા એક તિરંગા યાત્રાનું આયોજન આજે સાંજે ૫.૩૦ કલાકે બહુમાળી ભવન ચોક ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી શરૂ કરી જયુબેલી બાગ ખાતે આવેલ પૂ.મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે પૂર્ણ થાય તે રીતે કરવામાં આવ્યું છે. આ તિરંગા યાત્રામાં રાજકોટ શહેરના સૌ દેશપ્રેમી નાગરિકોને જોડાવવા અને દેશના વીર જવાનોની બહાદુરીને બિરદાવવા અને સલામી આપવા નમ્ર અપીલ અને અનુરોધ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય એકતા સમિતિ આયોજીત આ ''તિરંગાયાત્રા'' ની અંગેની માહિતી આપતાં સમિતિના સંયોજક શૈલેષભાઈ જાની, અનુમપભાઈ દોશી, અજયભાઈ પટેલ, સુનિલભાઈ વોરા અને વિરાભાઈ હૂંબલએ જણાવ્યું છે કે આ તિરંગા યાત્રામાં રાજકોટ શહેરના સાધુ સંતો, સમાજના આગેવાનો, ઉધોગપતિઓ, વેપારીઓ, વિવિધ એસોશીએશન, એનજીઓ, પ્રબુધ્ધ નાગરિકો સહિત વિવિધ સંસ્થા સાથે જોડાયેલા આગેવાનો આ તિરંગા યાત્રામાં જોડાશે. આ તિરંગા યાત્રામાં જોડાવા માટે રાજકોટના સાંસદસભ્યઓ, ધારાસભ્યઓ, મહાનગરપાલિકના ચૂંટાયેલા પ્રતિનિધીઓ સહિત રાજકીય ક્ષેત્રના વર્તમાન અને ભૂતપૂર્વ વરિષ્ઠ આગેવાનોને પણ નિમંત્રણ આપવામાં આવ્યું છે,આ તિરંગા યાત્રામાં જોડાનાર સૌ કોઈ આગેવાનોના સ્વાગત અને ફુલહાર, અભિવાદન માટે એક વિશાળ સ્ટેજ બનાવવામાં આવેલ છે. બહુમાળી ભવન ચોકથી શરૂ કરી યાત્રા પૂર્ણ થવાના સ્થાન જયુબેલી સુધીના રૂટમાં વિવિધ જગ્યા અને ચોક ઉપર તિરંગા સાથેની કમાનોથી સુશોભન પણ કરવામાં આવ્યું છે, જે અનેરૂ આકર્ષણ બની રહેશે. ૨૦૦ ફુટના વિશાળ તિરંગા સાથે મહિલાઓ જોડાશે. નાસિક ઢોલ અને બેન્ડ, દેશ ભકિતની શૂરાવલી સાથે ડી.જે. સહિત

(અનુ. આઠમા પાને)

# ભારતની તાકાત સાબિત કરવાના સમયે ત્રીજા દેશની મધ્યસ્થી સ્વીકારવી તે મૂર્ખામી: ઈન્દ્રનીલ રાજ્યગુરૂ

## પત્રકાર પરિષદમાં પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ શહીદ જવાનોને હૃદય પૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવી




તસવીર: શૈલેષ વાડોલિયા



**અબતક, રાજકોટ**

આજરોજ રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે તાજેતરમાં શહીદ થયેલા દેશના વીર જવાનોને કોંગ્રેસ સમિતિના શહેરના જાગનાથ પ્લોટ ખાતેના કાર્યાલયે તમામ આગેવાનો દ્વારા હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ, પુષ્પાંજલિ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજકોટ શહેરના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલભાઈ રાજયગુરુ દ્વારા કોંગ્રેસ કાર્યાલય ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. પત્રકારોને સંબોધતા રાજગુરુ એ સૌ પ્રથમ શહીદ વીર જવાનોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવતા જણાવ્યું હતું કે દેશ પૂછે છે ભારતીયો જાણવા માંગે છે. લશ્કરના બહાદુરો તૈયાર હતા. શેના મજબૂત હતી તો દેશનો ૫૬ ઈંચની છાતી ધરાવનાર ચોકીદાર કેમ પાછો પડ્યો ?લશ્કર અને સેનાપતિઓ અને સેનાનો દરેક જવાન તૈયાર હતો દેશના દરેક નાગરિકો, આતંકવાદીઓએ કરેલા હુમલામાં મૃત્યુ પામેલા પરિવારજનો સાથે ઉભા હતા સમગ્ર દેશ સરકાર સાથે કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા એકદમ લીડર થઈને ઉભો હતો. દરેક દેશવાસીઓની લાગણી હતી કે દુશ્મન દેશને ક્યારેય ભૂલી ન શકે એવી સજા થવી જોઈએ આતંકીઓના સહયોગીને છઠ્ઠીનું ધાવણ યાદ આવી જાય એવી આક્રમક પ્રતિક્રિયા સરકારે આપવી જોઈએ દેશને ૫૬ ઈંચની છાતી ધરાવતા વડાપ્રધાન મળ્યા હતા પરંતુ અફસોસ કે દરેક લોકો તૈયાર હતા પણ તે ચોકીદારની ૫૬ ઈંચની છાતીના પાટીયા ભિસાઈ ગયા. દેશના દરેક લોકો કહેતા હતા કે પાકિસ્તાન બે ભાગલા કરી નાખો પરંતુ તેમને તો શસ્ત્રો હેઠા જ મૂકી દીધા અને શસ્ત્ર વિરામ સ્વીકારી લીધું સિંદૂર ની વાત કરી દેશની લાગણી જીતી લીધી અને પાકિસ્તાનને જાણે કે પૃથ્વી પરથી ભુસી નાખવી હોય એ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું પરંતુ હકીકતમાં તો ત્યાંની ત્યાં જ રહી.. પ્રતિશોધ માટે ભારત દેશ એ કરેલા વળતા હુમલાઓમાં ફરીથી દેશના બીજા સેનાના જવાનો શહીદ થયા તેમના પરિવારો પણ રોષ પૂર્વક આખરી કાર્યવાહી કરવા માંગતા હતા પરંતુ એમણે તો શસ્ત્ર વિરામ સ્વીકાર્યો એનું દુ:ખ એ દરેક સહિત પરિવારોને છે. પહેલગામમાં જીવ ગુમાવેલ નિર્દોષ નાગરિકોને નિર્મમ રીતે હત્યા કરનારા આતંકવાદીઓ હજી પણ ભારત સરકારને મળ્યા નથી દેશમાં દુશ્મનો દેશના નાગરિકો અને જવાનોને મોતના મુખમાં હોમી રહ્યા છે આવી વિકટ પરિસ્થિતિમાં વડાપ્રધાન ચૂંટણીની રેલીઓમાં જવાનું અને ત્યાં જઈને સભાઓ કરવાનું કેવી રીતે યાદ આવે. ? ભાજપ સાથે તમામ રાજકીય પક્ષો હતા ત્યારે પૂર્વ

(અનુ. આઠમા પાને)

# જાતિના દાખલા કઢાવવા અરજદારોની ભારે ભીડ: તંત્રની સુચારૂ વ્યવસ્થા

## ગરમીમાં રાહત માટે મંડપ અને કુલરની વ્યવસ્થા ફોર્મ ભરવા વધારાની બારીઓ અને હેલ્પ ડેસ્ક કાર્યરત, ટ્રાફિકના કારણે અરજદારને મુશ્કેલી પરંતુ વ્યવસ્થાને સારો પ્રતિસાદ

**અબતક, રાજકોટ**

શાળાની પરીક્ષાઓનાં પરિણામો જાહેર થયા બાદ હવે વેકેશન શરૂ થયા છે વિદ્યાર્થીઓ અને વાલીઓનો વિવિધ પ્રમાણપત્રો અને દાખલાઓ કઢાવવા માટે ધસારો જોવા મળી રહ્યો છે. ત્યારે બહુમાળી ભવનમાં અરજદારોનો ધસારો વધી ગયો છે. દરરોજ ૩૦૦થી વધુ દાખલા કાઢવામાં આવે છે. અરજદારોને ધોમ ધખતા તડકામાં રાહત મળે તે માટે મંડપ બાંધવામાં આવ્યા છે. તેમજ ફોર્મ ભરવાની બારી પર લાગેલી કતારામાં ઉભેલા લોકોને ગરમીમાં રાહત મળે તે માટે ચાર કૂલર પણ મૂકવામાં આવ્યા છે. સાથે જ પાણીની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. ફોર્મ ભરવાની બારીમાં પણ વધારો કરવામાં આવ્યો છે. જેથી લોકોને દાખલો સરળતાથી મળી રહે. તેમજ સ્ટાફ દ્વારા ફોર્મ વિતરણ કરવાના ટેબલની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વધુમાં, એક હેલ્પ ડેસ્ક પણ બનાવવામાં આવ્યું છે અને હાલમાં ૧૦થી વધુ કર્મચારીઓ કાર્યરત છે. આ વ્યવસ્થા જ્યાં સુધી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ નહીં થાય ત્યાં સુધી યથાવત રાખવામાં આવશે.

જો કે, ભારે ટ્રાફિકના કારણે અરજદારોને લાંબો સમય સુધી કચેરીમાં રોકાવું પડી રહ્યું છે, જે તેમના માટે મુશ્કેલી ઊભી કરી રહ્યું છે. તેમ છતાં તેઓ વર્તમાન વ્યવસ્થાને સારી ગણાવી રહ્યા છે. આમ, કોલેજ પ્રવેશના ધસારા વચ્ચે અરજદારોને પડતી મુશ્કેલીઓને દૂર કરવા માટે તંત્ર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા મોટા ભાગના અરજદારો માટે રાહતરૂપ સાબિત થઈ રહી છે.





તસવીર: શૈલેષ વાડોલિયા

### પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યવસ્થા યથાવત રહેશે: સમાજ કલ્યાણ દાખલા અધિકારી



અબતક સાથેની વાતચીતમા સમાજ કલ્યાણ દાખલા અધિકારી / ઈન્ચાર્જ જિલ્લા નાયબ નિયામક પીરોજીયા શીતલએ જણાવ્યું હતું કે ધોરણ ૧૦ અને ૧૨નું પરિણામ જાહેર થયા બાદ કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. અરજદારોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

જેમાં બહાર મંડપ, પાણીના કેરબા અને ઠંડક માટે કુલરની વ્યવસ્થા કરવામાં આવી છે. વધુમાં, ફોર્મ ચેક કરવા માટે ત્રણ વધારાની બારીઓ ઊભી કરવામાં આવી છે, જ્યાં અરજદારોના ફોટા પાડવામાં આવે છે અને તેમની એન્ટ્રી કરવામાં આવે છે. એક હેલ્પ ડેસ્ક પણ બનાવવામાં આવ્યું છે. હાલમાં ૧૦થી વધુ કર્મચારીઓ કાર્યરત છે અને તમામ સ્ટાફ સમયસર હાજર રહે છે, જેથી અરજદારોને કોઈ તકલીફ ન પડે. જ્યાં સુધી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ નહીં થાય ત્યાં સુધી આ વ્યવસ્થા યથાવત રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, નોન-ક્રિમીનલ (બિન-અનામત વર્ગમાં જે ઉન્નત વર્ગમાં નથી આવતા), બિન-અનામત વર્ગના દાખલા અને ધાર્મિક લઘુમતીના દાખલા સંબંધિત કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત, નોન-ક્રિમીનલ દાખલાની કામગીરી મામલતદાર કચેરી અને કલેક્ટર કચેરીના જન સેવા કેન્દ્રમાં પણ ચાલુ છે.

### તંત્ર દ્વારા કરાયેલી વ્યવસ્થાઓ વખાણવા લાયક: અરજદાર



અબતક સાથેની વાતચીતમા અરજદાર આરવે જણાવ્યું હતું કે આ વર્ષે તંત્ર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા ખૂબ જ સારી છે. બેસવા માટે પણ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. વર્તમાન સમયમાં ગરમીને ધ્યાનમાં રાખીને કચેરી દ્વારા પીવાના ઠંડા પાણી સાથે બેસવાની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. અરજદારે વધુમાં જણાવ્યું હતું કે અહીંના અધિકારીઓ પણ અરજદારોને તેમના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપી રહ્યા છે, જેના કારણે પ્રક્રિયા સરળ બની રહી છે.

### ટ્રાફિકના લીધે કામકાજ ધીમું ચાલે છે: અરજદાર



અબતક સાથેની વાતચીતમા અરજદાર હરેશ રામાણીએ જણાવ્યું હતું કે હાલમાં બહુમાળીભવન ખાતે વિવિધ દાખલા કઢાવવા માટે અરજદારોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. એક અરજદારે એમ પણ જણાવ્યું હતું કે ભારે ટ્રાફિકના કારણે તેમને ત્રણ કલાક સુધી રાહ જોવી પડી હતી. જો સ્ટાફની સંખ્યા વધારવામાં આવે તો કામગીરી ઝડપથી થઈ શકે છે. ટ્રાફિકના કારણે અરજદારોને લાંબો સમય સુધી કચેરીમાં રોકાવું પડી રહ્યું છે, જે તેમના માટે મુશ્કેલી ઊભી કરી રહ્યું છે. હાલ દાખલો કઢાવવા ટ્રાફિક રહે છે. ટ્રાફિકના લીધે કામકાજ ધીમું ચાલે છે.

## ગાદીપતિ સ્મૃતિ દિન નિમિતે

# શેઠ ઉપાશ્રય જૈન સંઘમાં સ્થાનકવાસી જૈનો માટે સામુહિક દશમાં વ્રતની ઉજવણી







## તપ, ત્યાગ, સંવર, જપ, ધ્યાન, સાધના દ્વારા કરાય ઉજવણી

**અબતક, રાજકોટ**

માં સરસ્વતીની દશેય આંગળીમાંથી થયેલો વાણી અભિષેક એટલે ગાદીપતિ ગિરિશચંદ્રજી સ્વામી - ગુજરાત રત્ન સુશાંતમુનિ ગોંડલ સંપ્રદાયનાં ગાદીપતિ પૂ. ગિરિશચંદ્રજી સ્વામીનાં સુશિષ્ય ગુજરાત રત્ન પૂ. સુશાંતમુનિ મહારાજ સાહેબ તથા પ્રશિષ્ય સદગુરૂદેવ પૂ. પારસમુનિ મહારાજ સાહેબ એવં ગુરુ પ્રાણ પરિવારનાં સર્વે મહાસતીવૃંદ તથા સંઘાણી સંપ્રદાયનાં મહાસતીજી વૃંદ નાં સુમંગલ સાનિધ્યમાં ગાદીપતિ ઉપાશ્રય શેઠ ઉપાશ્રય જૈન સંઘ માં ગાદીપતિ સ્મૃતિ દિન નિમિત્તે તારીખ ૧૪/૫/૨૫ નાં સમગ્ર રાજકોટનાં સ્થાનકવાસી જૈનો માટે સામૂહિક દશમાં વ્રત (દયા વ્રત)નું આયોજન કરવામાં આવ્યું છે. આજનાં શુભ દિવસને તપ-ત્યાગ-સંવર જપ ધ્યાન સાધના દ્વારા જૈન સમાજ દ્વારા ઉજવવામાં આવી રહ્યો છે.

'બાલબ્રહ્મચારી પૂજય ગિરિશચંદ્રજી મહારાજ સાહેબ એવું શુભ નામાભિધાન પ્રાપ્ત થયું. કલકતાના ઈતિહાસમાં સ્થાનકવાસી પરંપરામાં પ્રથમ દીક્ષા થઈ. કલકતાના ઈતિહાસમાં પરિવર્તન આવ્યું. જિનશાસનને શોભાવતાં વાણી ભૂષણ, વ્યાખ્યાન વાચસ્પતિ, ગુજરાત કેસરી આદિ પદવીઓ પ્રાપ્ત કરી. જાણે માતા સરસ્વતીનાં દશેય આંગળામાંથી થયેલ વાણીનો અભિષેક એટલે પૂજય શ્રી ગિરિશચંદ્રજી સ્વામી.તેમણે ભારતના વિવિધ રાજયોનો પ્રવાસ કર્યો.

આજે સવારે ૮:૦૦ થી

(અનુ. આઠમા પાને)

## ગુલાબચંદ તલકચંદ શેઠ પુસ્તકાલય આયોજીત

# અંતાક્ષરી સ્પર્ધામાં બહેનોએ અવનવા ગીતો સાથે જમાવટ કરી

### સંસ્થા દ્વારા 'મધર્સ ડે' નિમિતે બહેનો માટે વાનગી સ્પર્ધા તેમજ અંતાક્ષરીની સ્પર્ધા યોજાઈ, વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા



**અબતક, રાજકોટ**

સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ સંચાલિત ગુલાબચંદ તલકચંદ શેઠ પુસ્તકાલય " મધર્સ ડે " નિમિતે બહેનો માટે વાનગી સ્પર્ધા (ફરસાણ,, શરબત) તથા અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૯૦ જેટલા - ૨૪૪૫માં. બહેનો એ ભાગ લીધેલ. ફરસાણ સ્પર્ધામાં મનીયા સંચેલા(પ્રથમ) કરુણા હરસોરા(દ્વિતીય), કીર્તિદાબેન દાવડા(તૃતીય) અલ્પા બારોટ (પ્રોત્સાહન) મીતા વિઠલાણી વિજેતા થયેલ. શરબત માં જાહનવી બા ઝાલા(પ્રથમ) મંજુબેન પરમાર (દિતીય) કીર્તિબેન દાવડા(તૃતીય)આયુષી પંડયા (પ્રોત્સાહન) વિજેતા થયેલ. અંતાક્ષરી માં અર્પણાબેન પંડયા ની ટીમ(પ્રથમ), લોપા ખગ્રામ ની ટીમ (દિતીય), અલ્પા બારોટ ની ટીમ તૃતીય વિજેતા થયેલ. વિજેતા બહેનો ને સંસ્થા તરફથી ઈનામો આપવામાં આવેલ તેમજ ભાગ લેનાર દરેક બહેનો ને વાનગીનું પુસ્તક ભેટ આપવામાં આવેલ.વાનગી સ્પર્ધામાં ઈનામો નલીન એન્ટરપ્રાઈઝના કુકીગ એકસપર્ટ ધૈરવભાઈ શાહ- સોનલબેન શાહ તરફથી આપવામાં આવેલ.અંતાક્ષરી માં નિર્ણાયિક તરીકે દર્શનાબેન વસાવડા અને કાશ્મીરાબેન રાઠોડ અને વાનગી સ્પર્ધામાં પ્રેરણાબેન મંકોડી અને પરિતાબેન ગણાત્રા એ સેવા આપેલ. કાર્યક્રમમાં સરદાર સ્મારક ટ્રસ્ટના મંત્રી અલ્પનાબેન ત્રિવેદી તેમજ ટ્રસ્ટી ધીરુભાઈ ધાબલિયા, સ્મિતાબેન ઝાલા ઉપસ્થિત રહેલ.મંત્રી અલ્પનાબેન ત્રિવેદી એ પ્રેરણાદાયી વકતવ્ય આપી બહેનો નો ઉત્સાહ વધારેલ. રૂપલબેન, સોનલબેન શાહ, ભુમિકાબેન શાહ એ ઉપસ્થિત રહી સર્વ ને પ્રોત્સાહિત કરેલ. સંસ્થાના ગ્રંથપાલ કોમલ વૈષ્ણવે આ કાર્યક્રમનું સંચાલન કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવામા સંસ્થાના કર્મચારી બહેનો ધરાબેન પરમાર અને લાભુબેન ગુજરાતીએ જહેમત ઉઠાવેલ. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહેલ.

# શ્રેષ્ઠ જિલ્લાના એવોર્ડ માટે કલેકટરને શુભેચ્છા આપતી કંપની સેક્રેટરી સંસ્થા

### સીએસ કોર્સ અંગે જાગૃતિ માટે રાજકોટ ચેપ્ટરનો વિશિષ્ટ કાર્યક્રમઃ સી.એસ. વિવેક મોલિયા



**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીને જિલ્લાના સર્વાંગી વિકાસના આધારે કેન્દ્ર સરકાર તરફથી "શ્રેષ્ઠ જિલ્લાનો એવોર્ડ" પ્રાપ્ત થવા બદલ કંપની સેક્રેટરી સંસ્થાના રાજકોટ ચેપ્ટર ચેરમેન વિવેક મોલીયા તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. જિલ્લાના વિકાસના દરેક ક્ષેત્રે નિર્ભય નેતૃત્વ અને સફળ અમલના લીધે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.

આ અવસરે રાજકોટ ચેપ્ટરના પ્રતિનિધિમંડળે કલેકટર સાથે મુલાકાત કરી અને (કંપની સેક્રેટરી) કોર્સના મહત્વ તાજેતરના અવસરો અને ચેન્જીગ કોર્પોરેટ વર્લ્ડમાં સીએસ તરીકે ભવિષ્ય અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ સાથે "કેરિયર અવેરનેસ પ્રોગ્રામ" અંતર્ગત દરેક શાળા અને કોલેજોમાં સીએસ કોર્સ અંગે જાગૃતિ ફેલાવવાનો માર્ગ નકશો પણ રજૂ કરવામાં આવ્યો. જેનાથી વધુમાં વધુ યુવાનો આ ક્ષેત્ર તરફ

(અનુ. આઠમા પાને)

# "અબતક"ના આભુષણ સમા જયમીન માવાણીનો જન્મદિવસ



"અબતક" પરિવારના આભુષણ સમા કર્મચારી જયમીન માવાણીનો આજે જન્મ દિવસ છે. અબતક પરિવારના લાડકવાયો ઉત્સાહી સંબંધ રખું અને સોપાયેલા કામમાં જાન રેડનાર જયમીન માવાણી નો આજે ૧૪ મે ના રોજ માંઘેરા જન્મદિવસ છે ૧૪-૫-૨૦૦૧ ના જન્મેલા જયમીનભાઈ તેમના યશસ્વી જીવનના ૨૪ વર્ષ પુરા કરી ૨૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. બાળપણ અને તરૂણાવસ્થામાં જીવન ઘડતરના સ્વયંભૂ પાઠ ભણી પાકો બનેલ જયમીન આશીર્વાદ સદા કાળ મેળવવામાં જરા પણ કચાશ ન રાખનાર જયમીન એટલે બીજાના દુખે દુઃખી બીજાના સુખે સુખી થવાની ભાવનાને જીવનમાં કરનાર કોઈપણ કામ ફરજ સોપવામાં આવે એટલે અણી ચૂક નિષ્ઠા સાથે કામ લગ્નથી પૂરું કરે, જાહેર જીવન રાજકારણ શિક્ષણ ક્ષેત્ર અને ધર્મક્ષેત્રના મોભીઓ સાથે લાગણીના સંબંધ ધરાવતા જયમીન જીવનમાં સફળતા અને આરોગ્યપ્રદ દિઘાયુ મેળવે તેવી શુભેચ્છા જન્મદિવસ ના આશીર્વાદરૂપે ! મળી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પૂજિત રૂપાણી ટ્રસ્ટના અંજલીબેન રૂપાણી, સાંસદ માવાણી દંપતી, અબતક પરિવારના સૌ સભ્યો જયમીન ને જન્મદિવસની ગાડા ભરી ભરીને શુભેચ્છા આપી રહ્યા છે.

# એસ.બી.આઈ.પેન્શનર્સ એસો. દ્વારા કુમ કુમ તિલક કરી વડીલોનું કરાયું અભિવાદન

### સ્ટેટ બેંકમાં યશસ્વી ફરજ બજાવીને નિવૃત જીવન જીવતાં ૯૦ વર્ષથી વધુ વયના વડીલ પેન્શતરોનું સન્માન કરી આશીર્વાદ લીધા



**અબતક, રાજકોટ**

દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ગુજરાત રાજ્યના ૧૭ હજારથી વધુ નિવૃત કર્મચારીઓના બનેલ બિનરાજકીય સંગઠન એસ.બી.આઈ.પેન્શનર્સ એસોસિએશનના સુકાની કોમરેડ રમેશભાઈ ચોકસી અને કોમરેડ કમલભાઈ કાદરી દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યના ૯૦ વર્ષથી વધુ વયના વડીલ પેન્શનર્સ ભાઈઓ બહેનોના તેઓના નિવાસસ્થાને જઈને અભિવાદન વડીલ વંદના કરવાનો પ્રેરણાદાયી નિર્ણય લેવામાં આવેલ જે અંતર્ગત રાજકોટ વિભાગના રાજકોટ અને જામનગરમાં નિવાસ કરતા અને વર્ષો સુધી સ્ટેટ બેન્કમાં યશસ્વી નિષ્કલંક ફરજ બજાવી ત્રણ દાયકાથી બેંકમાંથી નિવૃત થયેલ અને જેમની પાસે નવ દાયકાના સફળ જીવનના અનુભવનું ભાથુ છે અને નિરામય ધર્મમય જીવન જીવતા ૯૦ વર્ષથી વધુ વયના નવ વડીલ પેન્શનરો સર્વ હિંમતલાલ પારેખ, અશ્વિનભાઈ વોરા,શાંતિલાલ વેકરિયા,છોટુભાઈ ગાંધી, ઉમાકાંતભાઈ આહ્યા, જેશંકરભાઈ જોશી તમામ રાજકોટ અને જામનગર રહેતા અનિરુદ્ધભાઈ માંકડ, ઈશ્વરભાઈ પુરોહિત, ચંદુભાઈ રાધનપુરાનું કુમકુમ તિલક કરી સુતરની આંટી તેમજ ભગવાન દ્વારકાધીશનો ખેસ પહેરાવી,પુસ્તક તેમજ સમૃતિ ભેટ આપી અને શાલ ઓઢાડીને તેઓના પરિવારજનોની હાજરીમાં લાગણીસભર અભિવાદન વડીલ વંદના સંગઠનના અગ્રણીઓ શરદભાઈ દવે, કમલેશભાઈ પંડ્યા અનુપમ દોશી , દક્ષિણભાઈ જોશી, શિરીષભાઈ કચ્છી, જીતુભાઈ ગણાત્રા, પરસોતમ મુંગલપરા, સુરેશભાઈ કુંભારાણા, થાનકીભાઈ, સુરેશભાઈ શાહ કમલેશભાઈ જોશી, જનાર્દન આચાર્ય, મુકુંદભાઈ લીંબડના હસ્તે કરવામાં આવેલ અને સન્માનિત બુઝર્ગ વડીલોના આશીર્વાદ મેળવેલ અને ધન્યતા અનુભવેલ.

વડીલ વંદના કાર્યક્રમમાં રાજકોટ અને જામનગરના સભ્યો ઉત્સાહપૂર્વક સહભાગી બનેલ અને આયોજનને સફળ બનાવ્યો હતો.

# વેકેશનનું સાયરન ગુંજ્યું: બચ્ચા પાર્ટી ધમાલ માટે રેડી

### વિવિધ ફનપાર્કમાં ગરમીને ભૂલીને બાળકોએ રાઈડ્સની મજા માણી, પીકનીક સ્થળોએ જોવા મળી ભારે ભીડ



તસવીરઃ શૈલેષ વાડોલિયા





**અબતક, રાજકોટ**

ઉનાળુ વેકેશનના પ્રારંભ સાથે જ શહેરમાં બાળકો અને પરિવારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. બાળકોને શાળાના અભ્યાસમાંથી મુકિત મળતા જ તેઓ મોજમસ્તી અને આનંદમાં ડૂબી ગયા છે. શહેરના વિવિધ સ્થળોએ પીકનીક અને ફનપાર્કમાં ભારે ભીડ જોવા મળી રહી છે, જ્યાં બાળકો રાઈડ્સ અને રમતોનો આનંદ માણી રહ્યા છે.

શહેરના આસપાસના કુદરતી સ્થળો પરિવારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. લીલાછમ વાતાવરણમાં પરિવારજનોએ સાથે મળીને ભોજનનો આનંદ માણ્યો અને બાળકોએ વિવિધ રમતોમાં ભાગ લીધો. તો બીજી તરફ, શહેરના ફનપાર્ક્સમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો. રોમાંચક રાઈડ્સ અને આકર્ષક રમતોએ બાળકોને ઉત્સાહિત કરી દીધા હતા. હિંચકા અને રોલર કોસ્ટર પર બેસીને બાળકોએ ચીસો પાડીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી. વાલીઓએ પણ આ પળોને પોતાના કેમેરામાં કેદ કરી હતી, જે તેમના માટે એક યાદગાર સંભારણું બની રહેશે.

વેકેશન દરમિયાન બાળકોને માત્ર મનોરંજન જ નહીં, પરંતુ નવી વસ્તુઓ શીખવાનો પણ મોકો મળી રહ્યો

(અનુ. આઠમા પાને)



પ્રવેશ આમંત્રણ GEETANJALI GROUP OF COLLEGES પ્રવેશ આમંત્રણ

BCA | BBA | B.Com. GUJ. / ENG. MEDIUM | B.Sc.IT | B.A. | B.Ed.

PGDCA | MBA | M.Com. | M.Sc.IT | M.A. | LL.B.

ઈન્ડીયન રેડક્રોસ બિલ્ડીંગ, સુચક રોડ, શાસ્ત્રી મેદાન સામે, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૪૬૪૪૩૫ મો. ૭૨૨૮૮ ૦૦૧૧૯

માહિતી માટે રૂબરૂ સંપર્ક કરો સવારે ૮ થી સાંજે ૬ | ગીતાંજલી ભવન, અજંતા પાર્ક, સાધુ વાસવાણી રોડ, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૫૮૭૫૫૦ | SUNDAY OPEN


# નર્સ ચૌલાબેને પ્રતિકાર કરતા કામાંધ કાનજીએ છરી હુલાવ્યાનો ખુલાસો

## એક માસ સુધી રેકી કર્યા બાદ સોમવારે રાત્રે છત પરથી મૃત્તકના ઘરમાં પ્રવેશ મેળવ્યો'તો

### પ્રૌઢા તાબે ન થયાં, રસોડામાંથી છરી લઈ વિકૃત ઢગ્ગાને હાથ-પગમાં ઝીંકી દીધી : ઉશ્કેરાયેલા કાનજીએ છરી આંચકી નર્સને એક ઘામાં પતાવી દીધા

**અબતક, રાજકોટ**

શહેરના યુનિવર્સીટી રોડ નજીક આવેલ ઋષિકેશ સોસાયટીમાં ગત સોમવારની મોડી રાત્રે સરકારી કેન્સર હોસ્પિટલના નર્સની કરપીણ હત્યા નીપજાવી દેવામાં આવી હતી. જે મામલે યુનિવર્સીટી પોલીસે આરોપી કાનજી વાંજાને ગણતરીની મિનિટોમાં ઝડપી લઈ હત્યા પાછળનું કારણ જાણવા ચક્રો ગતિમાન કરતા કામાંધ કાનજી બદકામના ઈરાદે છતના ભાગેથી નર્સ ચૌલાબેનને ઘરમાં પ્રવેશ્યો હતો પણ તેઓ તાબે થયાં ન હતા. ચૌલાબેને પ્રતિકાર કરતા રસોડામાંથી છરી લઈ કાનજીને હાથ-પગના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા. જે બાદ કાનજીએ પ્રૌઢાના હાથમાંથી છરી આંચકી લઈ બે ઘા કર્યા હતા. પહેલો ઘા ચૌલાબેને હાથ આડો રાખતા હાથના ભાગે વાગ્યો હતો જ્યારે બીજો ઘા છાતીના ભાગે વાગતા ચૌલાબેનને સારવાર મળે તે પૂર્વે જ તેમણે દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો.

સમગ્ર ઘટના પર એક નજર કરવામાં આવે તો ચાર માસ પૂર્વે અમદાવાદ સરકારી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતા ચૌલાબેન ત્રિભોવનદાસ પટેલ(ઉ.વ.૫૩ હાલ રહે. ઋષિકેશ સોસાયટી શેરી નંબર-૨માં ભાડાના મકાનમાં અને મૂળ રહે. કુહા ગામ, દસકોઈ, અમદાવાદ)ની બદલી રાજકોટ કેન્સર હોસ્પિટલમાં થઇ હતી. જેથી તેઓ ઋષિકેશ સોસાયટીમાં ભાડાના મકાનમાં એકલા રહેતા હતા. તેઓ એક ભાઈ અને એક બહેનમાં નાના હતા અને પોતે અપરિણીત હતા.



મૃતક

ગત સોમવારની મોડી રાત્રે ચૌલાબેન પટેલના ઘરની તદ્દન પાછળ એક જ દીવાલે રહેતો કાનજી ભીમાભાઇ વાંજા(ઉ.વ.૩૪) એ તેમના ઘરમાં ઘુસી પ્રથમ ગળું દબાવી અને ત્યારબાદ છરીનો ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યાનો બનાવ સામે આવ્યો હતો. જે ઘટના દરમિયાન ચૌલાબેનના ઘરના નીચેના માળે રહેતા નીલમબેન અને તેમના પતિ પિયુષભાઈને ચૌલાબેનના ઘરમાંથી અવાજ આવતા તેમણે ચૌલાબેનના નામની બુમ પાડતા તેમના ઘરમાથી પ્રથમ કાનજી વાંજા બહાર નીકળ્યો હતો અને છત પરથી પાછળના ભાગે પોતાના ઘરમાં કૂદી ગયો હતો. જે બાદ ચૌલાબેન લોહીલુહાણ હાલતમાં બહાર આવ્યા હતા અને પાણી માંગ્યું હતું. જેની ગણતરીની ક્ષણમાં તેઓ ત્યાં જ ઢળી પડ્યા હતા. દરમિયાન કોઈકે ૧૦૮ એમ્બયુલન્સને ફોન કરતા તબીબી કર્મચારીઓ દોડી આવ્યા હતા પણ પ્રૌઢાને સારવાર મળે તે પૂર્વે જ તેમણે દમ તોડી દીધો હતો. બીજી બાજુ યુનિવર્સીટી પોલીસને જાણ થતાં પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને ચૌલાબેનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાનજી વાંજાને તેના ઘરના બાથરૂમમાંથી અટકાયતમાં લઈ હત્યા પાછળનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

### વિકૃત કાનજીના મોબાઈલમાંથી અનેક મહિલાઓના બિભત્સ ફોટો-વીડિયો મળ્યા

પોલીસે કાનજી વાંજાનો મોબાઈલ ચેક કરતા અનેક બિભત્સ ફોટો-વિડીયો મળી આવ્યા હતા. પોલીસે કાનજીનો મોબાઈલ ચેક કરતા અનેક મહિલાઓના પ્રાયવેટ પાર્ટ્સના ફોટો તેમજ વિડીયો મળ્યા હતા. જે ફોટો વિડીયો કાનજીએ પોતે લીધા હોવાનું પણ કબૂલ્યું હતું. દરીયા કાંઠા સહિતના વિસ્તારોમાં જયારે કાનજી ફરવા જતો ત્યારે મહિલાઓની જાણ બહાર તેમની બિભત્સ તસ્વીરો લઈ લેતો હતો. ઉપરાંત અન્ય પણ અનેક પ્રકારના ફોટો-વિડીયો સહીતનું સાહિત્ય મળી આવ્યું હતું.

દરમિયાન યુનિવર્સીટી પોલીસ દ્વારા આરોપીની પૂછપરછ કરતા અનેક ખુલાસા થયાં હતા. કાનજી વાંજા છેલ્લા એક માસથી પ્રૌઢાની રેકી કરી રહ્યો હતો અને આરોપીએ ચૌલાબેનનો નોકરી પર જવાનાં સમયથી માંડી પરત આવવા સહીતની તમામ બાબતોની વિગતો મેળવી લીધી હતી. બાદમાં ગત સોમવારે રાત્રે ૧૨ વાગ્યાં આસપાસ પોતાના ઘરની છત પરથી કૂદી ચૌલાબેનની બાલ્કનીમાં થઈ ઘરમાં પ્રવેશ મેળવ્યો હતો. બદકામના ઈરાદે ઘૂસેલા કાનજીને જોઈ પ્રૌઢા ચોંકી ઉઠ્યા હતા. દરમિયાન કાનજીએ મૃતકને તાબે કરવા પ્રયત્નો કરતા પ્રૌઢાએ પ્રતિકાર કરી રસોડામાંથી છરી લઈ કાનજીને હાથ-પગના ભાગે ઝીંકી દીધી હતી. બદકામના ઈરાદે ઘૂસેલો કામાંધ કાનજી તેના ઈરાદામાં સફળ નહિ થતાં ઉશ્કેરાયને ચૌલાબેનના હાથમાંથી છરી આંચકી લઈ ઘા કરતા ચૌલાબેને હાથ આડો રાખી દેતા એક ઘા હાથના ભાગે વાગ્યો હતો. જયારે બીજો ઘા કાનજીએ છતીના ભાગે ઝીંકતા ચૌલાબેન લોહી લુહાણ થઈ ગયા હતા. બાદમાં દેકારો થતાં કાનજી ફરીવાર છત પરથી પોતાના ઘરમાં કૂદી ગયો હતો.

# શારીરિક શોષણના ગુનામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના આગોતરા જામીન ફગાવાયા

### ઈજનેર યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી ઉદયપુર ગોવા સહિતના સ્થળે લઈ જઈ શારીરિક શોષણ કર્યું

**અબતક, રાજકોટ**

શહેરની કોમ્પ્યુટર ઈજનેર યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી ઉદયપુર ગોવા સહિતના શહેરોમાં સહેલગાહે લઈ જઈ વારંવાર શારીરિક શોષણ કરવાની ફરિયાદમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શખ્સની આગોતરા જામીન અરજી અદાલત દ્વારા ફગાવી દેવામાં આવી છે.

આ અંગે ખુદ પીડિતાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દર્શન ભુપેન્દ્રભાઈ પીઠડીયા (ઉ.વ.૨૮, રહે. અટીકા ફાટક પાસે, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં અર્જુન પાર્ક રાજકોટ)નું નામ આપી ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે કોમ્પ્યુટર એન્જિનિયર છે, ઘરે બેઠા ઓનલાઈન ફ્રીલાન્સિંગ કામ કરે છે. માતા વીમા કંપનીમાં નોકરી કરે છે. તે છ-સાતેક મહીના પહેલા તેણી યુનીવર્સિટી રોડ પંચાયત ચોકથી આગળ આવેલ એકેડમી ખાતે આઈલેટ્સના કલાસીસમાં લેક્ચરર તરીકે કરતી હતી. દરમિયાન ૨૦૨૪માં મોબાઈલમાં રહેલ



સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા

બમ્બલ નામની એપ દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દર્શન પીઠડીયાએ પ્રેમજાળમાં ફસાવીને ગઈ તા.૧૮/ ૧૦/ ૨૦૨૪ના સ્ટાફની બર્થ-ડે પાર્ટીમાં અમરેલીના ધારી (ગીર) ખાતે આવેલ હિલ વ્યુ રિસોર્ટમાં લઈ જઈ લગ્નની લાલચ આપી ફોસલાવી શારીરીક સંબંધ બાંધેલ હતો. ત્યારબાદ જુદા જુદા દિવસોએ ઉજ્જૈન, ઉદયપુર, ગોવા સહિતના સ્થળોએ ફરવા ફરવા માટે લઈ જઈ તેમજ રાજકોટની હોટલમાં શારીરિક શોષણ કરી લગ્ન માટે ફરી ગયો હોવાથી આ ફરિયાદ કરવામાં આવી હતી. ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૯ મુજબનો શારીરિક શોષણનો ગુનો નોંધી ધરપકડની તજવીજ કરતા આરોપી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દર્શન પીઠડીયાએ ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી કરી હતી, જેમાં સરકાર વતી હાજર થયેલા એપીપી મુકેશ પીપળીયાએ જામીન અરજી નામંજૂર કરવા રજૂઆતો કરી હતી કે આરોપી વિરુદ્ધ પ્રથમ દર્શનીય ગુનો છે અને આવા ગંભીર ગુનામાં આરોપીને આગોતરા જામીન આપવા જોઈએ નહીં અને આવા લગ્નના વચનો આપી સ્ત્રીઓ સાથે શારીરિક સંબંધો બાંધવાના અને બાદમાં સ્ત્રી સાથે લગ્ન ન કરી ગુના આચરવાનું દુષણ રોકવા આવા ગુનાના આરોપીને આગોતરા જામીન આપવા જોઈએ નહીં, તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ પી. જે. તમાકુવાળાએ આરોપીની આગોતરા જામીન અરજી રદ કરી છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# સોની વેપારીનું રૂ.૩૭.૫૧ લાખનું સોનુ બિપિન આડેસરા ઓળવી ગયો

### મેં જેને માલ આપ્યો તે ઝવેરી રાજકોટ મૂકીને જતો રહ્યો છે કહી ૩૮૭ ગ્રામ સોનુ પરત નહિ આપતાં એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ

**અબતક, રાજકોટ**

શહેરના ગુંદાવાડી વિસ્તારમાં રહેતા અને સોની બજારમાં દુકાન ધરાવનાર સોની વેપારીએ તેમની પાડોશમાં રહેતા સોની વેપારી સામે રૂપિયા ૩૭.૫૧ લાખની છેતરપિંડી કર્યા અંગે ફરિયાદ નોંધાવી છે. આરોપી વેપારી પાસેથી સોનાના દાગીના વેચવા માટે લઈ ગયા બાદ તે પૈકી ૩૮૭.૩૩૧ ગ્રામ ફાઈન ગોલ્ડ પરત નહીં આપી છેતરપિંડી કરી હતી. જે અંગે એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.

છેતરપિંડીના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, ગુંદાવાડી શેરી નંબર ૨૫ માં સાગર એપાર્ટમેન્ટની સામે રહેતા તેજસભાઈ દિનેશભાઈ આડેસરા (ઉ.વ ૪૬) દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે લક્ષ્મીવાડી મેઈન રોડ ધૃવિલ પેલેસ એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૧૦૧ માં રહેતા બીપીન કુમુદભાઈ આડેસરાનું નામ આપ્યું છે.

વેપારીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સોની બજારમાં ગિરિરાજ ચેમ્બરમાં શ્રીનાથજી ગોલ્ડ આર્ટ નામની દુકાન ધરાવે છે અને છેલ્લા ૩૦ વર્ષથી અહીં વેપાર કરે છે તેમની પાડોશમાં રહેતા બીપીન આડેસરા બાલમુકુંદ જ્વેલર્સ નામની સોનાની દુકાન ચલાવે છે. બીપીનભાઈ સાથે છેલ્લા બે વર્ષથી વ્યાપારિક સંબંધ હોય બીપીન સોના દાગીના લઈ જઈ બજારમાં વેચી કમિશન કાઢી દાગીનાના બદલામાં ફાઈન સોનું આપતો હતો. બીપીન જે દાગીના લઈ જતો તેના બદલામાં એક ચિઠ્ઠી લખી આપતો હતો.

દરમિયાન એક વર્ષ પૂર્વે અલગ અલગ સમયે બીપીન ફરિયાદી પાસેથી સોનાના દાગીના અને ફાઈન સોનુ લઈ ગયો હતો. ત્યારબાદ તા. ૧૧/૭/૨૦૨૪ ના તેણે કેટલુક સોનું પરત આપ્યું હતું. પરંતુ હજુ વેપારીને ૩૮૭.૩૭૧ ગ્રામ ફાઈન ગોલ્ડ બીપીનભાઈ પાસેથી લેવાનું નીકળતું હતું. જે તેણે ડાયરીમાં લખી આપ્યું હતું. જેની કિં.રૂ ૩૭,૫૧, ૫૦૦ થતી હોય આ બાકી નીકળતું સોનું પરત આપવા માટે વેપારી અવારનવાર બીપીન પાસે માંગણી કરતા તેણે કહ્યું હતું કે, મારો માલ વાઘેશ્વરી જ્વેલર્સ વાળાને આપ્યો છે. પરંતુ આ વાઘેશ્વરી જ્વેલર્સવાળા મયુર બટુકભાઈ કાત્રોડીયા ગત તા. ૧૮/૫/૨૦૨૪ ના રાજકોટ મૂકીને જતા રહ્યા હોય તે મને જ્યારે સોનુ આપશે ત્યારે હું તમને સોનું આપીશ તેવું કહ્યું હતું. ત્યારબાદ આજદિન સુધી અવારનવાર વેપારી ઉઘરાણી કરવા છતાં બીપીને સોનુ પરત ન આપતા સમાજના આગેવાનો સાથે વાત કરતા બંને વચ્ચે સમાધાન થયું હતું. પરંતુ ત્યારબાદ પણ બીપીને સોનુ પરત ન આપતા અંતે સોની વેપારીએ તેમની સાથે થયેલી રૂપિયા ૩૭.૫૧ લાખની છેતરપિંડી અંગે બીપીન કુમુદભાઈ આડેસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. એ ડિવિઝન પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ એમ.આર. મકવાણા ચલાવી રહ્યા છે.


**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.** (મલ્ટીસ્ટેટ શેડયુલ્ડ બેંક) | **કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૬૧૬

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી. એ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **જોબનપુત્રા પારૂલ સુભાષભાઈને તા.૩૧/૦૭/૨૦૨૪** ના રોજ રજી.એ.ડી. પોસ્ટ દ્વારા તેમજ **તા.૦૫/૦૯/૨૦૨૪** નાં રોજ અંગ્રેજી દૈનિક **"ઈન્ડિયન એક્સપ્રેસ"** તથા ગુજરાતી દૈનિક **"સાંજ સમાચાર"** માં પ્રસિધ્ધ કરાવેલ જાહેર ડીમાન્ડ નોટીસમાં બેન્કની બાકી લેણી રકમ **રૂ.૫,૯૯,૩૬૮=૮૨ (અંકે રૂપીયા પાંચ લાખ નવાણું હજાર ત્રણસો અડસઠ અને બ્યાસી પૈસા પુરા) + તા.૦૧/૦૭/૨૦૨૪** થી ચડત બાકી વ્યાજ નોટીસ મળ્યા તારીખથી **૬૦ દિવસ**માં ભરપાઈ કરી આપવા જણાવેલ. ઉપરોક્ત કરજદાર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોક્ત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલ્કતનો કબ્જો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ **તા.૧૫/૦૨/૨૦૨૫** નાં રોજ કરેલ હુકમ અન્વયે માનનીય કોર્ટ કમિશ્નરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલ્કતનો **તા.૧૦/૦૫/૨૦૨૫** નાં રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેથી કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. આથી ઉપરોક્ત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહી, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ની **તા.૩૦/૦૪/૨૦૨૫** ના રોજ ની બાકી લેણી રકમ **રૂ.૯,૨૮,૨૪૩=૮૨ (અંકે રૂપીયા નવ લાખ અઠ્ઠાવીસ હજાર બસો તેતાલીસ અને બ્યાસી પૈસા પુરા) + તા.૦૧/૦૫/૨૦૨૫** થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે. દેવાદારને ખાસ ધ્યાન દોરવાનું કે સરફેસી કાયદાના એકશન ૧૩(૮)ની જોગવાઈ અનુસાર આપેલ સમયમર્યાદામાં કાયદા મુજબ તેમની સલામત મિલ્કત પાછી મેળવી શકે છે.

**કબ્જે લીધેલ મિલ્કતનું વર્ણન**

ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરમા દુધ સાગર રોડ ઉપર રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૧૬૭ તથા ૧૬૮ ની જમીન ઉપર ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા બાંધવામાં આવેલ ૪૮ એમ.આઈ.જી.એલ.સ્કીમ હેઠળ બાંધવામાં આવેલ ક્વોટર્સ કે જે "ડેરીલેન્ડ" તરીકે ઓળખાય છે તે પૈકીના ફર્સ્ટ ફ્લોર ઉપર આવેલ ફ્લેટ નં. એમ/૭૦૨ જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૩૯-૨૨ જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૫૬૯, તા.૨૪/૦૨/૨૦૨૧ થી જોબનપુત્રા પારૂલ સુભાષભાઈના નામે છે તે મિલ્કત.

ચતુર્દીશા : ઉત્તરે : ફ્લેટ નં. ૭૦૩ આવેલ છે. દક્ષિણે : ઓપન સ્પેસ આવેલ છે.
પુર્વે : ફ્લેટ નં. ૭૦૧ આવેલ છે. પશ્ચિમે : ઓપન સ્પેસ આવેલ છે.

(ટુંકું સરનામુ : ફ્લેટ નં. એમ/૭૦૨, ફર્સ્ટ ફ્લોર, ડેરી લેન્ડ કોલોની, સાગર ચોક, દુધસાગર રોડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ ક્વાર્ટર, રાજકોટ-૩૬૦૦૦૨. (ગુજરાત))

તા. ૧૩/૦૫/૨૦૨૫ રાજકોટ. | અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. હેડ ઓફિસ, રીકવરી વિભાગ, રાજકોટ


# રાજકોટની રીક્ષાગેંગના સભ્યો રૂ. ૧.૬૩ લાખના મુદ્દામાલ સાથે જસદણથી ઝડપાયા

### મુસાફરની નજર ચૂકવી રોકડ,મોબાઈલ અને પર્સ સેરવી લેતી બેલડીને રૂરલ એલસીબી ટીમે પકડી પાડી

**અબતક, રાજકોટ**

રિક્ષામાં પેસેન્જરને બેસાડી રોકડ રકમ મોબાઈલ અને પાકીટ સેરવી લેનાર બેલડીને રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે જસદણમાંથી ઝડપી લીધી હતી. રાજકોટના આ બંને શખસો પાસેથી રીક્ષા, મોબાઈલ સહિત રૂપિયા ૧.૬૩ લાખનો મુદ્દામાલ કબજે કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ ગ્રામ્ય એલસીબીના પીઆઇ વી.વી. ઓડેદરાની રાહબરી હેઠળ પી.એસ.આઇ એચ.સી. ગોહિલ તથા તેમની ટીમ તપાસમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ પ્રણયભાઈ સાવરીયા, ધર્મેશભાઈ બાવળીયા અને વાઘાભાઈ આલને મળેલી બાતમીના આધારે જસદણ વીંછિયા રોડ પરથી રીક્ષા ગેંગના બે સભ્યોને ઝડપી લીધા હતા.

પોલીસે પુછતાછ કરતા આ બંને શખસોના નામ પપ્પુ ઉર્ફે રોહિત રાયધનભાઈ સોલંકી (ઉ.વ ૨૩ રહે. જુના માર્કેટિંગ યાર્ડ, રાજકોટ, મૂળ કલોરાણા તા. બાબરા) તથા મહેશ ઉર્ફે મયલો જયંતીભાઈ સોલંકી (ઉ.વ ૨૮ રહે. સંત કબીર રોડ, સાગરનગર, મફતિયાપરા રાજકોટ, મૂળ સમી નવાવાસ, રાધનપુર) હોવાનું માલુમ પડ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે આ બેલડી રિક્ષામાં પેસેન્જરને બેસાડી તેમની નજર ચૂકવી ખિસ્સામાં રહેલ મોબાઈલ, પાકીટ તથા રોકડ રકમ સેરવી લેતી હતી. પોલીસે બેલડી પાસેથી ત્રણ મોબાઈલ, રીક્ષા, રોકડ રકમ અને પર્સ સહિત કુલ રૂપિયા ૧,૬૩,૩૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કામગીરીમાં એલસીબીની ટીમના એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, અમિતભાઈ કનેરિયા, હેડ કોન્સ્ટેબલ રસિકભાઈ જમોડ, ઘનશ્યામસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ વિજયભાઈ સિંહાર, ભાવેશભાઈ મકવાણા સાથે રહ્યા હતા.

### સુધારો

**શાકભાજી સબ માર્કેટયાર્ડ ગોંડલમાંની દુકાન નં એ.૧૯ નો ભાડાપટ્ટો તબદીલ કરવા અંગેની જાહેર નોટીસમાં સદરહુ દુકાન નં એ. ૨૬ નો ભાડાપટ્ટો છપાયેલ છે જે સુધારીને દુકાન નં.એ.૧૯ વાંચવુ**


નં.જન્મ/મરણ પરચુરણ અરજી કેસ નં.૩૮/૨૦૨૫

શ્રી સીડા કાળાભાઈ કાસમભાઈ,
મુ.ભોજદે, તા.તાલાલા, જિ.ગીર સોમનાથ ..........અરજદાર

**-:: વિરૂધ્ધ ::-**

તલાટી કમ મંત્રીશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી
ગ્રામ પંચાયત કચેરી, ભોજદે, તા.તાલાલા ...........સામાવાળા

**બાબતઃ- જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે**

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રી સીડા કાળાભાઈ કાસમભાઈની પુત્રી સીડા નાજમી કાળાભાઈનો જન્મ મુ.ભોજદે, તા.તાલાલા મુકામે તા.૨૫/૦૩/૨૦૦૨ ના રોજ થયેલ છે. જેની જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની ગ્રામ પંચાયત કચેરી, ભોજદે, તા.તાલાલામાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી સીડા કાળાભાઈ કાસમભાઈ મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૫/૨૦૨૫ના રોજ બપોરના ૧૧:૩૦ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવું અને આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT) અને સમાચાર પત્રમાં પ્રસિધ્ધિ કરી સમાચાર પત્ર રજુ કરવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો | એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તાલાલા




Since 1993

જલારામ બાપા ની અસીમ કૃપા તેમજ અમારા માનવંતા ગ્રાહકોના સાથ- સહકારથી અમો 32 વર્ષ પુર્ણ કરી

**જલારામ પબ્લીસીટી**

33 માં વર્ષમાં મંગલ પ્રવેશ

જનકભાઈ ગોવાણી - ✆ 98245 88070

306, મણી કોમ્પલેક્ષ, હોટલ ઇમ્પીરીયલ પેલેસની સામે, જનકપુરી હોલ પાસે, યાજ્ઞિક રોડ, રાજકોટ.

jalaram.publicity@gmail.com



**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટના મહે. ૧૬ માં એડી. સીનીયર સીવીલ જજ શ્રી એસ.વી. મુદલીયાર સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં.૯૪૯/૨૦૨૫ ના કામના અરજદાર ધનગર કેતન પરાગભાઈ, રહે. ગંગા સ્મૃતિ, મંગલમ એપાર્ટમેન્ટ સામે, શ્રોફ રોડ, રાજકોટવાળાએ તેમના પિતાશ્રી ગુજરનાર પરાગ ગયાદીન ઉર્ફે ગ્યાનુદીન ધનગરની સ્થાવર મિલ્કત કે જે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના શહેર રાજકોટમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની શ્રોફ રોડ પર આવેલ જામટાવર પાસે જુના સીવીલ સ્ટેશનના નામથી ઓળખાતા વિસ્તારના રેવન્યુ સર્વે નં.૮૭૧ ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટેના પ્લોટસ પૈકી પ્લોટ નં.૩ અને ૪ પૈકીની જમીન ચો.વા.આ. ૧૬૦-૦૦ ઉપરના જુના મકાન (સીટી સર્વે રેકર્ડ મુજબ રાજકોટ જીલ્લાના સીટી સર્વે ઓફીસ, રાજકોટ-૧ ના વોર્ડ નં.૧૬/ ૧ ના સીટી સર્વે નં.૨૪૧૮ જેનું ક્ષેત્રફળ ૧૩૩-૭૭ છે) તે મિલ્કતનું વીલના આધારે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન કોપી ઓફ ધી વીલ મેળવવા માટેની અરજી તેમના એડવોકેટ શ્રી એચ.ડી. ગુજરાતી મારફતે અરજી કરેલ છે તે બાબતે જે કોઈને હકક, હીત, હિસ્સો હોઈ, વાંધો તકરાર હોય તેમને મુદત તા.૧૬ /૬ /૨૦૨૫ ના રોજ પોતે જાતે અથવા તેમના વકીલ મારફતે હાજર રહી વાંધા રજુ કરવા, જો કોઈ વાંધા આવશે નહી તો આગળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨૫ માહે એપ્રિલ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર **આર.એમ.દાણીધારીયા** આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | **એન.આર. વ્યાસ** રજીસ્ટ્રાર



**વાંકાનેરમાં સમસ્ત લોહાણા સમાજનું નાત જમણ**

જયશ્રી કૃષ્ણ સાથ જણાવવાનું કે **ગૌ.વા.જીતેન્દ્રકુમાર જમનાદાસ કોટકના સ્મરણાર્થે તા.૧૫-૫-૨૦૨૫ને ગુરૂવાર**ના રોજ વાંકાનેર તથા તાલુકામાં રહેતા સમસ્ત લોહાણા સમાજ માટે જ્ઞાતિ ભોજન પ્રસાદનું આયોજન **કોટક પરિવાર દ્વારા** કરવામાં આવેલ છે.

તો દરેક રઘુવંશી પરિવારો સહ પરિવાર સાથે પ્રસાદ લેવા પધારવા કોટક પરિવાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવેલ છે. જેમાં બહેનો માટે સાંજે ૬-૦૦ કલાકથી તેમજ ભાઈઓ માટે સાંજે ૭-૩૦ કલાકથી પ્રસાદ પ્રારંભ થશે.

**સ્થળ : લોહાણા મહાજનવાડી - દિવાનપરા - વાંકાનેર**

આ તકે ગૌ. વા. જીતેન્દ્રકુમાર જમનાદાસ કોટકના આત્મકલ્યાણ અર્થે લોહાણા મહાજન વાડી - દિવાનપરા ખાતે તા. ૧૪-૫-૨૫ને બુધવારે રાત્રે ૯-૩૦ કલાકે શ્રીરામ ધુનનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. સમસ્ત લોહાણા સમાજને આમંત્રિત કરવામાં આવેલ છે.

લી. કોટક અશોકકુમાર જમનાદાસ
કોટક કલ્પેશભાઈ જીતેન્દ્રકુમાર
કોટક પલકભાઈ જીતેન્દ્રકુમાર
તથા કોટક પરિવારના - જય શ્રીકૃષ્ણ - વાંકાનેર

ચંદારાણા એડ. વાંકાનેર મો. ૯૮૨૫૯ ૮૯૫૪૭

તંત્રી લેખ

# ગુજરાતની શાન સમા સિંહનો વસતાર વધશે હૈયે ટાઢક આપતા સંકેતો

ગુજરાતમાં ૧૧ જિલ્લાના ૫૮ તાલુકામાં સિંહની વસ્તી હોવાનો અંદાજ છે.ગઈકાલે સિંહની વસ્તી ગણતરી પૂર્ણ થઈ ગઈ છે.આગામી દિવસોમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં કેટલા સિંહ છે.તેના આંકડાઓ જાહેર કરવામાં આવશે. અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર અને બોટાદ જિલ્લા સહિત રાજ્યના ૧૧ જિલ્લાઓમાં બે તબક્કામાં એશિયાઈ સિંહની વસ્તી ગણતરી કરાય હતી.

૫૧૧ સ્વંય સેવકો સિંહ વસ્તી અંદાજની કામગીરીમાં જોડાયા હતા.ઉત્કૃષ્ટ સેવાઓ આપવાનો ઉમદા પ્રયાસ કર્યો છે.

સિંહ વસ્તી અંદાજ માટે એશિયાટિક લાયન લેન્ડસ્કેપ મુજબ આશરે ૩૫,૦૦૦ ચો. કિ.મી. નો વિસ્તાર કવર કરવામાં રાજયના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાઓના ૮ રિજિયન, ૩૨ ઝોન અને ૧૧૨ સબ ઝોનમાં સિંહ વસ્તી અંદાજની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ૧૬મી સિંહ વસ્તી અંદાજ કામગીરી અન્વયે વન વિસ્તારમાં બીટ અને વન વિસ્તારની બહાર ૩-૧૦ ગામોનું જૂથ મુજબ કામગીરી હાથ ધરવામાં આવી હતી. અવલોકન રેકોર્ડિંગ માટે ૨૪ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો છે, જેમાં પ્રાથમિક અંદાજ અને આખરી અંદાજ કામગીરી કરવામાં આવી રહી હતી.ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસ્તી ગણતરી કરવામાં આવે છે. ગુજરાતમાં સૌપ્રથમ વર્ષ ૧૯૩૬માં સિંહ વસ્તી ગણતરી યોજાઇ હતી. ૧૬મી સિંહ વસ્તી ગણતરી અંદાજ માટે મોડર્ન ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વન વિભાગ દ્વારા સિંહ સંરક્ષણના વિવિધ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે તેના પરિણામે રાજ્યમાં સિંહ સંવર્ધનને લીધે સિંહ વસ્તીમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.રાજ્યમાં સિંહની વસ્તીમાં ૩૦ ટકાનો વધારો થવાનો અંદાજ છે. વર્ષ-૧૯૯૫માં કરવામાં આવેલી સિંહોની વસ્તી ગણતરીમાં પુખ્ત નર, માદા, પાઠડા-બચ્ચા એમ મળીને ૩૦૪ જેટલા સિંહ, વર્ષ-૨૦૦૧માં ૩૨૭, વર્ષ-૨૦૦૫માં ૩૫૯, વર્ષ-૨૦૧૦માં ૪૧૧, વર્ષ-૨૦૧૫માં ૫૨૩ અને છેલ્લે વર્ષ-૨૦૨૦માં ૬૭૪ જેટલા સિંહોની વસ્તી નોંધાઈ હતી.જે ૧૦૦૦ આસપાસ પહોંચે તેવી સંભાવના છે.

# અદાણી ગ્રુપે ઓસ્ટ્રેલિયા સુધી વેપારની પાંખ ફેલાવી

## એશિયા પેસિફિક સહિત ભારતીય વેપાર કોરિડોરમાં વૃધ્ધિની સંભાવના

**અબતક, રાજકોટ**

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન એ ઓસ્ટ્રેલિયામાં નોર્થ ક્વીન્સલેન્ડ એક્સપોર્ટ ટર્મિનલના સંપાદન સાથે વૈશ્વિકસ્તરે દેશને વધુ મજબૂત બનાવવા નિર્ણાયક પગલું ભર્યુ છે. આ સંપાદન મહત્વપૂર્ણ ભારતીય વેપાર કોરિડોર સાથે વ્યૂહાત્મક પોર્ટ નેટવર્ક બનાવવાના અદાણી પોર્ટ ના લાંબા ગાળાના વિઝન સાથે સુસંગત કંપનીને એશિયા-પેસિફિક સહિત ભારતીય વેપાર કોરિડોરમાં વૃદ્ધિના નવા તબક્કા માટે સ્થાન આપે છે.

વૈશ્વિક રોકાણકારો મહત્વપૂર્ણ બંદર માળખા પર જેમ જેમ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, તેમ અદાણી પોર્ટ આંતરરાષ્ટ્રીય માળખાને વિસ્તૃત કરી રહ્યું છે. સંસાધનોથી સમૃદ્ધ ક્વીન્સલેન્ડ સ્થિત ઊંડા પાણીની સુવિધાયુકત એનકયુએકસટી ટર્મિનલ વ્યૂહાત્મક મૂલ્ય પ્રદાન કરે છે. તેના ૯૦% કાર્ગો વોલ્યુમમાં એશિયન બજારો પૈકી ચીન અને ભારત હોવાથી, આ ટર્મિનલ પૂર્વ-પશ્ચિમ વેપાર કોરિડોર પર અદાણી પોર્ટ ના નિયંત્રણને મજબૂત બનાવે છે. એનકયુએકસટી ઓસ્ટ્રેલિયાના કોલસા અને ચીજવસ્તુઓના સમૃદ્ધ ભંડાર સુધી સીધી પહોંચ ધરાવે છે. આ બંદર ભારત અને જૂથની વ્યાપક મહત્વાકાંક્ષાઓ સાથે ગ્રીન હાઈડ્રોજનના ભાવિ નિકાસમાં પણ કેન્દ્રિય ભૂમિકા ભજવવા તૈયાર છે.



એનકયુએકસટીનું સંપાદન અદાણી પોર્ટનાના કાર્ગો વોલ્યુમમાં ૮% અને તેના ઈબીઆઈટીડીએ માં ૬.૪% નો વધારો કરે છે. મહત્ત્વની વાત એ છે કે, તે વર્ષ ૨૦૩૦ અદાણી પોર્ટસુધીમાં તેના વોલ્યુમને બમણું કરીને ૧ અબજ મેટ્રિક ટન પ્રતિ વર્ષ કરવાના કંપનીના લક્ષ્યને વેગ આપવા મદદરૂપ છે. હવે અદાણી પોર્ટ નો પોર્ટફોલિયો ૧૯ બંદરો અને ટર્મિનલ્સ સુધી વિસ્તરે છે - જેમાં ૧૫ સ્થાનિક અને ૪ વિદેશી (ઈઝરાયલ, તાંઝાનિયા અને શ્રીલંકા) છે. છેલ્લા બે વર્ષમાં કંપનીનું આ ચોથું વિદેશી સંપાદન છે, જે આંતરરાષ્ટ્રીય બજારોમાં સતત વધારાને મજબૂત બનાવે છે. અમેરિકા-ચીનના વધતા વેપારી તણાવ વચ્ચે વૈશ્વિક બંદર માળખાગત સુવિધાઓ વિકસતા ભૂરાજકીય અને આર્થિક પરિદૃશ્યમાં એક કેન્દ્રબિંદુ બની ગઈ છે. તાજેતરના મેગા-સોદાઓ - જેમ કે બ્લેકરોકનો પનામા પોર્ટ્સમાં ૨૩ બિલિયનનો રસ અને ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાર્ટનર્સનું ૧૨.૫ બિલિયનનું સંપાદન - વિશ્વભરમાં બંદરોના વધતા વ્યૂહાત્મક મહત્વને પ્રકાશિત કરે છે. તેવામાં બન્ને સંપાદન વૈશ્વિક વેપાર કોરિડોરમાં કંપનીના લીવરેજને વધારે છે.

# શ્યામ ગ્રુપના સ્થાપના દિનની સેવાકાર્ય થકી ઉજવણી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સ્વામિનારાયણ ચોકમાં માનવ સેવા જીવ દયાના સૂત્ર સાથે ૧૫ મો શ્યામ ગૃપનો સ્થાપના દિન ઉજવાયો. આ પ્રસંગે સેવાકાય કાર્યની હારમાળા સર્જાઈ હતી.

જરૂરીયાતમંદોને રાશન કીટ વિતરણ, સ્વામિનારાયણ ચોકમાંથી પસાર થતાં દરેક નાગરિકને છાશ વિતરણ, ચકલીના માળા, પક્ષીઓ માટે પાણીના કુંડા તથા સ્લમ વિસ્તારમાં ફુડ વિતરણ જેવી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી હતી.




આ શુભ પ્રસંગે રાજકોટના લોકમેળા ફેઈમ કલાકાર, તુલસીદાસ ગોંડલીયા - એ નિશુલ્ક પોતાની કલાનો સદઉપયોગ કરેલ હતો. આ શુભ દિને રાજકોટના ભા.જ.પ. શહેર પ્રમુખ માધવભાઈ દવે, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, લલિતભાઈ વાડોલીયા, વોર્ડ નં. ૧૩ ના પ્રમુખ સંદીપભાઈ અંબાસણા, ભાજપ અગ્રણી જીતુભાઈ સેલારા, યુવા ભાજપ સ્વામિનારાયણ ચોકના વેપારી એસોસેએશનના પ્રમુખ બાલાભાઈ બોળીયા, પૂર્વ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખભાઈ ભંડેરી, પૂર્વ મેયર ડો. પ્રદિપભાઈ ડવ, પૂર્વ શહેર પ્રમુખ કમલેશભાઈ મિરાણી, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પૂજારા, હાઉસીંગ ચેરમેન નિતિનભાઈ રામાણી, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ શહેર બક્ષી પંચ મોરચાના પ્રમુખ અગ્રણી શૈલેષભાઈ ડાંગર તેમજ અન્ય સેવાકીય સંસ્થાના અગ્રણીઓ પધારી આ સેવાકીય કાર્યના ભાગીદાર બનેલ હતા.

આ ભગિરથ કાર્યને સફળ બનાવવા શ્યામ ગૃપના પ્રમુખ નારણભાઈ બોળીયા, રોહિતભાઈ બોળીયા, ભરતભાઈ બોળીયા, દિનેશભાઈ બોળીયા, શ્યામ બોળીયા તેમજ શ્યામ ગૃપના સભ્યોએ જહેમત ઉઠાવી સમારોહને ચાર ચાંદ લગાવેલ હતા.

# સીબીએસઈ બોર્ડમાં સફળ થયેલા છાત્રોને અભિનંદન પાઠવતા કોર્પોરેશનના પદાધિકારીઓ

**અબતક, રાજકોટ**







મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, માધ્યમિક શિક્ષણ અને આનુસાંગિક શિક્ષણ સમિતિના ચેરમેન રસિલાબેન સાકરીયા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, બોર્ડની પરીક્ષામાં ઉતીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે ખુબ ખુબ શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થી જીવનનો સુવર્ણ સમય એ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાના પરીણામનો છે. ધોરણ-૧૦એ વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દીનો પાયો ગણાય છે જેના પર જ કારકિર્દીની ઈમારતનું ચણતર કરવામાં આવે છે. આ પરીક્ષાના પરીણામ બાદ વિદ્યાર્થીઓને સાયન્સ, કોમર્સ, આર્ટ્સ વગેરે જેવા પ્રવાહમાં પોતાની કારકિર્દીના ઘડતર કરવા માટે એક નવી દિશા મળે છે. ધોરણ-૧૨ના પરીણામ પર મેડીકલ, એન્જીનીયરીંગ, ફાર્મસી, બેચરલ ઓફ સાયન્સ વગેરે જેવા અલગ અલગ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી પોતાના જીવનનું ઘડતર કરી શકે છે.

મનુષ્યના જીવનના દરેક તબક્કે અનેકવિધ કસોટીઓ આવતી હોય છે જેથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષામાં ઓછા ટકા સાથે ઉતીર્ણ થયેલ તેમજ નાપાસ થયેલ વિદ્યાર્થીઓએ નાસીપાસ થવાની જરૂર નથી. ભવિષ્યમાં ફરી ખૂબ મહેનત અને પુરા આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવાથી જવલંત સફળતા ચોક્કસપણે પ્રાપ્ત થાય છે.

# બાજ ખેડાવાળ બ્રાહ્મણ સમાજનું ગૌરવ


**અબતક, રાજકોટ**



રક્ષાબેન રાજેશભાઈ જોષી (બાબરાવાળા)ના પુત્ર જયને ધો. ૧૦માં અંગ્રેજી માધ્યમમાં ૯૭.૧૪ પીઆર અને એ-૧ ગ્રેડ મેળવ્યો છે. જયને તેના માતા-પિતા, બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિ અને સમસ્ત બ્રહ્મસમાજનું ગૌરવ વધારેલ છે. તેના સગા-સંબંધીઓ મિત્રો તરફથી અભિનંદનની વર્ષાઓ મળી રહી છે. તેમના નાના-નાની સગુણાબેન અનિલભાઈ દવે (બગસરાવાળા) પરિવારે જયને આશિર્વાદ આપી ખુબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા આપી છે. જેમના મો. નં. ૯૭૨૪૨ ૩૨૭૦૫ પર ખુબ જ શુભેચ્છાઓ મળી રહી છે.

# આર્ટ ઓફ લીવીંગ દ્વારા બાળકો માટે સમર કેમ્પનું આયોજન

**અબતક, રાજકોટ**



આર્ટ ઓફ લીવીંગના વારદ આશ્રમ ખાતે તા. ૨૪-૫ થી ૨૮-૫-૨૫ સુધી સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આર્ટઓફ લીવીંગના સ્થાપક હીઝ હોલીનેસ શ્રી શ્રી રવિશંકરજીના અનુયાયી ક્રિષ્ના કોટકના સાનિધ્યમાં બાળકો માટે આયોજન કરવામાં આવશે. જેમાં આર્ટ ઓફ લીવીંગના ઉત્કર્ષ યોગા અને મેધા યોગ લેવલ-૧ કરાવવામાં આવશે. જેમાં સુદર્શન ક્રિયા ધ્યાન યોગા, પ્રાણાયાય, હિસ્ટોરીકલ સ્ટોરી, આઉટ ડોર ગેમ્સ, ઈન્ડોર ગેમ્સ, ફુડ એવરનેસ શીખવવામાં આવશે. આ કેમ્પમાં ગ્રુપ એકટીવીટી દ્વારા લીડર શીપ એકટીવીટી, રીલેશન શીપ મેનેજમેન્ટ, સ્ટ્રેસ મેનેજમેન્ટ શિખવવામાં આવશે. આ સમર કેમ્પમાં બાળકોને ડાન્સ, ડ્રામા કલે આર્ટ સહિતની એકસ્ટ્રા એકટીવીટી પણ કરાવવામાં આવશે. સમર કેમ્પની વધુ માહીતી માટે આયોજક ક્રિષ્ના કોટક મો. નં. ૯૮૨૫૬ ૫૫૫૨૨ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# લોધિકા ઈન્ડસ્ટ્રીયલ એસો. દ્વારા શુક્રવારે મહારકતદાન શિબિર

**અબતક, રાજકોટ**

ઉનાળાની સખત ગરમીમાં તથા વેકેશન હોવાથી બ્લડડોનેશન કેમ્પ ખૂબજ ઓછા થતા હોવાથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અત્યારે તમામ પ્રકારના બ્લડની અછત રહેલી હોય છે. રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા આશયથી, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી તા. ૧૬.૫ શુક્રવાર સવારે ૮ થી ૧ વાગ્યા સુધી સેન્ટર ઓફ એકસેલન્સ, પ્લોટનં. જી ૧૦૫/એ.૧ ઓલમાઈટી ગેઈટ, જી.આઈ.ડી.સી. મેટોડા ખાતે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં નરેન્દ્રસિંહ કે. જાડેજા પ્રમુખ, વિનેશકુમાર પટેલ ઉપપ્રમુખ ચંદ્રકાંત ભાલારા સેક્રેટરી, શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવિલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા વિનંતી છે.

કોઈના જન્મદિવસ કે સ્મૃતિ રૂપે રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રકતદાન કેમ્પનું આયોજન કરવા, ત્વચાદાન, દેહદાન, અંગદાન, અન્ય કોઈપણ કાર્ય માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી ૯૪૨૮૨૦૦૬૬૦નો સંપર્ક કરવા જણાવેલ છે.

## પછાત વર્ગ મ્યુનિ. કર્મચારી મંડળ દ્વારા

# જયુબિલી બાગમાં જયોતિબા ફુલેની પ્રતિમા નજીક લાઈટની વ્યવસ્થા કરવા રજૂઆત

**અબતક, રાજકોટ**

ભારતદેશનાં પીડિત, શોષિત, વંચિત, બહુજન સમાજનાં શિક્ષક મહાત્મા જયોતિબા ફૂલેનો જન્મ માળી સમાજ માં મહારાષ્ટ્રનાં સતારા જીલ્લામાં તા. ૧૧/૦૪/૧૮૨૭ નાં રોજ થયો હતો. એ જમાનામાં મહાત્મા જ્યોતિબા ફૂલે એ દેશનો વંચિત સમાજ શિક્ષણ મેળવે તેવા મક્કમ નિર્ધાર સાથે શિક્ષણની અને સામાજિક જાગૃતિ ફેલાવવાની કામગીરી શરુ કરીઓ હતી.

રાજકોટ મહાનગર પાલિકાનાં તંત્ર સમક્ષ મહાત્મા જ્યોતિબા ફૂલેની પ્રતિમા જયુબેલી બાગનાં બગીચામાં મુકવા માટેની માંગણીઓ અને રજુઆતો કરવામાં આવી હતી.અસંખ્ય રજુઆતો/ માંગણીઓ ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકા તંત્ર દ્વારા રાજકોટ શહેરનાં જયુબેલી બાગનાં બગીચામાં તેમની ફૂલ હાઈટ વાળી પ્રતિમા (પગથીયા વગર) તા. ૧૪/૦૯/૨૦૦૫ બુધવાર નાં રોજ તે સમયનાં મેયર ગૌરીબેન સિંધવનાં હસ્તે મહાત્મા જ્યોતિબા ફૂલેની પ્રતિમાની અનાવરણ વિધિ કરવામાં આવેલ હતી.

મહાત્મા જ્યોતિબા ફૂલેની હાલ જે પ્રતિમા ફૂલ હાઈટની છે. અને પગથીયા નથી. જેના કારણે ફૂલેની જન્મ જયંતી પ્રસંગે અને તેમના નિર્વાણ દિન નિમિતે તેમની પ્રતિમાને અભિવાદન કરવા આવતા મહાત્મા જ્યોતિબા ફૂલે નાં અસંખ્ય અનુયાયીઓને અગવડતાઓ પડે છે.

ઉપરોકત રજૂઆતને ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકાનાં જયુબેલી બાગનાં બગીચામાં મહાત્મા જ્યોતિબા ફૂલેની ફૂલ હાઈટ વાળી પ્રતિમા એ અનુયાયીઓને ફૂલહાર અભિવાદન કરવા માટે પગથીયા બનાવવા તેમજ પ્રતિમા એ ઈલેક્ટ્રિક પોલ મુકીને લાઈટ કરવા પછાત વર્ગ મ્યુ. કર્મચારી મંડળે રજૂઆત કરી છે.

# લગ્નની જીદ કરતી કિશોરીને સાચી જીવનરાહ બતાવતી અભયમ ટીમ

## પ્રેમસંબંધમાં પડેલી ૧૭ વર્ષની કિશોરીનું કાઉન્સેલીંગ કરી ૧૮૧ મહિલા અભયમ ટીમની સરાહનીય કામગીરી

**અબતક, રાજકોટ**

કિશોરીના સબંધીઓએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી જણાવ્યું હતું કે તેમની ૧૭ વર્ષીય દીકરી પ્રેમ સંબંધમાં હોવાથી દીકરીના આ વર્તનના કારણે પરિવારમાં તણાવ સર્જાયો હતો અને આ તણાવ વચ્ચે દીકરીએ આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો હતો. મહિલા હેલ્પલાઈનની ટીમને જાણ થતા ટીમ તુરંત જ ઘટનાસ્થળે પહોંચી પરિવારના સભ્યો સાથે સંવાદ અને કિશોરી સાથે ધીરજપૂર્વક વાત કરી હતી. કિશોરીએ ખુલાસો કર્યો કે છેલ્લા એક વર્ષથી તે એક યુવક સાથે સોશિયલ મીડિયા મારફતે સંપર્કમાં છે અને બંને વચ્ચે પ્રેમ થયો છે. જો કે યુવકની ઉંમર માત્ર ૧૯ વર્ષ છે અને કિશોરી પોતે પણ અપરિપક્વ છે.

કિશોરીએ પોતાના પ્રેમ સંબંધ અંગે પરિવારને માહિતી આપ્યા પછી થતું દબાણ સહન ન કરી શકતાં આત્મહત્યાનું પગલું ભરવાનો પ્રયાસ કર્યો હતો. સદભાગ્યે માતાએ સમયસર દીકરીનો જીવ બચાવ્યો હતો. ૧૮૧ અભયમ ટીમના કુશળ કાઉન્સિલરોએ કિશોરીને સમજાવ્યું કે પ્રેમ લાગણીઓ સ્વાભાવિક છે, કાઉન્સેલિંગ બાદ કિશોરીએ વચન આપ્યું કે હવેથી તે કદી આત્મહત્યાનો વિચાર નહીં કરે અને પોતાની કારકિર્દી તરફ ધ્યાન આપશે. પરિવારજનોએ પણ ૧૮૧ ટીમનો દિલથી આભાર માન્યો કે જેમણે સમયસર માર્ગદર્શન આપી કિશોરીનું જીવન બચાવ્યું અને તેને સાચા માર્ગે દોરી.

# તોરણીયામાં શ્રીમદ રાજચંદ્ર સેવા ગ્રુપ દ્વારા કાલે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડની અછત રહેતી હોય છે. ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલના જરુરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા આશયથી શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી તા. ૧૫-૫ ગુરુવાર સવારે ૧૦ થી બપોરે ૪ વાગ્યા સુધી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તોરણીયા તા. ધોરાજી જી. રાજકોટ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પરિવાર શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવીલ હોસ્પિટલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનવ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા અપીલ કરવામાં આવી છે.

વધુ માહીતી માટે વિનય જસાણી મો. નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# રામાણી પરિવારનું ગૌરવ

**અબતક, રાજકોટ**



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા સને ફેબ્રુઆરી-૨૦૨૫ માં લેવાયેલ ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષાના તાજેતરમાં જાહેર થયેલ પરિણામમાં અત્રેની સિવીલ કોર્ટમાં આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હરકિશનભાઈ રામાણીના પુત્ર રામાણી ગૌરાંગ હરકિશનભાઈએ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮૧.૧૭ પી.આર. મેળવી સમગ્ર રામાણી પરિવાર તથા લેઉવા પટેલ સમાજ તેમજ બીએપીએસ સ્વામીનારાયણ વિદ્યા મંદિર ગોંડલનું ગૌરવ વધારેલ છે. ભવિષ્યમાં ગૌરાંગ તબીબી ક્ષેત્રમાં આગળ વધી સમાજ સેવા કરવાની ઈચ્છા ધરાવે છે.


આ તકે શાળાના ગુરુજનો તથા ગૌરાંગના માતા દિવ્યાબેન, પિતા હરકિશનભાઈ, મોટા બહેન હેન્સીબેન તથા સર્વે પરિવારજનો દ્વારા ગૌરાંગ ઉપર અભિનંદનની વર્ષા થઇ રહી છે.

# કાઠીયાવાડ બાલાશ્રમના તમામ વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ પરિણામ

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક શૈક્ષણિક બોર્ડ દ્વારા લેવાયેલા ધો. ૧૦ ની પરીક્ષામાં ગુજરાત સરકાર દ્વારા ચાલતી સંસ્થાઓમાં રાજકોટની કાઠીયાવાડ બાલાશ્રમ, સ્પે. હોમ ફોર ગર્લ્સ અને સ્પે. હોમ ફોર બોયઝ, ભગવતસિંહજી બાલાશ્રમ ગોંડલના બધા જ દિકરા-દિકરીઓ સારા પરિણામ સાથે ધો. ૧૦ માં બોર્ડની પરીક્ષા પાસ કરીને સફળતા મેળવેલ છે. તે સર્વે બાળકોને સામાજીક ન્યાય અને અધિકારીતા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા તથા બાળ કલ્યાણ સમિતિના ચેરમેન અને સર્વે સભ્યઓ તેમજ સમાજ સુરક્ષાની પુરી ટીમ જિલ્લા બાળ સુરક્ષા એકમની ટીમ તેમજ દરેક સંસ્થાના અધિક્ષકો અને શિક્ષકોમાં આનંદની લાગણી પ્રવર્તી રહી છે બાળકો તેમજ સમગ્ર ટીમને અભિનંદ પાઠવેલ છે.

# રૂડાના પૂર્વ સલાહકાર અને અર્બન પ્લાનર કે. બી. પાનખાનીઆનો આજે જન્મ દિવસ



શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગનાં અર્બન પ્લાનર કે. બી. પાનખાનીઆ આજે ૭૬ માં વર્ષમાં પ્રવેશ કરી રહયા છે. ૪૦ વર્ષથી વધુ સમય ગુજરાત સરકારના મહત્વના અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ હેઠળના શહેરોમાં મહત્વની વધારાની ફરજો બજાવી છે. જેમાં ધોલેરા ઓથોરીટી, વાડા વાડીનાર ઓથોરીટી, પૂર્વ મુખ્યમંત્રી મોદીની સીધી દેખરેખ હેઠળ ગીફટ સીટી, ઉપરાંત કચ્છના ભુકંપ ગ્રસ્ત વિસ્તારોની સફળતા પૂર્વકની ઝડપી કામગીરી બજાવતા સરકાર ધ્વારા બિરદાવેલ છે. હાલ પ્રજાપતિ સમાજની અમૃત કન્યા છાત્રાલય રાજકોટમાં ૩૫ વર્ષોથી પ્રમુખ તરીકે તેમજ ઉપેન્દ્રભાઈ માંડુભાઈ ગોહિલ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે ક૨૭ વર્ષોથી માનદ સેવા આપી રહ્યા છે. તેઓને ૭૬ માં જન્મદિનની મો. નં. ૯૮૨૫૨ ૧૯૬૦૯ ઉપર શુભેચ્છા વર્ષા થઇ રહી છે.

# શનિવારે રાજકોટ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારની સૂચના મુજબ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક દર માસના ત્રીજા શનિવારે યોજવામાં આવે છે. જે મુજબ રાજકોટ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની મે માસની બેઠક તા. ૧૭ મે, ૨૦૨૫ના રોજ શનિવારે સવારે ૧૧ કલાકે જિલ્લા કલેક્ટર કચેરીના મુખ્ય સભા ખંડ ખાતે યોજવામાં આવશે, જેની સમિતિના સભ્યોએ નોંધ લેવા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# સિટી વુમન્સ કલબ દ્વારા મેરે હમ સફર મ્યુઝીકલ પ્રોગ્રામ યોજાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ સીટી વુમન્સ કલબ દ્વારા સૌપ્રથમવાર સભ્ય બહેનો તથા રાજકોટ શહેરની સંગીતપ્રિય જનતા માટે 'મેરે હમસફર મ્યુઝીકલ પ્રોગ્રામ' તા. ૦૫/૦૫/૨૦૨૫ સોમવારે રાત્રે ૯.૩૦ કલાકે - એક નારી શક્તિનું ઉદાહરણ પુરૂ પાડતા એક મ્યુઝીકલ ટીકીટ શો - હેમુગઢવી હોલ ખાતે 'ભારત રત્ન' સન્માનિત મનોજકુમારની ફિલ્મોની યાદગાર ગીતોની પ્રસ્તુતિ ગુજરાતના નામાંકિત કલાકારો દ્વારા એક-એકથી ચડે તેવા ગીતો રજૂ કરવામાં આવેલ.

અમદાવાદના સુપર સીંગર ઈરફાન દિવાન - અમદાવાદ અશ્વીની મહેતા, રાજકોટ વગેરે ગીતોની રમઝટ બોલાવેલ એન્કર પ્રિતેશ બારોટ, રાજુ ત્રિવેદીના સથવારે ઓડીયન્સ નાચી ઉઠેલ. રાજકોટ સીટી વુમન્સ કલબના પ્રમુખ પ્રીતીબેન શાહ અને માર્ગદર્શક પ્રફુલાબેન મહેતાનો એક જ ધ્યેય છે કે વુમન્સ કલબના સભ્ય બહેનોને મનગમતા કાર્યક્રમ આપવા.

આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય રાજકોટ નાગરીક બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક તથા ડીરેકટરો સાથે સુનિલભાઈ શાહ, પ્રમુખ પ્રીતીબેન શાહ, માર્ગદર્શક પ્રફુલાબેન મહેતા, ઉપપ્રમુખ મીરાબેન દોશી, અલ્પાબેન દોશી, અલ્કાબેન ગોસાઈ વગેરેના હસ્તે કરવામાં આવેલ. આ મ્યુઝીકલ, નાટક, હાસ્ય દરબાર, પીકનીક, નવરાત્રી, ગરબા જેવા જોરદાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૭ કાર્યક્રમો હેમુ ગઢવી હોલ ખાતે બહેનોને આપવામાં આવે છે. વધુ વિગત માટે પ્રફૂલાબેન મહેતા મો.નં.૯૪૨૮૮ ૯૦૨૭૭, મીરાબેન દોશી. ૯૯૦૯૩ ૦૦૦૭૭ પર સંપર્ક કરવો.

# મુસાફરોનો મરોઃ ૨૩૪ સિટી-બીઆરટીએસ બસ પૈકી ૧૫૨ બંધ

## ઈન્દિરા સર્કલ પાસે સિટી બસે સર્જેલા જીવલેણ અકસ્માત બાદ છેલ્લા એક મહિનાથી સિટી બસ અને બીઆરટીએસના ધાંધીયાઃ ટેન્ડરની શરત મુજબ એજન્સીને દૈનિક લાખોનો દંડ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની રાજકોટ રાજપથ લીમીટેડ દ્વારા શહેરમાં આંતરિક પરિવહન માટે સિટી બસ અને બીઆરટીએસ બસ ચલાવવામાં આવી રહી છે. ગત મહિને સિટી બસના ચાલકે સર્જેલા ગમખ્વાર અકસ્માતમાં ચાર વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. આ ઘટનાને એક મહિનો વિતી ગયા બાદ પણ કોર્પોરેશનની સિટી બસ સેવાનું ગાડું પાટે ચડતું નથી. ૨૩૪ સિટી અને બીઆરટીએસ બસ પૈકી આજે ૧૫૨ બસ બંધ રહી હતી. જેના કારણે મુસાફરોએ પારાવાર પરેશાનીનો સામનો કરવો પડે છે.

ટેન્ડરની શરત મુજબ એક બસ બંધ રહે તો એજન્સીને દૈનિક ૨૦૦ કિ.મી.ની પેનલ્ટી ફટકારવામાં આવે છે. રોજ લાખો રૂપિયાનો દંડ ભોગવી રહેલી બે એજન્સીઓને પણ રાજકોટમાં સિટી બસ કે બીઆરટીએસ બસ સેવા યથાવત કે નિયમિત ચાલુ રહે તેમાં રસ ન હોય તેવું લાગી રહ્યું છે.

કોર્પોરેશન દ્વારા શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બીઆરટીએસ રૂટ પર ૨૮ બસ દોડાવવામાં આવે છે. આજની તારીખે માત્ર બીઆરટીએસ રૂટ પર ૧૫ બસ જ દોડી રહી છે. જ્યારે શહેરના અલગ-અલગ રૂટ પર ૨૦૬ સિટી બસ દોડાવવામાં આવે છે. જે પૈકી માત્ર ૬૭ સિટી બસ આજે ચાલુ હતી. બાકીની ૧૩૯ બસના પૈડાં થંભી ગયા હતા. સિટી બસ અને બીઆરટીએસ બસ ચલાવવાનો કોન્ટ્રાક્ટ પીએમઆઈ અને મારૂતિ નામની એજન્સીને આપવામાં આવ્યો છે. ટેન્ડરની શરત મુજબ જો કોઈ કારણોસર સિટી બસ કે બીઆરટીએસ બસ બંધ રહે તો એક બસદીઠ દૈનિક ૨૦૦ કિલોમીટરની એટલે કે રૂ.૧૦,૦૦૦ની પેનલ્ટી ફટકારવામાં આવે છે. આજે ૧૫૨ બસ બંધ હતી એટલે કે એજન્સીને ૧૫ લાખથી પણ વધુની પેનલ્ટી ઝીંકવામાં આવી છે. બીજી તરફ ગત મહિને અકસ્માતની ઘટના બાદ એજન્સી દ્વારા જવાબદારી લેવામાં આવતી ન હોવાના કારણે અનેક ડ્રાઈવરોએ રાજીનામા આપી દીધા છે. જ્યારે હીટવેવમાં ઓવર હીટીંગના કારણે અનેક સિટી બસની બેટરીમાં ટેકનીકલ ફોલ્ટ સર્જાયો હોવાના કારણે તે બંધ હાલતમાં પડી છે. કેટલાક ડ્રાઈવરો સિંગલ શિફ્ટમાં નોકરી કરવાના બદલે બદલ શિફ્ટમાં નોકરી કરવાની માંગણી કરી રહ્યા છે. સલામતીને ધ્યાનમાં રાખી આવું શક્ય ન હોય હાલ કોઈ નિર્ણય લેવાતો નથી. જેના કારણે શહેરમાં આંતરિક પરિવહન સેવા ખોરવાઈ જવા પામી છે. કોર્પોરેશનના પદાધિકારીઓ કે અધિકારીઓને પણ ઝડપથી સિટી બસ કે બીઆરટીએસ બસની સેવા ફૂલ ફ્લેઝમાં શરૂ થાય તેમાં રસ ન હોય તેવું લાગી રહ્યું છે. પરિણામે મુસાફરો હાલ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. રિક્ષાચાલકોએ ઉઘાડી લૂંટ શરૂ કરી દીધી છે. મન ફાવે તેવા ભાડા વસૂલવામાં આવી રહ્યા છે.



# બાર એસો.ના પદ ઉપર 30% મહિલા અનામત રાખવા સુપ્રીમનો આદેશ

## ખજાનચીનું પદ પણ મહિલા વકીલ માટે જ અનામત રાખવા હુકમ

**અબતક, રાજકોટ**

સુપ્રીમકોર્ટે એક મહત્ત્વના આદેશ મારફતે ગુજરાત રાજયમાં ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશન સહિત રાજયના તમામ બાર એસોસિએશનમાં કારોબારી સમિતિ (એકઝીકયુટિવ કમિટી)માં મહિલા વકીલો માટે 30 ટકા અનામત રાખવા હુકમ કર્યો છે. સાથે સાથે તમામ બાર એસોસિએશનમાં ખજાનચીના મહત્ત્વનું પદ પણ મહિલા વકીલ માટે જ અનામત રાખવા પણ હુકમ કર્યો છે. સુપ્રીમકોર્ટના જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કોટિશ્વરસિંહની ખંડપીઠે ગુજરાતના વિવિધ બાર એસોસિએશન અને ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણીઓમાં મહિલા વકીલો માટે ૩૩ ટકા અનામત રાખવા માંગણી કરતી પિટિશનમાં આ આદેશ કર્યો હતો.

નોંધનીય છે કે, ગુજરાત બાર કાઉન્સીલ અને બાર કાઉન્સીલ ઑફ ઈન્ડિયામાં મહિલા વકીલો માટે ૩૩ ટકા અનામત મામલે પાછળથી વિચારણા કરવાનું જણાવી સુપ્રીમકોર્ટે આ પિટિશનનો નિકાલ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટની મહિલા વકીલ મીના જગતાપ દ્વારા સુપ્રીમકોર્ટમાં દાખલ કરાયેલી પિટિશનમાં ગુજરાત રાજ્યના વિવિધ બાર એસોસિએશન અને ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણીમાં મહિલાઓ માટે યોગ્ય કે પૂરતી અનામત રાખવામાં આવતી નથી. ખરેખર બંધારણમાં મહિલાને પણ સમાન અધિકાર આપવામાં આયા છે, તેમ છતાં મહિલાઓ પરત્વે ઉપેક્ષાભર્યું વલણ દાખવવામાં આવે છે. સુપ્રીમકોર્ટ સંબંધિત ચુકાદા મુજબ, ૩૩ ટકા અનામતની જોગવાઈનો લાભ અપાતો નથી. વળી, વિવિધ બાર એસોસિએશન અને બાર કાઉન્સીલમાં મહિલાઓ માટે અનામત નહીં રાખવાથી ભારતના બંધારણની કલમ-૧૪, ૧૫ અને ૧૬નો પણ ભંગ થાય છે. ખાસ કરીને મહિલાઓ પ્રત્યેના તમામ પ્રકારના ભેદભાવ દૂર કરવાના પ્રયાસો થાય તે જરૂરી છે. બીજીબાજુ, ગુજરાત રાજયમાં મહિલા વકીલોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે અને તેઓ એડવોકેટ તરીકે નોંધણી કરાવી આગળ આવી રહી છે, ત્યારે વિવિધ બાર એસોસિએશન અને ગુજરાત બાર કાઉન્સીલમાં જૂદા-જૂદા હોદાઓ પર મહિલાઓનું પ્રતિનિધિત્વ નહીવત છે.

સુપ્રીમ કોર્ટે સુપ્રીમકોર્ટ બાર એસોસીએશન, દિલ્હી, કર્ણાટક, બેંગ્લુરુ સહિતના બાર એસોસિએશનના કેસમાં મહિલા વકીલો માટે અનામત રાખવા અંગેના હુકમો જારી કરેલા છે. તેથી ગુજરાત રાજયના કિસ્સામાં પણ મહિલા વકીલો માટે પૂરતી, યોગ્ય અને વાજબી અનામત રાખવામાં આવે તે અનિવાર્ય છે. તમામ રજૂઆત સાંભળ્યા બાદ સુપ્રીમકોર્ટે અનામત ફરજિયાત રાખવાનો હુકમ કર્યો હતો.

# ૭૪ વેપારીઓ પાસેથી પકડાયું પ્રતિબંધીત પ્લાસ્ટીક

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૭૪ આસામીઓ પાસેથી ૪.૩ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૮૫૫૦ નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.



સેન્ટ્રલ ઝોનમાં ૨૯ આસામીઓ પાસેથી ૧.૮૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૭૩૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૪ આસામીઓ પાસેથી ૧.૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૮૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૧ આસામીઓ પાસેથી ૧.૩૩ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૪૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

# ધોરણ ૧૦ના વિધાર્થીઓ પૂરક પરીક્ષાના ફોર્મ ૨૦મી સુધી ભરી શકશે

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મંગળવારથી ધોરણ ૧૦ની પૂરક પરીક્ષા માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરી છે. વિદ્યાર્થીઓ ૨૦ મે સુધી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. આ પૂરક પરીક્ષા એવા વિદ્યાર્થીઓને બીજી તક આપે છે જેઓ ધોરણ ૧૦ ની બોર્ડ પરીક્ષામાં એક અથવા વધુ વિષયોમાં નાપાસ થયા છે. વધુમાં, જે વિદ્યાર્થીઓ તેમના પરિણામોથી અસંતુષ્ટ છે અને તેમનું પ્રદર્શન સુધારવા માંગે છે તેઓ પણ પૂરક પરીક્ષામાં બધા વિષયોની પરીક્ષા આપી શકે છે. બોર્ડે પાત્ર વિદ્યાર્થીઓને છેલ્લી ઘડીની કોઈપણ સમસ્યાઓ ટાળવા માટે નિર્ધારિત સમયમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા વિનંતી કરી છે. પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને મદદ કરવા માટે બોર્ડની વેબસાઈટ પર વિગતવાર માર્ગદર્શિકા અને સૂચનાઓ ઉપલબ્ધ છે. પૂરક પરીક્ષાઓ વિદ્યાર્થીઓને આખું શૈક્ષણિક વર્ષ ગુમાવ્યા વિના તેમની શૈક્ષણિક પ્રગતિ સુરક્ષિત કરવાની મહત્વપૂર્ણ તક પૂરી પાડે છે. ઉમેદવારો માટે એક વિષયની પરીક્ષા માટે ૧૫૦ રુપિયા, બે વિષય માટે ૨૫૧ રુપિયા અને ત્રણ વિષય માટે ૨૭૫ રુપિયા જ્યારે ત્રણથી વધુ વિષય માટે ૩૯૫ રુપિયા ફી નિયત કરવામાં આવી છે. તેમજ કન્યા ઉમેદવાર, કે દિવ્યાંગ ઉમેદવારોને પરીક્ષા ફી ભરવાથી મુક્તિ આપવામાં આવી છે. એ પણ સુચિત કરવામાં આવ્યું છે કે પુરક પરીક્ષા ૨૦૨૫ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે.

# ગાંધીનગરના સચિવાલયના કર્મીઓને બખ્ખાઃ "નાસ્તા" ખર્ચમાં ૧૫૦%નો વધારો

## અધિકારીઓ દ્વારા જે તે વિભાગમાં કરવામાં આવતા નાસ્તા અને ભોજનના ખર્ચમાં ૧૫૦ ટકાનો વધારો કરવાનો મુખ્યમંત્રીનો નિર્ણય

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા અધિકારીઓ પાસે આવતા અરજદારો અતિથિઓના નાસ્તા અને ભોજનના ખર્ચમાં ૧૫૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. સરકારના સચિવ કક્ષાના અધિકારીઓની નાસ્તા માટે વ્યક્તિગત રૂપિયા ૨૦ ની જગ્યાએ રૂ. ૫૦ કરાયો છે. બપોરનું કે રાતનુ ભોજન વ્યક્તિગત રૂપિયા ૧૦૦ ની જગ્યાએ રૂપિયા ૨૫૦ કરાયા છે. વાર્ષિક રૂપિયા ૧૦,૦૦૦ ની જગ્યાએ રૂ. ૨૫૦૦૦ કરાયા છે. સચિવ કક્ષાના અધિકારીઓ દ્વારા આતિથ્ય ખર્ચમાં પણ ૧૫૦ ટકાનો વધારો થયો હતો. નાયબ સચિવ કક્ષાના અધિકારીઓ માટે નાસ્તા માટે વ્યક્તિગત રૂ. ૧૫ ની જગ્યાએ રૂ. ૩૫ કરાયા છે. નાયબ સચિવ કક્ષાના અધિકારીને ભોજન માટે ખર્ચની સત્તા નહી. તેમજ એડિશનલ કમિશ્નર કક્ષાના અધિકારીઓ માટે આતિથ્ય વાર્ષિક ખર્ચ રૂ. ૫૦૦૦ માંથી વધારીને ૧૨૫૦૦ કરાઈ હતી. ઉપર મુજબની મર્યાદા વર્ષ ૨૦૨૫-૨૬થી એટલે કે, તા. ૦૧/૦૪/૨૦૨૫ થી લાગુ થશે. આ સત્તા મર્યાદા કરતા વધુ ખર્ચ ન થાય તે દરેક અધિકારીએ સુનિશ્ચિત કરવાનું રહેશે. જો કોઈ ખાસ કારણોને લીધે આ સત્તા મર્યાદા કરતા વધારે ખર્ચ થાય તો સત્તા મર્યાદાના ૧૦% સુધી સુધીનો ખર્ચ સંબંધિત વિભાગના વડા, ખર્ચ વધારે થવાના કારણો ચકાસી મંજૂર કરી શકશે.

### કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીની કક્ષાએ ખર્ચની મર્યાદા વધારી

કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીની કક્ષાએ રૂ. ૧૫ થી ૩૫ વ્યક્તિગત નાસ્તા માટેનો ખર્ચની મર્યાદા વધારી હતી. કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીમાં બપોરનું કે રાત્રી ભોજન વ્યક્તિગત ૭૫ ની જગ્યાએ વધારીને રૂપિયા ૧૮૦ કરાયા હતા. જિલ્લાના વડા કે ખાતાના વડા માટે નાસ્તાની મર્યાદા રૂપિયા ૧૦ થી વધારી રૂપિયા ૨૫ કરાઈ છે. મહેમાનગતિ ખર્ચની મર્યાદા રૂા. ૩૦૦૦ થી વધારીને ૭૫૦૦ કરાઈ છે.

# માર્કેટિંગ યાર્ડમાં ચણા, ઘઉં અને સુકા મરચાની આવક ટોકન મુજબ સ્વીકારશે

**અબતક, રાજકોટ**

રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં દલાલોની હડતાળ સમેટાય જતા આજથી ફરી ધમધમાટ શરૂ થઈ ગયો છે. દરમિયાન ખેડૂતો માટે કેટલીક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે.ચણા, ઘઉં તથા સુકા મરચાની આવક રજીસ્ટ્રેશન ટોકન મુજબ આવક આવવા દેવામાં આવશે.

મગફળી, ધાણા, મેથી તથા લસણની આવક આજ રાત્રીના ૮.૦૦ વાગ્યા થી સવારના ૭.૦૦ વાગ્યા સુધી જ આવક આવવા દેવામાં આવશે. કપાસ, તુવેર, જીરૂ, એરંડા, કલોંજી, સફેદ તલ, મગ, કાળાતલ, વરીયાળી, રાજમાં તથા વટાણા તેમજ ઉપરોક્ત સીવાય ની અન્ય જણસીની આવક ૨૪ કલાક રાબેતા મુજબ આવવા દેવામાં આવશે. વાતાવરણ ની આગાહીને ધ્યાને લઈ માલ સલામત રીતે ઢાંકીને લાવવાનો રહેશે. તેમજ તમામ જણસી હરરાજી માર્કેટિંગ યાર્ડ ની વ્યવસ્થાને ધ્યાને લઈ શરૂ કરવામાં આવશે.

### કમોસમી વરસાદની આગાહીના પગલે ખેડૂતોને જણસી ઢાંકીને લાવવા અનુરોધ

# પાકિસ્તાને અટકાયત કરાયેલા બીએસએફ જવાન પૂર્ણમ કુમાર ભારત પરત

## પુર્ણમકુમાર છેલ્લા ૨૦ દિવસથી પાકિસ્તાનના કબ્જામાં હતાઃ આજે સવારે ૧૦.૩૦ વાગ્યે અટારી બોર્ડર પર ભારતને સોંપવામાં આવ્યા

**અબતક, નવી દિલ્હી**

પાકિસ્તાને ભારતના બીએસએફ જવાન પૂર્ણમ કુમાર શોને પરત સોંપ્યા છે. પાકિસ્તાની સેનાએ અટારી વાઘા બોર્ડરના માર્ગે ભારત-પાકિસ્તાન તણાવ દરમિયાન અટકાયત કરાયેલા બીએસએફ જવાનને પરત ભારતને સોંપ્યા છે. તે છેલ્લા ૨૦ દિવસથી પાકિસ્તાનના કબજામાં હતાં. બીએસએફ કોન્સ્ટેબલ પૂર્ણમ કુમારને આજે સવારે ૧૦.૩૦ વાગ્યે ભારતને સોંપવામાં આવ્યા હતાં. પહલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી હતી. તે સમયે ૨૩ એપ્રિલના રોજ બીએસએફ કોન્સ્ટેબલ પૂર્ણમ કુમાર ભૂલથી આંતરરાષ્ટ્રીય સરહદ ક્રોસ કરી પાકિસ્તાન પહોંચી ગયા હતા. જ્યાં પાકિસ્તાની સેનાએ અટકાયત કરી હતી. પંજાબના ફિરોજપુર સેકટરમાં તૈનાત પૂર્ણમની અટકાયત થતાં આર્મી અને પરિવારની ચિંતા વધી હતી. પૂર્ણમ કુમારની પત્ની રજનીને આશા હતી કે, ડીજીએમઓની વાતચીતમાં પૂર્ણમ કુમારનો મુદ્દો ઉઠાવવામાં આવશે. તેણે જણાવ્યું કે, ભારતીય સેનાએ ૩ મેના રોજ એક પાકિસ્તાની સેનાના જવાનની રાજસ્થાનમાંથી અટકાયત કરી હતી. ત્યારે લાગ્યું હતું કે, કદાચ મારા પતિને મુક્ત કરાશે. પરંતુ એમ ન બન્યું. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ફોન કરી સંભવિત તમામ મદદ કરવાની ખાતરી આપી હતી. ભારતીય સુરક્ષા દળોએ ૩ મે, ૨૦૨૫ના રોજ રાજસ્થાનના શ્રીગંગાનગર વિસ્તારમાં એક પાકિસ્તાની રેન્જર્સ સૈનિકની ધરપકડ કરી હતી. અહેવાલો અનુસાર, આ સૈનિક ભારતીય સરહદમાં ગેરકાયદેસર રીતે પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો, જેને બીએસએફના જવાનોએ રોકીને કસ્ટડીમાં લીધો. આ ઘટનાએ બંને દેશો વચ્ચેના સરહદી તણાવને વધુ જટિલ બનાવ્યો હતો, પરંતુ પૂર્ણમ કુમાર સાહુની મુક્તિ એક સકારાત્મક પગલું છે.

# ૧૦ ટકા વેરા વળતર યોજના ૩૧મીએ પૂરીઃ જૂનમાં મળશે પાંચ ટકા રિબેટ

## કોર્પોરેશનની વન ટાઈમ ઈનસ્ટોલમેન્ટ સ્કીમનો લાભ લેતા ૧,૧૨૦થી વધુ કરદાતાઓ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રમાણિક કરદાતાઓને વેરામાં વળતર આપવામાં આવે છે.હાલ ચાલતી ૧૦ ટકા વેરા વળતર યોજના ૩૧મેએ પૂરી થઈ જશે.જૂનથી વળતર અડધૂ થઈ જશે મિલ્કતવેરાના બાકીદારોને રાહત મળી રહે તે હેતુ થી વન ટાઈમ ઈનસ્ટોલમેન્ટ સ્કીમ અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના કરદાતાઓ સરળ રીતે બાકી વેરાની રકમને વાર્ષિક ધોરણે ચાર હપ્તા(જુનું ચડત + ચાલુ વાર્ષનો વેરો) થકી ભરી શકે છે જેથી બાકી મિલકતવેરામાં ચડત થતું વ્યાજ બંધ થાય છે. ઉપરાંત વર્તમાન સમય સુધીમાં વન ટાઈમ ઈનસ્ટોલમેન્ટ સ્કીમનો ૧,૧૨૦થી વધુ કરદાતાઓએ લાભ લીધો છે તથા વન ટાઈમ ઈનસ્ટોલમેન્ટ સ્કીમ યોજના તા.૩૧ સુધી અમલી રહેશે.

વેરા વળતર યોજનાનો ૧,૯૧,૫૯૭ કરદાતા દ્વારા રૂ.૧૨૦.૩૫ કરોડની વસુલાત થવા પામેલ છે. જેમાં કુલ ૧,૪૦,૦૩૬ કરદાતા દ્વારા ઓનલાઈન રૂ.૮૨.૭૬ કરોડ તથા ૫૧,૫૩૧ કરદાતા દ્વારા ચેક તથા રોકડા થી રૂ.૩૭.૫૯ કરોડ આવક થયેલ છે. વેરામાં ૧૩.૬૫ કરોડ જેટલી માતબર રકમ નું ડિસ્કાઉન્ટ એડવાન્સ વેરો ભરપાઈ કરનારને આપવામાં આવેલ છે.અર્લિ બર્ડ ડિસ્કાઉન્ટ સ્કીમનો લાભ લઈ કુલ ૧,૯૫,૬૫૭ કરદાતાઓએ વેરાની ચુકવણી કરેલ છે

આ ડિસ્કાઉન્ટ યોજના હેઠળ તા.૩૧ સુધી સામાન્ય કરદાતાઓને ૧૦% ડિસ્કાઉન્ટ અને મહિલાઓ માટે ૧૫% ડિસ્કાઉન્ટનું પ્રદાન કરવામાં આવે છે. ત્યારબાદ ૧ જુન ૨૦૨૫ થી ૩૦ જુન ૨૦૨૫ સુધી મહિલાઓ માટે ૧૦% ડિસ્કાઉન્ટ અને સામાન્ય કરદાતા માટે ૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. કરદાતાઓને આ યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# દેશમાં ચિપ આધારિત ઈ-પાસપોર્ટ સેવાનો પ્રારંભ

## વિદેશ પ્રવાસ કરતા ભારતીય નાગરિકોને ઘણા ફાયદા થશે, સાથે જ ઈમિગ્રેશન પ્રક્રિયા, સુરક્ષા અને સંપર્ક ટ્રેસિંગને પણ સરળ બનશેઃદેશમાં આ નવી પહેલ શરૂ થવાથી, ભારત યુએસ, યુકે, ફ્રાન્સ, જાપાન અને કેનેડા જેવા ૧૨૦ દેશોમાં જોડાયું

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે એક હાઈ-ટેક પહેલ હેઠળ દેશભરમાં ચિપ-આધારિત ઈ-પાસપોર્ટ સેવા શરૂ કરી છે. દેશમાં આ નવી સુવિધા શરૂ થવાથી વિદેશ પ્રવાસ કરતા ભારતીય નાગરિકોને ઘણા ફાયદા થશે, સાથે જ ઈમિગ્રેશન પ્રક્રિયા, સુરક્ષા અને સંપર્ક ટ્રેસિંગને પણ સરળ બનાવશે. દેશમાં આ નવી પહેલ શરૂ થવાથી, ભારત યુએસ, યુકે, ફ્રાન્સ, જાપાન અને કેનેડા જેવા ૧૨૦ દેશોમાં જોડાયું છે, જે પહેલાથી જ ઈ-પાસપોર્ટનો ઉપયોગ કરી રહ્યા છે.ઈ-પાસપોર્ટ એક ઈલેક્ટ્રોનિક દસ્તાવેજ છે. તેની પાછળ એક આરએફઆઈડી ચિપ અને એન્ટેના છે. આ ચિપ પાસપોર્ટ ધારકનું નામ, જન્મ તારીખ, પાસપોર્ટ નંબર, ચહેરો અને ફિંગરપ્રિન્ટ જેવી બાયોમેટ્રિક અને વ્યક્તિગત માહિતી સંગ્રહિત કરે છે. આ ડેટા આંતરરાષ્ટ્રીય સુરક્ષા નિયમો બીએસી, પીએ અને ઈએસી મુજબ એન્ક્રિપ્ટેડ છે.ઈ-પાસપોર્ટ સેવાનો પાયલોટ પ્રોજેક્ટ પ્રથમ તબક્કામાં નાગપુર, ભુવનેશ્વર, જમ્મુ, ગોવા, શિમલા, જયપુર, ચેન્નાઈ, હૈદરાબાદ, ગુજરાતના સુરત, રાયપુર, અમૃતસર, રાંચી, દિલ્હી જેવા શહેરોમાં લાગુ કરવામાં આવ્યો છે. ઈ-પાસપોર્ટ મેળવવા માંગતા નાગરિકો પાસપોર્ટ સેવા પોર્ટલ પર અરજી કરી શકે છે. તેમણે નજીકના પાસપોર્ટ સેવા કેન્દ્ર અથવા પોસ્ટ ઓફિસ પાસપોર્ટ કેન્દ્રની મુલાકાત લેવી પડશે અને બાયોમેટ્રિક માહિતી આપવી પડશે. નજીકના ભવિષ્યમાં ઈ-પાસપોર્ટમાં ડિજિટલ વિઝા, મોબાઈલ પાસપોર્ટ વોલેટ, આધાર અને ડિજીલોકર ઈન્ટીગ્રેશન જેવી સુવિધાઓ ઉમેરી શકાય છે. આ સુવિધા પ્રવાસીઓની મુસાફરીને સંપૂર્ણપણે ડિજિટલ અને પેપરલેસ બનાવશે.

### કેન્દ્ર સરકારનો જૂન ૨૦૨૫ સુધીમાં સમગ્ર દેશમાં અમલવારી કરવાનો લક્ષ્યાંક

કેન્દ્ર સરકારે જૂન ૨૦૨૫ સુધીમાં સમગ્ર દેશમાં તેનો અમલ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.ઈ-પાસપોર્ટ ઈમિગ્રેશન પ્રક્રિયાને સરળ અને આધુનિક બનાવશે. મુસાફરો હવે ઓટોમેટેડ અને કોન્ટેક્ટલેસ પ્રક્રિયાઓ દ્વારા ઈ-ગેટ દ્વારા પ્રવેશ કરી શકશે. આ નવી સુવિધા રાહ જોવા સહિતની ઘણી મુશ્કેલીઓ દૂર કરશે અને મુસાફરો સરળતાથી અને આરામથી મુસાફરી કરી શકશે.

# સિંહની વસતિ ગણતરી પૂર્ણઃ ટૂંક સમયમાં 'સાવજો'ની સંખ્યા જાહેર કરાશે

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

ગુજરાતના ડાલામથ્થા એશિયાટિક સિંહની ગણતરી ગઈકાલે સત્તાવાર રીતે પૂર્ણ થઈ છે. કોરોના બાદ પ્રથમ વખત થયેલ આ સિંહ ગણતરીમાં આ વખતે સાવજોની સંખ્યામાં 30% થી વધુ વધારો નોંધાય તેવું ગણતરીકારોનું માનવું છે. જો કે, આ વખતે ૧૧ જિલ્લામાં થયેલ ગણતરી માંથી અનેક જિલ્લામાં સિંહો નોંધાયા નથી. તથા જંગલ કરતા જંગલની બહારના વિસ્તારમાં સિંહો એ પોતાની ટેરેટરી વધારી હોવાનું સામે આવ્યું છે. રાજ્યના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના ૩૫૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં સિંહોની ગણતરી હાથ ધરવામાં આવી હતી, જેમાં ૩૨૦૦ થી વધુ ગણતરીકારો આ કામગીરીમાં જોડાયા હતા, ત્યારે આ ગણતરી કામગીરી દરમિયાન ૩૦ ટકાથી વધુ સિંહની સંખ્યામાં વધારો સામે આવે તેવું ગણતરીકારોનું માનવું છે.જુનાગઢ ગીર સોમનાથ તથા અમરેલી જિલ્લામાં સિંહની સંખ્યામાં વધારો જોવા મળ્યો હોવાનું જાણવા મળ્યું છે.

# લક્ષ્મીનગર વિસ્તારમાં મારામારી – પથ્થરમારો

## સગીર સહિત ચાર વિરુદ્ધ જાહેરમાં બખેડો કર્યાનો ગુનો: વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

**અબતક, રાજકોટ**

શહેરમાં સામાન્ય બાબતે મારામારી પથ્થરમારા ઘટનાઓ હવે સામાન્ય બની રહી છે. ત્યારે વધુ એક આવી ઘટના સામે આવી છે. શહેરના લક્ષ્મીનગર મેઈન રોડ વિસ્તારમાં સમી સાંજના ચાર શખસો જાહેરમાં બાખડી પડ્યા હતા પથ્થરમારો પણ થયાનું ચર્ચાઈ રહ્યું છે. જાહેરમાં બખેડો કરનાર આ શખસોને માલવીયાનગર પોલીસે ઝડપી લીધા હતા. જેમાં એક શખસ નશાની હાલતમાં હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે સગીર સહિત આ ચારેય શખસો સામે જાહેરમાં બખેડો કરવા અંગેનો ગુનો નોંધ્યો છે.




જાણવા મળતી વિગતો મુજબ, માલવીયાનગર પોલીસ મથકના કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ હેમંતસિંહ જાડેજા દ્વારા નોંધવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે શબ્બીર હનીફભાઈ લિંગડીયા (ઉ.વ ૨૩ રહે. ઉમાકાંત ઉદ્યોગ નગર શેરી નંબર ૭), સાહિલ રફિકભાઈ કોઠીયા (ઉ.વ ૨૪ રહે. લક્ષ્મીનગર શેરી નંબર-૩ સાવન), વિરેન્દ્રભાઈ ચાવડા (ઉ.વ ૨૪ રહે. મેઘમાયા શેરી નંબર-૧) અને લક્ષ્મીનગર શેરી નંબર ત્રણમાં રહેતા એક સગીરનું નામ આપ્યું છે.

કોન્સ્ટેબલે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે તે તથા લોકરક્ષક દિગ્વિજયસિંહ પેટ્રોલિંગમાં હતા.

દરમિયાન સાંજે ૭:૪૫ વાગ્યા આસપાસ કંટ્રોલરૂમમાંથી કોલ આવ્યો હતો કે મહાદેવવાળી ચોક લક્ષ્મીનગર મેઈન રોડ પર કેટલાક શખસો જાહેરમાં ઝઘડો કરે છે જેથી તેઓ તુરંત અહીં પહોંચ્યા હતા. અહીં આ શખસો ઝઘડો કરતા હોય પોલીસે તેમને છૂટા પાડી તેમના નામ પૂછ્યા હતા. દરમિયાન આરોપી સાવન ચાવડા નશાની હાલતમાં હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે આ ચારેય શખસો વિરુદ્ધ જાહેરમાં બખેડો કરવા અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

લક્ષ્મીનગર મેઈન રોડ પર જાહેરમાં બખેડો કરી મારામારી તથા પથ્થરમારો કરનાર આ શખસોનો વિડિયો પણ સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો હતો.બનાવ અંગે વધુ તપાસ માલવીયાનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અજયભાઈ વીકમા ચલાવી રહ્યા છે.

(પહેલા પાનાનું ચાલું)

### ગુજરાતમાં ચોમાસું...

ઉપખંડમાં સંભવિત ઝડપી અને વ્યાપક પ્રગતિ માટેનો માર્ગ મોકળો થાય છે, સાથે સાથે અનુકૂળ સમુદ્રી પરિસ્થિતિઓ પણ સર્જાઈ છે.

હવામાન વિભાગની લાંબા ગાળાની આગાહીમાં આ વર્ષે ભારતમાં સામાન્યથી ઉપર ચોમાસુ રહેવાની આગાહી કરવામાં આવી છે, જેમાં જૂન અને સપ્ટેમ્બર વચ્ચે લાંબા ગાળાના સરેરાશ ના ૧૦૫% વરસાદનો અંદાજ છે.

રસપ્રદ વાત એ છે કે, હવામાન વિભાગના ડેટાના આધારે, ૨૦૨૫ સતત બીજું વર્ષ હોઈ શકે છે જ્યારે ચોમાસુ વહેલું અથવા સમયસર પહોંચશે. ૨૦૨૩ માં, જ્યારે ચક્રવાત બિપ્રજોયએ ચોમાસા પહેલાના વરસાદને વેગ આપ્યો અને ગુજરાતમાં લેન્ડફોલ કર્યો, ત્યારે ૨૫ જૂન સુધી સત્તાવાર શરૂઆત જાહેર કરવામાં આવી ન હતી.

### વરસાદની આગાહી...

થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના અલગઅલગ આઠ તાલુકાઓમાં કમોસમી વરસાદ પડ્યો છે. નર્મદા જિલ્લાનાં સાગબારામાં સૌથી વધુ ૪૧ મીમી વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત ડાંગ આહવામાં ૨૫ મીમી, સુબીરમાં ૧૪ મીમી, બરવાળામાં ૯ મીમી, ખાંભા અને કવોટમાં ૪-૪ મીમી, વઘઈમાં ૩ મીમી અને નીઝરમાં ૧ મીમી વરસાદ વરસ્યો હતો.આગામી ત્રણ દિવસ સુધી રાજયના અલગ અલગ વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસતો રહેશે. હવામાન નિષ્ણાંત આંબાલાલ પટેલની આગાહી મુજબ આજે રાજકોટ, ઉપરાંત ભાવનગર, ગીર સોમનાથ, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, કચ્છ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ સહિતના જિલ્લાના કેટલાક વિસ્તારોમાં માવઠા વરસશે મે મહિનામાં માવઠાનું જોર યથાવત રહેશે. મંગળવારે માવઠાનું જોર ઘટતા ગરમીનં જોર વધ્યું છે. રાજયમાં તાપમાનનો પારો ફરી ૪૦ડિગ્રીએ આંબી ગયો છે.

### અમેરિકા ટ્રેડવોર...

ડિવાઈડ અને રુલની નીતિ અપનાવી આખા વિશ્વને વેપાર ગણતા અમેરિકાને ભારતની આર્થિક સ્તરે થતી પ્રગતિ અને વૈશ્વિક સ્તરે સૌથી મોટા અર્થતંત્ર તરફ આગળ વધતી ભારતની દોટ આ હરામીવેળા પાછળ જવાબદાર સૌથી મોટું પરિબળ છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ બાદ બંને દેશોના ડીજીએમઓ યુદ્ધ વિરામ પર સહમત થયાં હતા. ત્યારે યુદ્ધ વિરામ અંગે અમેરિકાના અલગ અલગ ત્રણ નિવેદનો સામે આવ્યા હતા. સૌથી પહેલા અમેરિકાના ઉપ રાષ્ટ્રપ્રમુખ જે ડી વેનસે એવુ નિવેદન આપ્યું હતું કે, આ મામલો બે દેશો વચ્ચેનો છે, તેમાં અમે કોઈને હથિયાર હેઠા મુકવા દબાણ કરી શકીએ નહિ. ત્યારે આ નિવેદન આપવા પાછળ જવાબદાર કારણ એવુ હોઈ શકે કે, કદાચ અમેરિકાને એવુ લાગ્યું હશે કે, પાકના હરામીવેળા, આતંકવાદી હુમલા, સરહદે ગોળીબાર, ડ્રોન એટેકેથી ભારત ભયભીત થઈ જશે અને અંતે યુનાઈટેડ નેશન અથવા તો અમેરિકાના આશરે આવી જશે અને તે બાદ પાકિસ્તાન સાથે યુદ્ધ વિરામ કરાવી અમેરિકા ફરીવાર ડ્રાયવિંગ સીટ પર આવી જાય અને ત્યારબાદ અમેરિકા ગમે ત્યારે ભારતનું નાક દબાવી શકે પણ થયું એવુ કે, આતંકવાદને પ્રોત્સાહન આપતું પાક ભારત સામે બે દિવસ પણ ટકી શક્યું નહીં. ભારતે પાકિસ્તાનના એરબેઝ, લોન્ચ પેડ અને એર ડિફેન્સ સિસ્ટમ તોડી પાડતા પાકિસ્તાન ગોઠણીયે પડી ગયું હતું અને યુદ્ધ વિરામ કરવા રઘવાયું બન્યું હતું. જેથી અમેરિકાનો દાવ ઊંધો પડી ગયો હતો.

જે બાદ બંને દેશોના ડીજીએમઓ યુદ્ધ વિરામ પર સહમત થતાં તકવાદી ટ્રમ્પે યુદ્ધ વિરામનો શ્રેય લેવા એવુ ટ્વીટ કર્યું હતું કે, અમેરિકાએ મધ્યસથી કરીને બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામ કરાવ્યો છે. બાદમાં ટ્રમ્પે એવુ પણ નિવેદન આપી દીધું કે, બંને દેશો સાથે અમેરિકા વેપાર નહિ કરે તેવો ભય બતાવી અમેરિકાએ યુદ્ધ વિરામ કરાવ્યો હતો. જેની સામે ભારતના વિદેશ મંત્રાલયે ગઈકાલે સ્પષ્ટ જણાવ્યું હતું કે, યુદ્ધ વિરામમાં કોઈએ પણ મધ્યસથી કરી નથી. વધુમાં અગાઉ પણ ભારતે સ્પષ્ટ કર્યું હતું કે, બંને દેશોના વિવાદમાં કોઈની મધ્યસથીની જરૂર નથી અને કોઈએ દરમિયાનગીરી કરી પણ નથી.

હવે જ્યારે યુદ્ધ વિરામ થયું તેની ગણતરીની જ કલાકોમાં ટ્રમ્પ દ્વારા દવાના ભાવમાં ૮૦% સુધીનો ઘટાડો કરો દીધો હતો. તે પણ એટલા માટે કે, અમેરિકામાં દવાના નિકાસમાં ભારતનો ખુબ મોટો ફાળો છે ત્યારે ભારતને આર્થિક ક્ષેત્રે ફટકો આપવા ટ્રમ્પે તાબડતોડ આ નિર્ણય લીધો હતો.

અગાઉ અમેરિકાના હરામીવેળાના અનેક દાખલાઓ સામે આવી ચુક્યા છે. જે પૈકી અમુક કિસ્સાઓ ધ્યાને લેવામાં આવે તો માર્ચની શરૂઆતમાં અમેરિકાએ અફઘાનિસ્તાનમાં ૨૦૨૧ માં એબીગેટ બોમ્બ વિસ્ફોટમાં સામેલ આઈએસઆઈએસ-કે ઓપરેટિવની ધરપકડ કરી હતી. જેમાં ૧૩ ના મોત થયાં હતા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાન-અફઘાન સરહદ પરથી હાઈ-વેલ્યુ ભાગેડુને પકડવામાં મદદ કરવા બદલ પાકિસ્તાનનો આભાર માન્યો હતો. હું આ રાક્ષસને પકડવામાં મદદ કરવા બદલ પાકિસ્તાન સરકારનો આભાર માનવા માંગુ છું, તેવું તેમણે યુએસ કોંગ્રેસને જણાવ્યું હતું. પરંતુ ગુપ્તચર વર્તુળોમાં જે છુપાયેલું હતું તે એક ખુલ્લું રહસ્ય હતું. શરીફુલ્લાહ નામનો ઓપરેટિવ એક વર્ષથી વધુ સમયથી પાકિસ્તાની જાસૂસી એજન્સી આઈએસઆઈની કસ્ટડીમાં હતો. આઈએસઆઈએ તેના નેટવર્કનો ઉપયોગ કરીને આતંકવાદી ગતિવિધિઓ કરી હતી અને આખરે તેને યોગ્ય સમયે સીઆઈએને સોંપી દીધો હતો.

પાકિસ્તાને પોતાના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે જે આતંકવાદીઓનો ઉપયોગ કરી રહ્યું હતું તેને સોંપીને અમેરિકાને ખુશ કરવાનો પ્રયાસ કર્યો હોય તે આ પહેલો કિસ્સો નહોતો. આઈએસઆઈએ ૨૦૧૦ માં પણ આ જ યુક્તિ રમી હતી જ્યારે તેણે તાલિબાન લશ્કરી કમાન્ડર મુલ્લા અબ્દુલ ગની બરાદરને અચાનક શોધી કાઢ્યો અને તેને સીઆઈએને સોંપી દીધો હતો.

ઓસામા બિન લાદેન અને તેના કુરિયર અબુ અહેમદ અલ-કુવૈતીના કેસથી પાકિસ્તાન અને તેના લશ્કરી-ઔદ્યોગિક સંકુલની બેવડી વર્તણૂકનો વધુ પર્દાફાશ થયો હતો. પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓએ દાવો કર્યો હતો કે, તેમને ઓસામાની એબોટાબાદમાં હાજરી વિશે કોઈ જાણકારી નહોતી, જોકે તે જ્યાં રહેતો હતો તે કમ્પાઉન્ડ પાકિસ્તાન મિલિટરી એકેડેમીથી લગભગ એક કિલોમીટર દૂર હતું.

એવું લાગે છે કે અમેરિકનોએ પાકિસ્તાનીઓ પર વિશ્વાસ ન કર્યો અને ૯/૧૧ના કાવતરાખોર ઓસામા બિન લાદેનને ઠાર માર્યો ત્યારે પરંતુ અમેરિકાનો પાકિસ્તાન પ્રત્યે વિશ્વાસનો અભાવ ઉભો થયો ત્યારે અમેરિકન નેતાઓએ પાકિસ્તાનનો વૈશ્વિક સ્તરે પર્દાફાશ કરવાની જગ્યાએ છાવરવાનું ચાલુ રાખ્યો હતો. ટ્રમ્પ જે પોતાને સૌથી મોટો સોદો કરનાર માને છે તે પાકિસ્તાનની બેવડી રમતનો તાજેતરમાં ભોગ બન્યા છે. શરીફુલ્લાહ અને ઓસામા જેવા અઢળક કિસ્સાઓ છે. ૨૦૦૨ માં, બાલીમાં નાઈટક્લબોમાં થયેલા બોમ્બ વિસ્ફોટમાં અમેરિકનો સહિત ૨૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. જે હુમલાનો મુખ્ય શંકાસ્પદ ઉમર પાટેક હતો, જે આતંકવાદી જૂથ જેમાહ ઈસ્લામિયાહનો શંકાસ્પદ સભ્ય હતો. અમેરિકાએ તેના પર ૧૦ લાખ ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૧ ના રોજ, પાટેકને એબોટાબાદમાં પાકિસ્તાની અધિકારીઓ દ્વારા નાટકીય રીતે પકડી લેવામાં આવ્યો હતો અને અમેરિકાને સોંપવામાં આવ્યો હતો. જેણે પછી અમેરિકાએ ઈન્ડોનેશિયાને સોંપી દીધો હતો અને બાદમાં ઈન્ડોનેશિયા સાથે અમેરિકાએ વેપાર સંધી કરી લીધી હતી.

### યુક્રેનના કિંમતી ખનીજો...

ડાહપણ સુજતા યુક્રેન સાથે વેપાર સંધી સ્થાપી હતી. ગત ૧ મેના રોજ આ સંધી થઈ હતી જે અંગે યુક્રેનના અર્થતંત્ર મંત્રાલયે કહ્યું છે કે યુએસ આ ભંડોળમાં સીધી રીતે અથવા લશ્કરી સહાય દ્વારા યોગદાન આપશે, જ્યારે યુક્રેન તેના કુદરતી સંસાધનોના ઉપયોગથી થતી આવકનો ૫૦% આ ભંડોળમાં ફાળો આપશે. મંત્રાલયે જણાવ્યું હતું કે ફંડના બધા પૈસા પહેલા ૧૦ વર્ષ માટે ફક્ત યુક્રેનમાં જ રોકાણ કરવામાં આવશે. આ પછી, 'નફો બે ભાગીદારો વચ્ચે વહેંચી શકાય છે. મંત્રાલયે એમ પણ કહ્યું કે ફંડના નિર્ણયોમાં યુનાઈટેડ સ્ટેટ્સ અને યુક્રેનનો સમાન મત હશે. આ ડીલ ફક્ત ભવિષ્યમાં આપવામાં આવતી યુએસ લશ્કરી સહાયને આવરી લે છે, ભૂતકાળમાં આપવામાં આવેલી સહાયને નહીં.

### ભારતની સ્પષ્ટતા...

કરવાની ધમકી આપી હતી જેથી તેઓ ''યુદ્ધવિરામ'' માટે સંમત થયાં હતા. ૭ મેના રોજ ઓપ સિંદૂર શરૂ થયું ત્યારથી ૧૦ મેના રોજ લશ્કરી કાર્યવાહી બંધ કરવાની સમજૂતી સુધી ભારતીય અને અમેરિકન નેતાઓ વચ્ચે લશ્કરી પરિસ્થિતિ પર વાતચીત થઈ હતી. આમાંની કોઈપણ ચર્ચામાં વેપારનો મુદ્દો આવ્યો ન હતો, તેવું વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું. ટ્રમ્પ દ્વારા વારંવાર કરવામાં આવેલા દાવાઓ વચ્ચે કે તેમણે યુદ્ધવિરામ માટે મધ્યસ્થી કરી હતી. સરકારે પુનરોચ્ચાર કર્યો કે શનિવારે બપોરે ૩.૩૫ વાગ્યે ડીજીએમઓ વચ્ચે ફોન કોલ દરમિયાન સમજૂતીની ચોક્કસ તારીખ, સમય અને શબ્દો નક્કી કરવામાં આવ્યા હતા. આ કોલ માટેની વિનંતી વિદેશ મંત્રાલયને પાકિસ્તાનની ઉચ્ચ કમિશન તરફથી મળી હતી.

### સ્પર્શ...

સર્જરીને કારણે એક આંખે ઓછું દેખાતું હોવા છતાં તેમણે સમયસર ગ્રેજ્યુએશન પૂરું કર્યું.

શરૂઆતમાં તેમના માતાપિતા પણ તેમને સ્પર્શ કરતાં ડરતા હતા, તેથી જ તેમનું નામ સ્પર્શ રાખવામાં આવ્યું હતું. શારીરિક રીતે અશક્ત હોવા છતાં, પોતાની સખત મહેનત અને જુસ્સાથી તેમણે મોટી સફળતા મેળવી છે. તેમના મતે, ''ઈમ્પોસિબલનો ખરો અર્થ આઈ એમ પોસીબલ એવો થાય છે.'' તેઓ ઓરિજિનલ સંગીત બનાવવા અને લોકોને મહેનત કરવા માટે પ્રેરણા આપવા માંગે છે.

તેમના ગ્રેજ્યુએશન વખતે તેમના માતાપિતા, હિરેન અને જિગીશા ખૂબ જ ખુશ અને ગર્વિત હતા. હિરેને જણાવ્યું કે સ્પર્શ તેમના જીવનમાં સકારાત્મકતા અને આગળ વધવાની ઊર્જા લાવે છે અને તે તેમના માટે પ્રેરણાસ્રોત છે. મૂળ સુરતના અને હાલમાં અમેરિકામાં રહેતા તેમના માતાપિતા સ્પર્શને ભગવાનની ભેટ માને છે અને આ ભેટને દુનિયા સાથે વહેંચી શક્યા હોવાનો તેમને આનંદ છે.

### રક્ત એકત્ર...

સંગઠિત પ્રવૃત્તિઓને કારણે શહેરી વિસ્તારોમાં સ્વૈચ્છિક રક્તદાન પ્રમાણમાં વધારે છે. પરંતુ આ વખતે, જિલ્લાઓમાં જાહેર અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો પર પણ સારી સંખ્યામાં લોકોએ શિબિરોમાં હાજરી આપી હતી,'' ડો. શાહે જણાવ્યું. યુદ્ધવિરામ જાહેર થયા છતાં, રક્તદાન બંધ થયું નથી.

અમદાવાદમાં રેડ ક્રોસ બ્લડ બેંકના ડિરેક્ટર ડો. વિશ્વાસ અમીને જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર શરૂ થયા પછી, બ્લડ બેંકે વિવિધ કેમ્પોમાં ૧,૦૦૦ થી વધુ યુનિટ એકત્રિત કર્યા હતા જ્યાં ધારાસભ્યોથી લઈને ડોક્ટરો સુધીના લોકોએ રક્તદાન કર્યું હતું. ''સૌથી વધુ રક્તદાન ૯ થી ૧૧ મે દરમિયાન થયું હતું, જ્યારે અમે દરરોજ સરેરાશ ૩૦૦ યુનિટ રક્તદાન એકત્રિત કર્યું હતું, જે પાછલા વર્ષોમાં મે મહિનાની સામાન્ય સરેરાશ કરતા લગભગ ત્રણ ગણું છે,'' તેમણે કહ્યું.

પ્રથમા બ્લડ બેંકના ડિરેક્ટર ડો. રિપલ શાહે જણાવ્યું હતુંકે, ''આપણા સૈનિકોને કટોકટીમાં રક્તની જરૂર પડે ત્યારે રક્તદાનના આહ્વાનને મળેલો પ્રતિસાદ જોઈને ખરેખર આનંદ થાય છે. આ પહેલની સકારાત્મક અસર એ છે કે હવે ઉનાળા દરમિયાન દર્દીઓ માટે જરૂરી રક્ત મેળવવા માટે બ્લડ બેંકોને આમતેમ દોડવું નહીં પડે.'' ''ઓપરેશન સિંદૂર શરૂ થયા પછી પાંચ દિવસમાં અમે લગભગ ૭૦૦ યુનિટ રક્ત એકત્રિત કર્યું.''

(ત્રીજા પાનાનું ચાલું)

### તિરંગા યાત્રા...

જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે દુનિયાને બતાવી દીધું છે કે ઝીરો ટોલરન્સ અગેઈન્સ્ટ ટેરરિઝમની નીતિને તે કોઈપણ ભોગે વળગી રહેવા પ્રતિબદ્ધ છે.

આપણો તિરંગો સતત ઊંચેને ઊંચે લહેરાતો રહે તે માટે સેનાના જવાનો માતૃભૂમિ માટે ખડેપગે તૈનાત છે, ત્યારે આ તિરંગા યાત્રામાં જોડાઈને તેમનું મનોબળ વધારવાના આ સફળ આયામને તેમણે બિરદાવ્યો હતો.

યાત્રાની શરૂઆત ભગવાન પરશુરામ પ્રતિમાથી વ્યાસ વાડીથી થઈ હતી અને નેશનલ હેન્ડલુમ હાઉસથી રાણીપ મેટ્રો સ્ટેશન થી આર.ટી.ઓ. સર્કલથી જમણી બાજુ થઈ સુભાષચંદ્ર બોઝ સર્કલ ખાતે સમાપન થયું હતું.

આ તિરંગા યાત્રામાં રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન, સાંસદ , સ્થાનિક ધારાસભ્યો, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની તથા વિવિધ સંસ્થાઓના પ્રમુખો, સંતો-મહંતો, અમદાવાદના કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

### રાજકોટ...

આ તિરંગા યાત્રાનો પ્રારંભે સૌ આગેવાનો દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કરી આ તિરંગા યાત્રાની શરૂઆત કરાવવામાં આવશે,આ તકે વધુમાં જણાવ્યુંહતું કે દેશની સરહદ ઉપર રાત દિવસ, ઠંડી ગરમી અને વરસાદી તોફાનો વચ્ચે દેશના રક્ષાકાજે ફરજ બજાવતાં આપણા વીર જવાનોને સલામી આપવી એ દેશના નાગરિક તરીકેની આપણી ફરજ બને છે.

### ઈન્દ્રનીલ રાજ્યગુરૂ...

વડાપ્રધાન સ્વર્ગીય ઈન્દિરા ગાંધીની યાદ આવી ગઈ દેશને લોખંડી હોવું અને લોખંડી દેખાડવું બંને વાતમાં જમીન આસમાનનો તફાવત છે એવું દેશના લોકો સ્વીકારી રહ્યા છે. ઈન્દિરા ગાંધીને પણ એ વખતના અમેરિકાના શાસકોએ ડરાવવાનો પ્રયાસ કરેલ હતો પરંતુ દેશની લોખંડી દીકરીએ દેશના લોકો માટે જરા પણ ડરયા વગર પાકિસ્તાનના બે ભાગલા કરી નાખ્યા હતા અને વિશ્વને ભારત દેશની તાકાત દેખાડી હતી દેશને આજે એવા વડાપ્રધાનની ખોટ વર્તાઈ રહી છે. દેશ મજબૂત હાથમાં સુરક્ષિત છે એવું માનતા લોકો અત્યારે શસ્ત્ર વિરામ સ્વીકારવાથી હતાશ થયા છે દેશની તાકાત વિશ્વને સાબિત કરવાના સમય આ પગલું કેટલું યોગ્ય એવું દેશ પૂછી રહ્યો છે એવું શું બન્યું કે ત્રીજા દેશની મધ્યસ્થી સ્વીકારવી પડી ? એવું કઈ વાતનું દબાણ દેશ પર કરવામાં આવ્યું કે શસ્ત્ર વિરામ સ્વીકારવું પડ્યું એ દેશ જાણવા માંગે છે.... પીઓકે મા વિજય નથી થયો છતાં બેશર્મી રીતે તિરંગા યાત્રા કાઢે દેશના વીર જવાનોનું અપમાન કરી મતોનું રાજકારણ ભારતીય જનતા પાર્ટી કરી રહી છે. અમિત શાહે લોકસભાના ફ્લોર પર કહ્યું હતું કે પીઓકે લઈને રહીશું પરંતુ જે મોકો મળ્યો તે ગુમાવ્યો છે આપણું લશ્કર પીઓકે નહીં પરંતુ પૂરું પાકિસ્તાન લઈ શકે તેમ છે અને લશ્કર પર દરેક ભારતીય ને ગર્વ છે. શ્રદ્ધાંજલિના કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, ગાયત્રીબા વાઘેલા, જસવંતસિંહ ભટ્ટી, તુષારભાઈ નંદાણી, સંજયભાઈ અજુડીયા, દિપ્તીબેન સોલંકી, યુનૂશભાઈ જુણેજા, રાજદીપ સિંહ જાડેજા, ભાવેશભાઈ બોરીચા, ગજેન્દ્રસિંહ ઝાલા, કેતનભાઈ તાળા, અહેસાનભાઈ ચૌહાણ, બિંદીયાબેન તન્ના, નાગજીભાઈ વિરાણી, ચંદ્રિકાબેન વરાણીયા, સુરેશભાઈ ગેરૈયા, જયાબેન ચૌહાણ, જીજ્ઞેશભાઈ બોરડ, શાંતાબેન મકવાણા, જીતુભાઈ ઠાકર, ડી.પી મકવાણા, કૈલાસબેન વાઘેલા, અશોક સિંહ વાઘેલા, મનીષાબા વાળા, અજીતભાઈ વાંક, ગૌરવભાઈ પુજારા, ચિંતનભાઈ દવે, યજ્ઞેશભાઈ દવે, લાખાભાઈ ઊંધાડ, હાજીભાઈ ઓડિયા, જયાબેન ટાંક, જીજ્ઞેશભાઈ પાટડીયા, વિભૂતિબેન ત્રિવેદી, સલીમભાઈ કારીયાણી, હિતેશભાઈ જોશી, કિંજલબેન જોષી, રવિન્દ્ર વ્યાસ, ગોપાલભાઈ મોરવાડિયા, નંદાભાઈ ડાંગર સહિતના કોંગ્રેસના આગેવાનોએ વીર જવાનોને શ્રદ્ધાંજલિ પાઠવી પુષ્પાંજલિ કરી હતી.

(ચોથા પાનાનું ચાલુ)

### શેઠ ઉપાશ્રય જૈન સંઘ...

સાંજે ૮:૨૫ વાગ્યા સુધી ગાદીપતિ ઉપાશ્રયમાં દશમાં વ્રત (દયા વ્રત) માં ૨૦૦ ઉપરાંત આરાધકો સફેદ વસ્ત્ર પરિધાન કરી, સ્વચ્છ મુહપતિ-પાથરણું આદિ ઉપકરણ નો ઉપયોગ કરી, ૧૧ સામાયિક અને ધર્મકરણી કરશે. તથા સાંજે દેવસીય પ્રતિક્રમણ કરશે. સવારે રાઈય પ્રતિક્રમણ માં ૫૧ આરાધકો જોડાયા હતા. પ્રાર્થના માં ૮૭ આરાધકો એ પરમાત્માને વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરી. ૨૦૦ ઉપરાંત આરાધકો દ્વારા ૫૧૦૦૦ નવકાર મહામંત્ર જપ સાધના અને ધ્યાન સાધના દ્વારા વિશ્વ શાંતિ માટે અને વિશ્વમાં સુખ શાંતિ માટે પ્રાર્થના કરાઈ. ગિરી ગુરુ ભક્ત તરફથી આખા દિવસની સાધર્મિક ભક્તિ અને સાંજનો ચૌવિહાર નો લાભલેવામાં આવ્યો છે. જે ગાદીપતિ ઉપાશ્રય (શેઠ ઉપાશ્રય) માં આરાધકો ને કરાવવામાં આવશે. ગોંડલ સંપ્રદાય ચતુર્વિધ સંઘ સદૈવ ગુણદેહે એવં સ્મરણદેહે દિવ્યાત્માની અનુભૂતિ કરી રહ્યો છે. દશમાં વ્રત આરાધનાનાં આ અનુષ્ઠાન ને સફળ બનાવવા શેઠ ઉપાશ્રયનાં તમામ પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓએ અનોખા ઉત્સાહ સાથે અનુષ્ઠાનની આરાધનામાં આરાધકોને શાતા પહોંચાડી છે . તેના પ્રત્યે સર્વ એ આભાર ની લાગણી વ્યક્ત કરી. સી.એમ.શેઠ ની જણાવ્યું છે.

### કલેક્ટરને શુભેચ્છા...

આકર્ષાય અને તેમનું ભવિષ્ય ઘડે.

ચેપ્ટરના ચેરમેન વિવેક મોલિયાએ વધુમાં જણાવ્યું હતું કે આગામી વર્ષોમાં અંદાજે ૧.૫ લાખ કંપની સેક્રેટરીની જરૂરિયાત રહેશે

રાજકોટ ચેપ્ટર તરફથી એવા આયોજનાત્મક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે કે જેમાં આ લક્ષ્યના પરિપૂર્ણ થવામાં ખાસ યોગદાન આપી શકાય.

કલેક્ટર પ્રભવ જોશીએ રાજકોટ ચેપ્ટરના પ્રયાસોની પ્રશંસા કરી અને ભવિષ્યમાં આવશ્યક સહાય પૂરી પાડવાની ખાતરી પણ આપી હતી.

આ પ્રકારના સહયોગથી રાજ્ય નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રના વિકાસમાં રાજકોટની ભૂમિકા વધુ મજબૂત બને તેવો આશાવાદ છે વ્યક્ત કર્યો હતો.

### બચ્ચા પાર્ટી...

છે. કેટલાક પરિવારોએ બાળકો માટે વિવિધ વર્કશોપ અને શિબિરોનું પણ આયોજન કર્યું છે, જેમાં તેઓ કળા, સંગીત અને રમતગમત જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યા છે.

આમ, રાજકોટમાં ઉનાળુ વેકેશન બાળકો અને પરિવારો માટે આનંદ અને ઉલ્લાસથી ભરપૂર બની રહ્યું છે. દરેક વ્યક્તિ પોતાની રીતે આ સમયનો સદુપયોગ કરી રહ્યો છે અને નવી યાદો બનાવી રહ્યો છે.

(૧૨માં પાનાનું ચાલુ)

### જન્મના દાખલા

અસરથી અરજદારો માટે બેસવાની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા કરવાની સૂચના આપી હતી. કીટ વધારવા માટે પણ સૂચના આપવામાં આવી છે. હાલ સેન્ટ્રલ ઝોન કચેરીમાં કુલ ૬ કોમ્પ્યૂટર સિસ્ટમ દ્વારા જન્મ-મરણને લગતી કામગીરી કરવામાં આવે છે. નવી ચાર સિસ્ટમની સુવિધા વધારવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગમે ત્યારે નિયમોમાં ફેરફાર કરી દેવામાં આવે છે. જેના કારણે લોકોની હાલાકી ઓછી થવાનું નામ લેતી નથી. જન્મ-મરણ વિભાગમાં અરજદારોની કતારો રોજીંદી બની ગઇ છે. જે રીતે શહેરના તમામ ૧૮ વોર્ડમાં આધાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા તેજ રીતે તમામ વોર્ડ ઓફિસે જન્મ કે મરણના દાખલામાં સુધારો કરી શકાય તેવા પાવર ડેલીગેટ કરવાની આવશ્યકતા છે.

### વિશ્વ પરિવાર દિવસ

કરે છે,આજના વ્યસ્ત જીવનમાં લોકો પાસે પોતાના પરિવાર માટે પણ પૂરતો સમય નથી હોતો. આ દિવસ આપણને થોડો સમય કાઢીને આપણા પરિવાર સાથે વિતાવવા અને સંબંધોને તાજા કરવા માટે પ્રેરિત કરે છે.પરિવાર એ સમાજનો પાયો છે. જ્યારે પરિવારો મજબૂત હોય છે, ત્યારે સમુદાય પણ મજબૂત બને છે. આ દિવસ આપણને મોટા સમુદાયમાં એકતા અને ભાઈચારાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહિત કરે છે. વિશ્વભરમાં ઘણા પરિવારો ગરીબી, હિંસા, સ્થળાંતર અને રોગચાળા જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. . આ દિવસ ''વસુધૈવ કુટુંબકમ'' ની ભાવનાને સાકાર કરવા માટે પ્રેરણા આપે છે, પરિવાર આપણને સુરક્ષા અને પ્રેમનો અનુભવ કરાવે છે. તે એક એવી જગ્યા છે જ્યાં આપણે કોઈપણ ડર વગર આપણી જાતને વ્યક્ત કરી શકીએ છીએ. જીવનના મૂળભૂત મૂલ્યો, સંસ્કારો અને પરંપરાઓ શીખવે છે. તે આપણને સારા અને ખરાબ વચ્ચેનો ભેદ સમજવામાં મદદ કરે છે.મુશ્કેલ સમયમાં પરિવાર આપણને ભાવનાત્મક આધાર પૂરો પાડે છે. તે આપણને હતાશા અને એકલતાથી બચાવે છે. પરિવાર આપણને એક સામાજિક ઓળખ આપે છે અને સમાજમાં આપણું સ્થાન નક્કી કરવામાં મદદ કરે છે. મજબૂત પરિવારો એક મજબૂત સમાજનું નિર્માણ કરે છે. તેઓ સામાજિક સ્થિરતા અને પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.ટૂંકમાં કહીએ તો, વ્યક્તિના જીવનમાં પરિવારનું મહત્વ સર્વવ્યાપી છે. તે માત્ર આપણને જન્મ નથી આપતો, પરંતુ આપણને એક એવી દુનિયામાં ઉછેરે છે જ્યાં પ્રેમ, સુરક્ષા, મૂલ્યો અને આધાર મળે છે. પરિવાર વિના વ્યક્તિ અધૂરો છે અને તેનું જીવન અનેક રીતે મુશ્કેલ બની શકે છે. તેથી જ પરિવાર એ વ્યક્તિના જીવનનું અભિન્ન અને સૌથી મહત્વપૂર્ણ અંગ છે

(છેલ્લા પાનાનું ચાલુ)

### રાજકોટ માર્કેટીંગ યાર્ડ...

કરાય હતી કે બુધવારથી યાર્ડ નિયમિત શરુ થઈ જશે.

આજે સવારથી અગાઉની પડતર રહેલી જણસીની હરાજી શરુ કરવામાં આવી હતી. નવી આવકનો આજે સાંજથી સ્વીકારવામાં આવશે. યાર્ડમાં છાશવારે કોઈ પેઢી કાચી પડવાની ઘટનાથી દલાલોએ મોટી આર્થિક નુકશાની વેઢવી પડે છે. આ અંગે અનેકવાર રજુઆત કરાયા હતા સમસ્યાનો કોઈ નિવેડો ન આવતા દલાલો અચોકકસ મુદતની હડતાલ પર ઉતરી ગયા હતા. સતત સાત દિવસ સુધી દલાલો અને વેપારીઓએ મચક ન આપતા ખુદ યાર્ડના સત્તાધીશોએ ૧૪૫ દલાલોના સલવાયેલા કરોડો રૂપિયા ચાર મહિનામાં અપાવી દેવાની બાહેધરી આપવી પડી હતી. ત્યારબાદ દલાલો યાર્ડમાં કામગીરી માટે તૈયાર થયા છે.

### આઈ.ડી પ્રુફ...

સ્ટેશનને આપવાની રહેશે. આ નવા નિયમો અંગેની સૂચનાઓ તમામ પોલીસ કમિશનરેટ અને જિલ્લા પોલીસ અધિક્ષકને મોકલવામાં આવી છે. ગૃહ વિભાગ દ્વારા એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર પણ તૈયાર કરવામાં આવી રહી છે, જે ટૂંક સમયમાં તમામ સંબંધિત અધિકારીઓને મોકલવામાં આવશે. આ એસઓપી નિયમોના અમલીકરણ માટે વિગતવાર માર્ગદર્શિકા પ્રદાન કરશે. સૂત્રોએ જણાવ્યું છે કે દસ્તાવેજો એકત્ર કરવાની આ કવાયત જાસૂસી અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓને રોકવામાં પણ મદદરૂપ થશે. તાજેતરમાં બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ભારતીય પાસપોર્ટ મેળવનાર બાંગ્લાદેશી નાગરિકની ધરપકડ આ ચિંતાને સમર્થન આપે છે. ભવિષ્યમાં, ગૃહ વિભાગ કર્મચારીઓના તમામ ડેટાને એક પ્લેટફોર્મ પર એકત્રિત કરવા માટે એક તકનીકી ઉકેલ વિકસાવવાની યોજના ધરાવે છે. આ માહિતીના વ્યવસ્થાપન અને વિશ્લેષણને વધુ કાર્યક્ષમ બનાવશે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ગુજરાત પોલીસે રાજ્યભરમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓ સામે મોટા પાયે ઓપરેશન શરૂ કર્યું હતું. આ ઓપરેશનમાં અમદાવાદ અને સુરતમાંથી મોટી સંખ્યામાં લોકોની ધરપકડ કરવામાં આવી હતી, અને કેટલાકની ગુનાહિત પ્રવૃત્તિઓ અને આતંકવાદી સંગઠનો સાથેની સંડોવણીની શંકા પણ છે. ધરપકડ કરાયેલા ઘણા લોકો બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ગુજરાતમાં રહેતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે, જે દસ્તાવેજોની ચકાસણીની જરૂરિયાતને વધુ ભારપૂર્વક દર્શાવે છે. ટૂંકા ગાળાના વિઝા પર રહેતા સાત પાકિસ્તાનીઓને દેશનિકાલ કરવાનો અને લાંબા ગાળાના વિઝા પર રહેતા ૪૩૮ પાકિસ્તાની નાગરિકોની ઓળખ કરવાનો પણ પોલીસ વિભાગને નિર્દેશ આપવામાં આવ્યો છે. તમે જે કહી રહ્યા છો તે ગુજરાત સરકારના ગેરકાયદેસર વસાહતીઓ સામેના વર્તમાન અભિયાનને અનુરૂપ છે. રાજ્ય સરકાર જે રીતે કડક પગલાં લઈ રહી છે અને તમામ એમ્પ્લોયરોને તેમના કામદારોના દસ્તાવેજો સબમિટ કરવા માટે ફરજ પાડી રહી છે, તે જોતાં એવું લાગે છે કે ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને તેમના દેશમાં પાછા મોકલવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. દરેક દેશે પોતાના ઈમિગ્રેશન કાયદા હોય છે, અને તેનું પાલન કરવું જરૂરી છે.

ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓ કાયદાનું ઉલ્લંઘન કરે છે. વિદેશીઓને તેમના દેશમાં પાછા મોકલવાની કાર્યવાહી વધુ તીવ્ર બનશે. ગુજરાત સરકાર ગેરકાયદેસર વસાહતીઓની સમસ્યાને ગંભીરતાથી લઈ રહી છે અને રાષ્ટ્રીય સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે કડક પગલાં ભરી રહી છે. એમ્પ્લોયરો માટે હવે આ નવા નિયમોનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયું છે.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** મૂળ નાજાપુર હાલ રાજકોટ નિવાસી વરીયાવંશ પ્રજાપતિ પ્રભાબેન ધીરુભાઈ લાઠીયા (ઉ.વ.૭૦) તે ધીરુભાઈ દૂદાભાઈ લાઠીયાના પત્ની, મહેશભાઈ લાઠીયા, હરેશભાઈ લાઠીયાના માતાનું તા.૧૨ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૫/૫ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિની વાડી યુનિટ નંબર ૧ લક્ષ્મીનગર મેઈન રોડ ત્રીસુલ ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. પ્રફુલસિંહ રવુભા જેઠવા તે હાર્દિકસિંહ અને પરીક્ષિતસિંહ ના પિતા તેમજ સ્વ.ભરતસિંહ રવુભા જેઠવા, કિશોરસિંહ રવુભા જેઠવા, સ્વ નટવરસિંહ રવુભા જાડેજા, સ્વ. અરૂણસિંહ રવુભા જેઠવા, નરેન્દ્રસિંહ રવુભા જેઠવા રણજીતસિંહ જુવાનસિંહ જેઠવાના મોટાભાઈનું તા. ૧૩- ૫ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા ૧૫-૫ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન રામનગર શેરી -૩ પી.ડી માલવીયા કોલેજ પાસે રાજકોટ ખાતે રાખેલ છે.

**ગોંડલ :** જીતેન્દ્રભાઈ અરજણભાઈ ગોંડલીયા તે તુષારભાઈનાં પિતા, જગદીશભાઈ(પુર્વ સદસ્ય નગરપાલિકા)નાં ભાઈનું તા.૧૩ ગુરૂવારનાં અવસાન થયુ છે. બેસણુ તા.૧૫ ગુરૂવાર સાંજે ૪ થી ૬ મેવાડ સુથાર જ્ઞાતિની વાડી, ગાયત્રી નગર-૩ ગોંડલ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ચા.મ. મો. બ્રાહ્મણ મુળ વેજાગામ વાળા હાલ રાજકોટ સ્વ. રવિશંકર અંબાશંકર ત્રિવેદીના પુત્ર સ્વ. દિનેશભાઈ રવિશંકર પ્રવીણભાઈ રવિશંકર, સ્વ. મહેન્દ્રભાઈ રવિશંકર (નાનુભાઈ), કમલેશભાઈ રવિશંકર, પુષ્પાબેન ભાઈશંકર પંડયા, જાગૃતિબેન ગીરીશભાઈ તેરૈયાના ભાઈ, વિમલ, જયદીપના કાકા, સ્વ. રતિલાલભાઈ, ચંદ્રકાન્તભાઈના ભત્રીજા હરેશભાઈ રવિશંકર ત્રિવેદીનું તા. ૧૧ રવિવાર અવસાન થયેલ છે. તેમનું બેસણું - ઉઠમણું તા. ૧૫ ને ગુરુવાર સાંજે ૫ થી ૬ કલાકે નિવાસ સ્થાન રાજારામ મંદિર પટેલનગર-૧, સોરઠીયાવાડી પાસે રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** માધુરીબેન કમલેશભાઈ નાયક (મીનાબેન) તે કમલેશભાઈ નાયક (શીવાજીભાઈ)ના પત્ની, ભાવેશભાઈ, હેતલબેન અંજારીયા, કેતનભાઈ (એડવોકેટ) ના માતા, સ્વ. વૃંદાવનભાઈ માધવજીભાઈ પટેલના પુત્રીનું તા.૧૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૫ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન જય સોમનાથ મહાદેવ મંદિર, સીનર્જી હોસ્પિટલ પાછળ, અયોધ્યા ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** નિવાસી કીરીટભાઈ પ્રભુદાસ આહયા (ઉ.વ.૭૦) (કે.પી.બ્રધર્સ દાણાપીઠવાળા) તે પ્રભુદાસ લીલાધર આહયાના પુત્ર, પ્રતાપભાઈ, દિપકભાઈ, નિતાબેન, દુર્ગાબેન, સરલાબેન, વસંતાબેન, ભદ્રાબેનના ભાઈ, લાલજીભાઈ દેવજીભાઈ વિઠલાણીના જમાઈનું તા. ૧૩ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું - સાદડી તા. ૧૫ ગુરુવારના રોજ સાંજે ૫ કલાકે પંચનાથ મહાદેવ મંદિર, પંચનાથ પ્લોટ રાજકોટ ખાતે રાખેલ છે.

**વાંકાનેરઃ** અરણીટીંબા નિવાસી હાલ વાંકાનેર સ્વ. વિનોદરાય ત્રિભુવનભાઈ શાહના પત્ની ભાનુમતિબેન (ઉ.વ.૭૩) તે વિશાલભાઈ, ભાવીનીબેનના માતા, શીતલબેન, હેમાંગભાઈના સાસુમાં, વૃતના દાદી, જમવણથલી નિવાસી સ્વ. તારાચંદ ચુનીલાલ મહેતાની પુત્રીનું તા. ૧૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૫ ને ગુરુવારે સવારે ૧૦.૧૫ કલાકે સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, મેઈન બજાર ખાતે, પ્રાર્થના સભા સવારે ૧૧ કલાકે સ્થાનકવાસી જૈન ભોજનશાળા દિવાનપરા વાંકાનેર ખાતે રાખેલ છે.

**જામનગરઃ** ગુ.હા.સ.ચા. મોઢ બ્રાહ્મણ જ્ઞાતિના દિનેશચંદ્ર ઝવેરલાલ ત્રિવેદી (ઉ.વ.૮૩) તે સ્વ. ઝવેરલાલ ફુલશંકર ત્રિવેદી તથા સ્વ. જયાબેન ઝવેરલાલ ત્રિવેદીના પુત્ર, પ્રતિભાબેનના પતિ, શીતલ કલ્પેશકુમાર ત્રિવેદી અને વિશાલ ત્રિવેદીના પિતાજી, રાજુભાઈ, સ્વ. રજનીકાંતભાઈ, દેવેન્દ્રભાઈ (ભોલાભાઈ), સ્વ. વિજયભાઈ તથા હંસાબેન શુકલ અને સ્વ. ગીતાબેન ભટ્ટના મોટાભાઈ તથા ચંદ્રકાંતભાઈ અને મહેન્દ્રલાલ હરિલાલ ઉપાધ્યાયના જમાઈ, મહેન્દ્રભાઈ મોહનલાલ ઉપાધ્યાય, મુદુલાબેન ત્રિવેદી, કોકિલાબેન ત્રિવેદી, અને સ્વ. બીપીનભાઈ મુળશંકર ઉપાધ્યાયના બનેવી થાય, સદગતનું ઉઠમણું તથા પિયર પક્ષનું બેસણું તા. ૧૫ ગુરુવારના રોજ બપોરે ૪ થી ૪.૩૦ કલાકે પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કુવાડવા નજીક, તરઘડીયા ચોકડી અને લોધાવાડ ચોકમાં વિદેશી દારૂના દરોડા

## શરાબની ૧૦૨૭ બોટલ, બે કાર અને બાઈક મળી રૂ.૨૪ લાખનો મુદ્દામાલ કબજે: પાંચ શખ્સોની ધરપકડ

**અબતક રાજકોટ**

શહેરની ભાગોળે કુવાડવા ગામથી રાજકોટ આવતા રોડ પર ચાંદની હોટલની સામે, રાજકોટ અમદાવાદ હાઈવે પર તરઘડિયા ચોકડી નજીક અને લોધાવડ ચોક નજીક પોલીસે વિદેશી દારૂના દરોડા પાડી, શરાબની ૧.૦૨૭ બોટલ, બે કાર અને બાઈક મળી, રૂ.૨૪ લાખના મુદ્દામાલ સાથે શહેર પોલીસે પાંચ બુટલેગરને ઝડપી લીધા છે.શહેરમાં દારૂ અને જુગાર સહિતની બદી નાબૂદ કરવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા એ આપેલી સૂચનાના પગલે નાયબ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ક્રાઈમ ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને ક્રાઈમ એસીપી ભરત બસિયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર ગોંડલીયા, એમ એલ ડામોર અને સી એચ જાદવની ટીમ સક્રિય બની બુટલેગર પર ધોંસ બોલાવી છે, ત્યારે ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ એમ કે મોવાલીયાની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, કુવાડવાગામ થી રાજકોટ આવતા રોડ પર સેકન્ડ રીંગરોડ ભાવનગર રોડ પર આવેલી ચોકડી નજીક ચાંદની હોટલ ની સામે GJ 14 BA 4747 નંબરની ક્રેટા કારમા વિદેશી દારૂ સાથે શખ્સ બેઠો છે.જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ તાત્કાલિક બાતમી મળેલા સ્થળે પહોંચી કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૭૭૫ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂ, કાર અને ત્રણ મોબાઈલ મળી, રૂ.૧૩.૨૧ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાનનો અમરત પુનમાંરામ મેઘવાળ અને જામનગર રોડ પર આવેલી જલારામ હોટલ ની પાછળ ૨૫ વારીયા ક્વાર્ટર માં રહેતો. કારા ઉર્ફે કાનો હીરાભાઈ ટોલિયા નામના શખ્સોને ઝડપી લીધા છે. જ્યારે એલસીબી ઝોન ૨ની ટીમ રાજકોટ અમદાવાદ હાઈવે પર તરઘડીયા ચોકડી પાસે પેટ્રોલિંગમાં હતી ત્યારે ઋષ ૩૬ ઈ ૩૬૩૬ નંબરની ફોર્ચ્યુન કારમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. જેથી એલસીબી ઝોન ૨ ની ટીમ વોચ ગોઠવી હતી ત્યારે કારને અટકાવી તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૩૪૦ બોટલ મળી આવી હતી. પોલીસે શરાબ અને કાર મળી, રૂ. ૧૦.૨૭ લાખના મુદ્દામાલ સાથે સુરતના કામરેજ ગામમાં નીલકંઠ રેસીડેન્સીમાં રહેતો અને ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એજન્ટ દીક્ષિત મનસુખભાઈ સતાસીયા નામના શખ્સને ઝડપી લીધો છે. ઝડપાયેલો શખ્સ અહીંયા કોને દારૂ આપવા આવ્યો હતો વગેરેને પૂછપરછ હાથ ધરી છે ત્રીજો દરોડો ભક્તિનગર પોલીસે લોધાવાડ ચોક નજીક એમ ડી પાનવાળી શેરીમાંથી એક્સેસ સ્કૂટરમાં વિદેશી દારૂની ૧૨ બોટલ સાથે, ગંજીવાડા મેઈન રોડ પર આવેલા પીટીસી ગ્રાઉન્ડની સામે શેરી નંબર ૨૬માં રહેતો હિપાલ ઉર્ફે લાખો દેવજીભાઈ ગોહેલ અને નવા થોરાળા નગર અવધ પાર્ક શેરી નંબર ૪ માં રહેતો ઋત્વિક વિનોદભાઈ મકવાણા નામના શખ્સોને ઝડપી લીધા છે.

# નાગેશ્વર નેમિનાથ એપાર્ટમેન્ટમાં બીમારીથી કંટાળી પ્રોઢનો આપઘાત

## મૂળ રોણકી ગામના અને બાંધકામ વ્યવસાય કરતા અરવિંદભાઈ પત્ની અને બાળકોથી અલગ રહેતા તા

**અબતક રાજકોટ**

મોટી ઉંમર, એકલ વાયુ જીવન ક્યારેક ‘‘દુષ્કર‘‘ બની જાય છે, મૂળ રોણકી અને હાલ શહેરના જામનગર રોડ પર રહેતા પ્રોઢે ઘરમાં જ ગળે ફાંસો ખાઈ લેતા મોત થયું હતું.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ શહેરના જામનગર રોડ નાગેશ્વર નેમિનાથ એપાર્ટમેન્ટ બ્લોક એ ૩૦૪ માં રહેતા અરવિંદભાઈ બચુભાઈ ૬૨ એ ૧૩/૫ ના રાત્રે ૧૦ વાગ્યા અગાવ પોતાના રૂમમાં જ ગળે ફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ ને બોલાવતા ડોક્ટરોએ તપાસી મરણ જાહેર કર્યા હતા, આ અંગેની તપાસ કરી રહેલા પ્રો, પીએસઆઈ પી,બી પટેલની પ્રાથમિક તપાસમાં અરવિંદભાઈ બચુભાઈ મૂળ રોણકીના વતની છે ,બે પુત્રોમાં એક વતનમાં પત્ની સાથે અને એક રાજકોટમાં રહેતો હોય પરંતુ અરવિંદભાઈ એકલા રહેતા હતા વ્યવસાયે બાંધકામ ક્ષેત્ર સંકળાયેલ પરિવારના અરવિંદભાઈ છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારી ની સમસ્યા હોય ગઈકાલે તેમણે માનસિક બીમારીને લઈ આત્મહત્યા કરી લીધી હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળેલ છે આ અંગે ગાંધીગ્રામ પોલીસ તપાસ કરી રહી છે

# યાજ્ઞિક રોડ પર મેઘુ વીણા એપાર્ટમેન્ટના પાંચમા માળેથી પટકાયેલા શ્રમજીવીનું મોત

## સમી સાંજે સર્જાયેલી દુર્ઘટનામાં યુવાનના મોતથી પરિવારમાં અરેરાટી

**અબતક રાજકોટ**

શહેરના યાજ્ઞિક રોડ પર પાંચમા માળેથી અકસ્માતે નીચે પડી ગયેલી આદિવાસી શ્રમજીવી નું મોત થયા નો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.આ અંગે પ્રાપ્ત મુજબ યાજ્ઞિક રોડ પર આવેલ રામકૃષ્ણ આશ્રમ ગેટ નંબર ૩ નજીકના મધુ વીણા એપાર્ટમેન્ટમાં કામ કરી રહેલ મૂળ ઓરિસ્સા અને હાલ પુનિત ટ્રેડ લિંક સામે ભક્તિનગર સ્ટેશન પ્લોટ ચાર ગોંડલ રોડ પર રહેતા પૂર્ણભાઈ ટિકમાજી આદિવાસી, ૪૦ તારીખ ૧૩/૫ ના રોજ ૨૦/૩૦ ના સુમારે મધુ વીણા એપાર્ટમેન્ટના પાંચમા માળેથી નીચે પટકાતા બેભાન અવસ્થામાં તાત્કાલિક ૧૦૮મારફત સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં પૂર્ણા ભાઈ ને મરણ ગયેલ જાહેર કર્યો હતો. આ અંગેની તપાસ એ ડીવિઝન પીએસઆઈ કે એમ વડનગરા ચલાવી રહ્યા છે

# વિનોદનગરમાં મકાનમાં જુગાર રમતા ચાર ઝડપાયા

**અબતક રાજકોટ**

શહેરના કોઠારીયા મેઈન રોડ પર આવેલા વિનોદ નગરમાં મકાનમાં જુગાર રમતા ચાર શખ્સોને ભક્તિનગર પોલીસે ઝડપી લઈ , જુગારના પટમાંથી રૂ.૧૦.૫૦૦ ની રોકડ કબ્જે કરી છે.બનાવની પ્રાપ્ત વિદેશ મુજબ , કોઠારીયા મેઈન રોડ પર આવેલા વિનોદ નગર શેરી નંબર ૮માં ‘‘ શ્રી બ્રમહાણી કૃપા‘‘માં રહેતો હરેશ બાબુભાઈ પોકર નામનો શખ્સ તેના મકાનમાં જુગાર રમાડતો હોવાની બાતમી ભક્તિનગર પોલીસની ટીમને મળી હતી. બાતમીના આધારે મકાનમાં જુગારનો દરોડો પાડી, જુગટુ રમતાં હરેશ પોકર, મુકેશ રામજીભાઈ ગોસાઈ, પિયુષ ભુપતભાઈ પરમાર અને પ્રવીણ જસમતભાઈ શેખલીયા નામના પત્તા પ્રેમીઓને ભક્તિનગર પોલીસે ઝડપી લઈ, જુગાર ના પટમાંથી રૂ.૧૦. ૫૦૦ની રોકડ કબ્જે કરી છે.

# કણકોટમાં સેન્ટ્રીંગના સળિયા બાંધતી વેળાએ વીજ કરંટ લાગતા શ્રમજીવીનું મોત

## બે દિવસ પહેલા વતન ઓરિસ્સાથી આવેલા યુવાનના મૃતદેહને વતનમાં અંતિમ સંસ્કાર અપાશે

**અબતક રાજકોટ**

રાજકોટ તાલુકા પોલીસ મથકની હદમાં આવેલ કણકોટ રામનગરમાં વાડીએ સ્લેપ સેન્ટીંગના સળિયા બાંધતી વખતે અકસ્માતે વીજ કરંટ લાગતા ઓરિસ્સાના શ્રમજીવી યુવકનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું આ અંગે પ્રાપ્ત વિગત મુજબ મૂળ ઓરિસ્સાના તુમેસ્વર સન્યાસી કરવા ૨૪ રહે વગર ચોકડી ગઈકાલે સવારે કણકોટ ગામે રામનગર માં આવેલ દિનેશભાઈ ની વાડીએ સ્લેબ ભરવા માટેના સળિયા બાંધવાનું કામ કરતો હતો ત્યારે અકસ્માતે વીજવાયર ને અડી જતા સોટ લાગતા બેભાન થઈને ઢળી પડ્યો હતો, બેભાન અવસ્થામાં તુંમેશ્વર ને સારવાર માટે દવાખાને લાવતા ફરજ પરના તબીબોએ સારવાર દરમિયાન રાત્રે૧૨ મરણ ગયેલ જાહેર કર્યો હતો તુમેસ્વર ને કામ પર રાખનાર મહેશભાઈ એ જણાવ્યું હતુ કે મૂળ ઓરિસ્સાનો વતની અને લોખંડનું કામ કરતા તુંમેશ્વર હજુ બે દિવસ પહેલા જ વતનમાંથી પરત આવ્યો હતો અને આજે અંતિમ સંસ્કાર માટે તેના મિત્રો તેને ફરીથી વતન જવા લઈ ગયા હતા

# પોલીસ પર હુમલો કરનાર કુખ્યાત ઈશોભા દલ અંતે ઝડપાયો

## માજિદ ભાણું આણી ટોળકીએ પ્ર.નગર પોલીસના જવાનો પર કર્યો’તો પથ્થરમારો

## ચાર માસથી નાસ્તા ફરતા ઈશોભાને નાના નવા સર્કલ નજીકથી દબોચી લેતી એલસીબી ઝોન-૨

**અબતક, રાજકોટ**

શહેરના રૂખડીયાપરામાં ધમાલ મચાવ્યા બાદ માજિદ ભાણું અને ઈશોભા દલ આણી ટોળકીએ જામનગર રોડ પર પેટ્રોલિંગમાં રહેલા પ્ર.નગર પોલીસના બે જવાનો સાથે ઝપાઝપી કરી પથ્થરમારો કર્યો હતો. જે મામલે અગાઉ એસઓજીએ માજિદ ભાણુંને ઝડપી લીધા બાદ એલસીબી ઝોન-૨ ની ટીમે ઈશોભા દલને નાના મવા સર્કલ નજીકથી ઝડપી લીધો છે.

પ્રાપ્ત વિગત અનુસાર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા અને ડીસીપી ઝોન-૨ જગદીશ બંગરવા દ્વારા ગંભીર ગુનામાં પકડવામાં બાકી તેમજ નાસ્તા ફરતા આરોપીઓને શોધી કાઢવાની સૂચના આપવામાં આવી હતી. જે અનુસંધાને એલસીબી ઝોન-૨ ટીમના ઈન્ચાર્જ પીએસઆઈ જે વી ગોહિલની ટીમો પ્રયત્નશીલ હતી. દરમિયાન પ્રનગર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પોલીસ ફરજમાં રૂકાવટ કરી ઝપાઝપી, ગાળા ગાડી કરી પોલીસ જવાનો પર પથ્થરના ઘા કરી મોટર સાયકલમાં તોડફોડ કરવાના ગુનામાં તેમજ યુનિવર્સીટી પોલીસ સ્ટેશનના રૂપિયા ૭૫ લાખનો હવાલો લઈ યુવકનું સ્કોર્પિયો ગાડીમાં અપહરણ કરી માર મારવાના ગુનામાં નાસ્તો ફરતો



કુખ્યાત ઈશોભા રિઝવાનભાઈ દલ

નાના મવા સર્કલ પાસે આવેલ આવાસ યોજનાના ક્વાર્ટર ખાતે હોવાની ચોક્કસ બાતમીના આધારે એલસીબી ઝોન ૨ ની ટીમ નાના મવા સર્કલ ખાતે દોડી ગઈ હતી અને આવાસ યોજનાના ક્વાર્ટર ખાતે અલગ અલગ ટીમો બનાવી ઈશોભાને ઝડપી લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, આશરે ચાર માસ પૂર્વે માજીદ ભાણું અને ઈશોભા દલ આણી ટોળકીએ જૂની અદાવતનો ખાર રાખી મહિલાના મકાન પર સોડા બોટલનો ઘા કર્યો હતો. જે બનાવ અનુસંધાને પ્રનગર પોલીસના પીઆઈ સહિતનો કાફલો રૂખડીયાપરામાં દોડી ગયો હતો. દરમ્યાન પેટ્રોલિંગમાં રહેલા પ્રનગર પોલીસના બે જવાનો જામનગર રોડ સ્થિત સ્લમ વિસ્તાર ખાતે પહોંચતા માજીદ ભાણું અને ઈશોભા દલ આણી ટોળકીએ બંને પોલીસ જવાનો સાથે ગાળાગાળી, ઝપાઝપી કરી છૂટા પથ્થરના ઘા કરી વાહનમાં તોડફોડ કરી હતી અને ત્યારબાદ નાસી ગયા હતા જે ગુનામાં અગાઉ એસઓજીએ માજિદ ભાણુને ઝડપી લઈ ભાંભરડા નખાવ્યા બાદ હવે એલસીબીએ ઈશોભા રિઝવાન દલ(ઉ.વ. ૨૧ રહે.હુડકો ક્વાર્ટર, જામનગર રોડ, રાજકોટ)ને પકડી પ્રનગર પોલીસને સોંપી દીધો છે.

આ કામગીરીમાં એલસીબી ઝોન-૨ના ઈન્ચાર્જ પીએસઆઈ જે વી ગોહિલ, એએસઆઈ રાજેશભાઈ મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ, હેમેન્દ્રભાઈ વાઘિયા, શક્તિસિંહ ગોહિલ, ધર્મરાજસિંહ ઝાલા કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાણા સહિતની ટીમ રોકાઈ હતી.

# લોન કૌભાંડમાં મીન્ટી ફી ફિનસર્વ પ્રા.લી. બ્રાન્ચ મેનેજરની જામીન અરજી મંજૂર

## કસ્ટમરોના ખોટા દસ્તાવેજોના આધારે લોનના ખોટા વેલ્યુએશન કરી રૂ. ૪.૧૩ કરોડથી વધુ રકમની લોન મંજુર કરી

**અબતક, રાજકોટ**

બોગસ દસ્તાવેજ બનાવી કરોડો રૂપિયાના લોન કૌભાંડના ગુન્હામાં જેલ હવાલે થયેલા મીન્ટી ફી ફિનસર્વ પ્રા.લી. બ્રાન્ચ મેનેજરની ચાર્જશીટ પહેલાની જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

વધુ વિગત મુજબ શહેર ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનમાં મીન્ટી ફી ફિનસર્વ પ્રા.લી.ના લીગલ મેનેજર ચંદ્રેશભાઈ મોટુમલભાઈ જોબનપુત્રાએ રાજકોટ બ્રાન્ચ મેનેજર હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલાએ પોતાના અંગત લાભ અર્થે કસ્ટમરોને લોન આપવા કસ્ટમરો પાસેથી બોગસ રેકોર્ડ જેવા કે મશિનરીના ખોટા બિલો, સરકારી રેકોર્ડ એવા ગ્રામ પંચાયતના બોગસ દાખલાઓ મેળવી સાચા તરીકે ઉપયોગ કરી કસ્ટમરોને રૂ. ૪.૧૩ કરોડથી વધુ રકમની લોનો ખોટા



વકીલ રૂપરાજસિંહ પરમાર

દસ્તાવેજોના આધારે ખોટા વેલ્યુએશન કરી લોન મંજુર કરી તેમાથી મસમોટું કમિશન મેળવી કૌભાંડ આચાર્યું હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું. જે ફરિયાદ બાદ પોલીસે હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલાની ધરપકડ કરેલ અને ૫ દિવસના રિમાન્ડ મેળવી રિમાન્ડના અંતે આરોપી હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલાને જેલ હવાલે કરેલ. દરમિયાન જેલહવાલે થયા બાદ હિતેન્દ્રસિંહ ઝાલાએ પોતાના વકીલ મારફત જામીન અરજી કરેલ હતી. જેમાં આરોપી તથા ફરિયાદીના વકીલ દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી કે, આરોપીને લોન મંજૂર કરવાનો અધિકાર નથી, તેને કોઈ કમિશન મળ્યું હોવાના પુરાવા નથી મતલબની દલીલો તથા ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓ તેમજ કેસના સંજોગોને ધ્યાને લઈ આરોપી હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલાને રાજકોટ એડી. સેશન્સ કોર્ટે ચાર્જશીટ પહેલા રેગ્યુલર જામીન પર મુક્ત કરેલ છે. આ કામમાં આરોપી વતી વકીલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈન હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિ લાલ, જીત શાહ, ફેઝાન સમા, દિપક ભાટિયા, અંકિત ભટ્ટ, રહિમ હેરંજા રોકાયા હતા.

# કેકેવી ચોક નજીકથી પાંચ દિવસ પૂર્વે ચોરાયેલા સ્કૂટર સાથે ઉઠાવગીર ઝડપાયો

## યુનિવર્સિટી પોલીસની ટીમે બાતમીના આધારે સુમિત બાબુ વિરાણીને પકડી પાડ્યો

**અબતક, રાજકોટ**

યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા કેકેવી ચોકં નજીકથી પાંચ દિવસ પહેલા ચોરાયેલ એકટીવાની ચોરીનો ભેદ ઉકેલી આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી લઈ પોલીસની ઝડપી કામગીરીનો પરિચય આપ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા, પશ્ચિમ વિભાગના મદદનીશ પોલીસ કમિશનર રાધિકા ભારાઈએ મિલકત સંબંધી ગુના ડિટેક્ટ કરવાના આદેશને પગલે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનની ટીમે ગણતરીની કલાકોમાં જ મોટર સાયકલ ચોરીનો ભેદ ઉકેલી લીધો હતો.



યુનિ. પોલીસ સ્ટેશન ન પી.આઈ. એચ એન પટેલના માર્ગદર્શન હેઠળ સર્વેલેન્સ સ્કોડના પીએસઆઈ વી જી ડોડીયાની ટીમના હેડ કોન્સ્ટેબલ વીરદેવસિંહ જાડેજા, જીગ્નેશભાઈ મારુ, કોન્સ્ટેબલ મૈસુરભાઈ કુંભારવાડીયાને ખાનગી રાહે મળેલી બાતમીના આધારે પાંચ દિવસ પહેલા કેકેવી હોલ પાસેથી ચોરી થયેલ એકટીવા મોટરસાયકલ સાથે એક ઈસમ મુજકા ચોકડી પાસે હોવાની બાતમી મળી હતી. જેથી યુનિવર્સીટી પોલીસે સુમિત બાબુ વિરાણી(રહે. બાપાસીતારામ સોસાયટી શેરી નંબર-૨ મવડી ચોકડી અને મૂળ રહે.ખાનકોટડા ગામ, કાલાવડ, જામનગર)ને પાંચ દીવસ પહેલા સાથે ઝડપી લીધો હતો.

આ કામગીરી પી.આઈ. એચ એન પટેલ, પીએસઆઈ વી જી ડોડીયા, એએસઆઈ જગમાલભાઈ ખટાણા, વિરેન્દ્રસિંહ ઝાલા, કોન્સ્ટેબલ મહિપાલસિંહ જાડેજા, વીરદેવસિંહ જાડેજા, વિજુભા જાડેજા, જીગ્નેશભાઈ મારુ, પ્રતાપસિંહ મોયા, ગોપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ વનરાજભાઈ લાવડીયા અને મૈસુરભાઈ કુંભારવાડીયાએ કામગીરી કરી હતી.

# લિસ્ટેડ બુટલેગર પ્રશાંત પરમાર ઝડપાયો

## ડીસીબી પોલીસના દારૂના ગુનામાં છ માસથી ફરાર શખ્સને નાસ્તા ફરતા સ્કવોડ ઝોન-૨ એ પકડી પાડ્યો

**અબતક, રાજકોટ**



શહેરના ડીસીબી પોલીસ મથકના દારૂના ગુનામાં છ માસથી ફરાર લિસ્ટેડ બુટલેગર પ્રશાંત પરમારને નાસ્તા ફરતા સ્કવોડ ઝોન-૨ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ જગદીશ બંગરવા દ્વારા નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડી અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને નાસ્તા ફરતા સ્કવોડ ઝોન-૨ ના પી.એસ.આઈ.આર આર કોઠીયાની ટીમ નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડવા પ્રયત્નશીલ હતી. દરમિયાન સ્કવોડના કર્મચારીઓને સંયુક્ત રાહે મળેલી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચમાં દાખલ થયેલ પ્રોહીબીશનના નાસ્તો ફરતો લિસ્ટેડ બુટલેગર પ્રશાંત ઉર્ફે પસિયો કિશોરભાઈ પરમાર (ઉ.વ.૩૦ રહે.લક્ષ્મીવાડી ક્વાર્ટર નંબર-૬૦, ભક્તિનગર સર્કલ, રાજકોટ)ને પકડી ડીસીબી પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો હતો.

ઉલ્લેખની છે કે, બુટલેગર પ્રશાંત પરમાર વિરુદ્ધ ક્રાઈમ બ્રાન્ચ સહિતના પોલીસ મથકમાં દારૂના ડઝનેક ગુના નોંધાયેલા છે. આ કામગીરીમાં પીએસઆઈ આર આર કોઠીયા, હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ઝાલા, અંકિતભાઈ નિમાવત, અનિલભાઈ જીલરીયા, કોન્સ્ટેબલ અમીનભાઈ ભલુર અને પ્રશાંતભાઈ ગજેરા રોકાયા હતા.

# વોન્ટેડ બુટલેગર સેજાદ અને અયાન ઝડપાયો

## નાસ્તા ફરતા આરોપીઓને કાયદાના સકંજામાં લેવા પોલીસ મેદાને

**અબ તક રાજકોટ**

શહેરના યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફ દ્વારા વિદેશી દારૂના ગુનામાં નાસતા ફરતા સેજાદ ઉર્ફે નવાબ જલવાણી અને અયાન અજલાની સહિત બે બુટલેગરોને ઝડપી લે ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છેશહેરમા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુનાખોરી કરી લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ આપેલા આદેશના પગલે યુની પોલીસે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે શીતલ પાર્ક મેન રોડ પર અસલમ ભાઈ સંધિના મકાનમાં ભાડેથી રહેતા સેજાદ ઉર્ફે નવાબ સુલતાન ભાઈ જલવાણી, અને જેતપુરના પીઠડીયા ગામે રહેતા અયાન દિલાવર ભાઈ અજલાણી સહિત બંને શકશો વિદેશી દારૂના ગુનામાં વોન્ટેડ હોય અને રજા ગામ પંપિંગ સ્ટેશન પાસે હોવાની હેડ કોન્સ્ટેબલ વિદ્યુતસિંહ જાડેજા પ્રતાપસિંહ મોયા અને વિજુભા જાડેજા ને મળેલી બાતમીના આધારે ડિસ્ટર્બ ના પી.એસ.આઈ વીજી ડોડીયા સહિતના સ્ટાફે દરોડો પાડી ઉપરોક્ત બંને શખ્સને ઝડપી લીધા હતા . ઝડપાયેલા સેજાદ જલવાણી સામે ગાંધીગ્રામ પોલીસ મથકના ચોપડે હત્યા, યુનિવર્સિટી પોલીસ મથકના ચોપડે એટ્રોસિટી , મારામારી અને દારૂ સહિતના પાંચ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.

# ગૃહઉદ્યોગની જેમ ધમધમતા દેશી દારૂના હાટડા પર પોલીસની ડ્રાઈવ

## આઠ સ્થળોએ દરોડા પાડી દેશી વિદેશી દારૂના જથ્થા સાથે બે મહિલા સહિત ૧૦ની ધરપકડ

**અબતક, રાજકોટ**

શહેરમાં આજીડેમ પોલીસ મથક વિસ્તારમાં પીસીબી શાખાએ ડેરા તંબુ તાણી આઠ સ્થળોએ નરોડા પાળી દેશી અને વિદેશી દારૂના જથ્થો ઝડપી લઈ બે મહિલા સહિત ૧૦ શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૧૫,૪૦૦ નો નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ શહેરમાં ગેરકાયદે પ્રવૃત્તિઓને દામી દેવા અને સ્લમ વિસ્તારમાં ગૃહ ઉદ્યોગની જેમ ધમધમતા દેશી દારૂના હાટડાઓ તૂટી પડવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા એ આપેલી સૂચનાને પગલે પીસીબીના ઈન્સ્પેક્ટર એમ આર ગોંડલીયા સહિતના સ્ટાફે આજી ડેમ પોલીસ મથક વિસ્તારમાં દરોડા પાડયા હતા. ભાવનગર રોડ માંડા ડુંગર ભીમરાવ નગર રહેતા રામદેવ ભરત ચૌહાણ અને મુક્તાબેન જયંતીભાઈ પરમારની મકાનમાં દરોડો પાડી રૂપિયા ૩૦૦૦ ની કિંમત નો ૧૫ લીટર દેશી દારૂ કબજે કર્યો છે. જ્યારે ખોખરદળ ગામે રહેતા મનસુખ ગોવિંદ પરમાર ની ૧૦ લીટર દેશી દારૂ સાથે બિન દયાળ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ખોડલ કારખાનાની ઓરડીમાં રહેતો ગૌતમ ઉર્ફે મારાજ અરવિંદ દુધરેજીયા ની ત્રણ બોટલ વિદેશી દારૂ સાથે ધરપકડ કરી છે. કોઠારીયા સોલવન વિસ્તારમાં સાગર કારખાનાની પાછળ વર્ધમાન ઈન્ડસ્ટ્રીઝ એરીયા ચુપળામાં રહેતા રાજુ દદુ સાડમીયા ની ૩૦૦૦ ની કિંમતની ૧૫ લિટર દેશી દારૂ સાથે ધરપકડ કરી છે. હુડકો ચોકડી પાસે મફતીયા પરા શક્તિ હોટલની બાજુમાં આવેલી ઓરડીમાં દરોડો પાડી મુકેશ નરસિંહ દાણીધારીયા અને મંજુબેન ખોડાભાઈ સોલંકી ની ૧૪૦૦ ની કિંમતની ૭ લિટર દારૂ સાથે ધરપકડ કરી કોઠારીયા ગામ ગુલાબ નગર શેરી નંબર ૫ માં દરોડો પાડી હિતેશ ઝાલા ની ચાર લીટર સાથે માંદા ડુંગર માં ઈમરાન સલીમ ભટીની ૧૦ લીટર દારૂ સાથે અને વેલનાથ પરા ચામુંડા ઈલેક્ટ્રોનિક્સ ની સામે દરોડો પાડી ₹૨,૦૦૦ ની કિંમતની ૧૦ લીટર દેશી દારૂ સાથે ધરપકડ કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.પી.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા, એમ.જે.હુણ, એ.એસ.આઈ. મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડ.કોન્સ.કિરતસિંહ ઝાલા, કરણભાઈ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી અને હિરેનદ્રસિંહ પરમાર સહિતના સ્ટાફે કામગીરી બજાવી હતી.

# ચોરાઉ બાઈક સાથે ઉઠાવગીરને ઝડપી લેતી ક્રાઈમ બ્રાન્ચ

## પ્રકાશ વાડકીયાની ધરપકડ થતાં આજીડેમ પોલીસમાં નોંધાયેલ ગુનાનો ભેદ ઉકેલાયો


**અબતક, રાજકોટ**

શહેર ક્રાઈમ બ્રાન્ચ ટીમે ચોરાઉ બાઈક સાથે ઉઠાવગીરને ઝડપી આજીડેમ પોલીસમાં નોંધાયેલ વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવા તેમજ વાહનચોરી, ઘરફોડચોરી, ચીલઝડપ, લૂંટ સહિતના ગુનાઓ શોધી કાઢવાની ઉચ્ચ અધિકારીઓ સૂચનાને અનુસંધાને ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર અને સી એચ જાદવના માર્ગદર્શનમાં પીએસઆઈ એમ કે મોવલીયાની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર, કોન્સ્ટેબલ અર્જુનભાઈ ડવ અને ગોપાલભાઈ પાટીલને મળેલી સંયુકત બાતમીના આધારે શંકાસ્પદ મોટરસાયકલ સાથે પ્રકાશ ટીડીયાભાઈ વડકીયા (રહે હાલ કોઠારીયા ગામ, જયનગર મેઈન રોડ, ખોડીયાર રેસ્ટોરન્ટની સામે રાજકોટ, અને મૂળ ગામ વાવડી, જાંબવા,મધ્યપ્રદેશ)ની સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ જેની કિંમત રૂ. ૨૫ હજાર સાથે ધરપકડ કરી આજીડેમ પોલીસમાં નોંધાયેલ મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલ્યો હતો.

# વિદેશી ખેલાડીઓ ઘર ભેગા થશે તો અધૂરી આઈપીએલ ઝાંખી પડી જશે ?

## કેટલાક વિદેશી ખેલાડીઓ આઈપીએલ ૨૦૨૫માં રમવા માટે ભારત પાછા નહીં આવે, જોકે, હજુ સુધી આ વાતની પુષ્ટી થઈ નથી



**અબતક, નવી દિલ્હી**

ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાનને પાઠ ભણાવ્યો છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ એક મજબૂત સંદેશ આપ્યો છે કે ભારત આતંકવાદને બિલકુલ સહન કરશે નહીં. ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે આઈપીએલ ૨૦૨૫ એક અઠવાડિયા માટે સ્થગિત કરવામાં આવ્યું. હવે સારી વાત એ છે કે ટુર્નામિન્ટની બાકીની ૧૭ મેચોનું નવું શિડ્યૂલ જાહેર કરવામાં આવ્યું હતું. બાકીની મેચો ૧૭ મેથી રમાશે, જ્યારે ફાઈનલ ૩ જૂને રમાશે. શિડ્યૂલ જાહેર થાય તે પહેલાં કેટલાક મીડિયા અહેવાલોમાં ખુલાસો થયો હતો કે કેટલાક વિદેશી ખેલાડીઓ આઈપીએલ ૨૦૨૫માં રમવા માટે ભારત પાછા નહીં આવે. જોકે, હજુ સુધી આ વાતની પુષ્ટી થઈ નથી.વિદેશી ખેલાડીઓ ઘર ભેગા થશે તો અધૂરો રહેલો આઈપીએલ ઝાંખો પડી જશે ? ક્રિકેટ ઓસ્ટ્રેલિયા ખેલાડીઓને ભારત પાછા ફરવા માંગે છે કે નહીં તે અંગેના તેમના વ્યક્તિગત નિર્ણયોમાં સમર્થન આપશે, જ્યારે ટીમ મેનેજમેન્ટ બાકીના આઈપીએલ મેચમાં રમવાનું પસંદ કરનારા ખેલાડીઓ માટે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલની તૈયારી પર કામ કરશે. સુરક્ષા વ્યવસ્થા અંગે અમે ઓસ્ટ્રેલિયન સરકાર અને બીસીસીઆઈ સાથે વાતચીત કરી રહ્યા છીએ.

### હેઝલવુડ ઈજાના કારણે આઈપીએલથી બહાર

જોશ હેઝલવુડે આઈપીએલ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ૧૮ વિકેટ લીધી છે, પરંતુ ખભાની ઈજાને કારણે તે બાકીની મેચોમાં રમી શકશે નહીં. તે સિવાય રોમારિયો શેફર્ડ, લુંગી એનગિડી અને જેકબ બેથેલ પણ બાકીની મેચો માટે અનુપલબ્ધ રહી શકે છે. મિશેલ સ્ટાર્ક દિલ્હી કેપિટલ્સને સૌથી મોટો ઝટકો આપી શકે છે, તેણે અત્યાર સુધીમાં ટૂર્નામિન્ટમાં ૧૪ વિકેટ લીધી છે. દિલ્હીની મિડલ ઓર્ડર બેટિંગને તાકાત આપનાર ટ્રિસ્ટન સ્ટબ્સ પણ બાકીની મેચોમાંથી બહાર થઈ શકે છે.

### બટલર-સ્ટાર્ક, ટ્રેવિસ હેડ સહિતના ખેલાડીઓ આઈપીએલ રમવા નહિ આવે ?

ગુજરાત જાયન્ટ્સને પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચાડવામાં જોસ બટલરે મોટી ભૂમિકા ભજવી છે. તેણે અત્યાર સુધીમાં ટુર્નામિન્ટમાં ૫૦૦ રન બનાવ્યા છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણીને કારણે તે આઈપીએલ ૨૦૨૫ના પ્લેઓફ મેચોમાંથી બહાર થઈ શકે છે. ગુજરાત માટે એ પણ એક મોટી સમસ્યા છે કે કગીસો રબાડા અને શેરફાન રધરફોર્ડ પણ ભારત પાછા ન આવી શકે. ટીમમાંથી માર્કો જેન્સન અને જોશ ઈંગ્લિશની ગેરહાજરી પંજાબની પ્લેઓફની આશાઓને નુકસાન પહોંચાડી શકે છે. જોસ બટલર, કગીસો રબાડા, શેરફાન રૂથરફોર્ડ, જોશ હેઝલવુડ, લુંગી એનગિડી, રોમારિયો શેફર્ડ, રાયન રિકેલ્ટન, વિલ જેક્સ, માર્કો જેન્સન, ટ્રિસ્ટન સ્ટબ્સ, મિશેલ સ્ટાર્ક, જોશ ઈંગ્લિશ, એડન માર્કરામ, જોફ્રા આર્ચર, ટ્રેવિસ હેડ બાકીની આઈપીએલ રમવા નહિ આવી શકે.

---

## બ્રહ્માકુમારીજી દ્વારા ૩૦મીથી આબુમાં સાધુ-સંતોનું મહાસંમેલન

**અબતક, રાજકોટ**

પ્રાચીન કાળથી ભારતમાં ધર્મ સત્તાનું સ્થાન વિશેષ રહ્યુ છે. સમાજના આદયાત્મિક અને સાંસ્કૃતિક જીવનમાં ધર્મ ગુરૂઓનુ જીવન પ્રેરણાસ્ત્રોત છે. સમાજના ઉત્થાનનો આધાર છે - ધર્મનિષ્ઠા અને આધ્યાત્મિક સશક્તિકરણ છે. આત્મા અને પરમાત્માની ઓળખ દ્વારા જીવનમાંથી મનોવિકારો પર વિજય મેળવવો. તથા શાંતિ, પ્રેમ, સદભાવના જેવા સદ્ મૂલ્યોથી જીવનને ઉજાગર કરવુ, સુખમય વિશ્વનું નવનિર્માણ કરવું. આ લક્ષ્યથી બ્રહ્માકુમારીઝ દ્વારા તા. ૩૦ મે થી ૨ જૂન, ૨૦૨૫ શાંતિવન, આબુ રોડ ખાતે અખિલ ભારતીય સાધુ સંત મહાસંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. આ સંમેલનમાં સાધુ-સંતગણ, સન્યાસી, વિધાન, આચાર્ય વગેરે ધાર્મિક ક્ષેત્રના સંતગણીને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે. મહાસંમેલનમાં ભાગ લેનારે રજીસ્ટ્રેશન માટે બ્રહ્માકુમારીઝ- જયોતિ દર્શન, ૧, પંચશીલ સોસાયટી, દોશી હોસ્પીટલ સામે, ગોંડલ રોડ, રાજકોટ સેવાકેન્દ્ર પર સવારે ૭ થી ૧૨ તથા સાજે ૫ થી ૮ સંપર્ક કરવા જણાવાયું છે. આ રજીસ્ટ્રેશન ૨૫મી મે સુધી કરી શકાશે.

## કિશાનપરા દીધાર્યુ કેન્દ્ર-૩ ખાતે કાલે બીલીના શરબતનું વિતરણ

**અબતક, રાજકોટ**

ઉનાળામાં વધતી ગરમીને કારણે પેટના રોગો વધી શકે છે. જેમાં બીલીના ફળ ખુબ જ ઉપયોગી થાય છે તેનું શરબત દીર્ઘાયુ કેન્દ્ર-૩ કિશાનપરા રાજકોટ દ્વારા વિનામૂલ્યે રેસકોર્સ ખાતે કાલે સવારે ૬.૩૦ થી પીવડાવવામાં આવશે. વૈદ્ય ઉમેશ ડી. પંડયા અને વૈદ્ય શિવ યુ. પંડયા દ્વારા જણાવેલ છે.

## વિદેશમંત્રી એસ. જયશંકરની સુરક્ષામાં વધારો કરાયો

### કાફલામા બુલેટપ્રુફ કાર ઉમેરવા સાથે નિવાસ સ્થાનની સુરક્ષા પણ વધારાઈ

**અબતક રાજકોટ**

વિદેશ મંત્રી એસ. જયશંકરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. હવે તેમના કાફલામાં બુલેટપ્રુફ કારનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ સાથે તેમના નિવાસ સ્થાનની સુરક્ષા પણ વધારવામાં આવી છે.

ઓપરેશન સિંદૂર પછી સરકારે એ બધા લોકોની સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કર્યો છે જે ઘૂંટણી અને પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે જે કૂટનીતિ અને અન્ય મોરચા પર મહત્વનો હોદ્દો ધરાવે છે. જેથી વિદેશ મંત્રી એસ જયશંકરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. વિદેશ



મંત્રીના દિલ્હીના નિવાસ્થાન ની આસપાસ સુરક્ષા વધુ મજબૂત કરવામાં આવી છે. ગૃહ મંત્રાલયએ વિદેશ મંત્રીની સુરક્ષા માટે કાફલામા બુલેટપ્રુફ કારનો પર ઉમેરો કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિદેશ મંત્રી એસ જયશંકરને પહેલા જ ઝેડ શ્રેણીની સુરક્ષા આપવામાં આવતી હતી. તેમને સુરક્ષામાં સીઆરપીએફના કમાન્ડો પણ તૈનાત રહેતા. હવે ગૃહ મંત્રાલય તેમની સુરક્ષા વધુ મજબૂત કરવાનો નિર્ણય લીધો છે.

---

## ઉત્કર્ષ કલબ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરશે

### પ્લે હાઉસથીધો.૧૨ના વિદ્યાર્થીઓને ફોર્મ ભરી માર્કશીટ સાથે જમા કરવા અનુરોધ કરાયો

**અબતક,રાજકોટ**

સમાજના બાળકોના સર્વાંગી વિકાસ અર્થે સામાજીક, શૈક્ષણીક, રચનાત્મક,સેવાકીય, સાંસ્કૃતિક, આધ્યાત્મીક ક્ષેતે વિવિધ પ્રવૃતિઓ કરતી રાજકોટની અગ્રીમ હરોળની સંસ્થા એટલે ઉત્કર્ષ કલબ. આ સંસ્થા દ્વારા હ'મેશા બાળકોને પ્રોત્સાહિત કરવા તથા તેમનામાં રહેલી કલાને બહાર લાવવા અવનવા જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તેવા કાર્યક્રમો કરે છે. જેમાં ડ્રોઈંગ કોમ્પીટીશન, ડાન્સ ફેશન શો, વકૃતત્વ,મી.એન્ડ મોમ, ગેઈમ શો, પપેટ શો, યોગ-પ્રાણાયમ, સાંસ્કૃતિક, આધ્યાત્મીક પ્રતિભા સન્માન વગેરે કાર્યક્રમો કરવામાં આવે



છે. પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ બાળકોની તેજસ્વીતાને સન્માન કરવાનો, વધાવવાનો કાર્યક્રમ પ્રતિભા સન્માન તા. ૯-૬-૨૫ ને રવિવારના રોજ કોટક સ્કુલમાં રાખવામાં આવેલ છે.

બાળકોની છેલ્લા એક વર્ષની અધ્યોગ મહેનત પરીશ્રમ પછી શ્રેષ્ઠતમ પરીણામ લાવવાનો પરીક્ષાએ ઉત્સવ છે, તેને ભારરૂપ નહી પરતું આનંદના સ્વરૂપમાં ઉજવવાનો છેતા બધા જ બાળકોના પરીક્ષાના રીઝલ્ટ આવી ગયા હોય બાળકો માટે તેમને ગમતો કાર્યક્રમ તેમની તેજસ્વીતાને વધાવવાની પ્રતિભા સન્માન, સરસ્વતી સન્માન સમારોહ ઉત્કર્ષ કલબ દ્વારા આયોજન કરાયું છે.

જેમાં પ્લે હાઉસથી ધોરણ-૧૨ સુધીના મેમ્બર બાળકો તથા ગેસ્ટ બાળકોને સન્માનીત કરવામાં આવશે. બાળકોને પ્રોત્સાહન મળે અને સફળતાના સિદ્ધિના ઉચ્ચતમ શિખરો સર કરે તે માટે દરેક બાળકને આકર્ષક શીલ્ડ, ચોપડા, લંચબોકસ, કંપાસ, બોલપેન સેટ, નાસ્તો વગેરે અન્ય વસ્તુઓ પણ આપવામાં આવશે. અને દરેક ગેસ્ટ બાળકો માટે ૬૦ ટકાથી ઉપરના માર્કસ સાથે ઉતીર્ણ થયેલ હોય તે તમામ ૨ થી ૧૬ વર્ષના બાળકોને સન્માનીત કરવામાં આવશે.

કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ રીટાબેન જોબનપુત્રા કોટક , અલ્કાબેન લાલ, કન્વીનર, રશ્મિબેન પજવાણી, સહ કન્વીનર -, દિપાલીબેન પોપટ-પ્રોજેકટ ઈન્ચાર્જ, વંદનાબેન મર્થક જહેમત ઉઠાવી રહ્યા છે. વિદ્યાર્થીઓને ફોમ સાથે માર્કશીટ જોડવા તથા વધુ માહિતી માટે પ્રમુખ રીટાબેનને ૯૪૨૭૪૩૮૧૧૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## સેનાનું અપમાન કરનાર ભાજપના કોર્પોરેટરો સામે રાષ્ટ્રદોહનો ગુનો દાખલ કરો

### યુદ્ધ જેવી પરિસ્થિતિમાં મજા લેવાની વાત કરવી અયોગ્યઃ કોંગ્રેસ

**અબતક,રાજકોટ**

ભારતીય સેનાનું અપમાન કરનાર ભાજપના કોર્પોરેટરો સામે રાષ્ટ્રદ્રોહનાં ગુનો દાખલ કરવા કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવી છે.

પહેલગામમાં બરબતાપૂર્વક નિર્દોષ નાગરિકો પર આતંકવાદી હુમલા સામે મજબુત સૈન્ય કાર્યવાહીમાં તમામ સાંસદ, તમામ પક્ષ, તમામ વર્ગ, તમામ જાતિ, તમામ પ્રાંત એક થઈને ભારતીય સૈન્યને બિરદાવતી હોય ત્યારે સોશિયલ મીડિયામાં ભાજપના ચૂંટાયેલા કોર્પોરેટરો દ્વારા ૨૪૦ સીટમાં આટલું જ યુદ્ધ જોવા મળે આવી બેજવાબદાર પોસ્ટ છતાં કોઈ પગલા નહિ ત્યારે ભાજપા નેતૃત્વનો જવાબ માંગતા અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે, ભારતીય સેના જીવના જોખમે યુદ્ધ લડી છે ત્યારે સોશિયલ મીડિયામાં ભાજપા કોર્પોરેટરોની ઠટ્ઠા મશ્કરી કેટલા અંશે વ્યાજબી ? સરહદ પર ભારતીય સેના શત્રુ રાષ્ટ્ર અને ત્રાસવાદીઓના દાંત ખાટા કરી રહી છે, ત્યારે ભાજપના કોર્પોરેટરને મસ્તી સુજી રહી છે. જે એક ગંભીર બાબત છે. રાષ્ટ્રીય સલામતી અને ભારતીય સેનાની અભૂતપૂર્વક વખાણવા લાયક બહાદુરીની સમગ્ર દેશ ગુણગાન ગાઈ રહ્યું છે ત્યારે રાજકોટ ભાજપાના કોર્પોરેટર ચેતન સુરેજા બેજવાબદારીપૂર્વક કહે છે કે, 'મેં તો મસ્તીમાં પોસ્ટ મૂકી છે', યુદ્ધ જેવી સ્થિતિમાં નેતાને મસ્તી સુઝે અને રમુજ કરવાનું મન થાય, તે ગંભીર બાબત છે એક પછી એક ભાજપ નેતા આવી મસ્તીમાં જોડાઈ પણ રહ્યા છે.

જાહેર જીવનમાં અને બંધારણીય હોદ્દા પર રહેલા વ્યક્તિએ કોઈ પોસ્ટ કરતા પહેલા સારી રીતે વિચારવું જોઈએ સમગ્ર આ મામલો રાષ્ટ્રીય સલામતી અને ભારતીય સેના સાથે જોડાયેલો છે. ભારતીય સૈન્ય યુદ્ધ કરે અને વિજય હાંસલ કરે અને તેની પર રાજકારણ કરવામાં આવે છે. હવે જેટલી સીટો જીતાડો તેટલું યુદ્ધ થાય એવી ? ભાજપના કોર્પોરેટર ત્રણ દિવસ પૂર્વે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકી હતી અને તેમાં લખ્યું હતું કે, 'કોઈ હડબડી નહિ, આરામ સે આનંદ લીજીએ... સશક્ત ભારતીય સેના કે શોર્ય કા.' આ પોસ્ટ પછી ભાજપમાં એવી ચર્ચાઓ થવા લાગી હતી કે શું યુદ્ધ મજા લેવાની વાત કે ટીપ્પણી કરવાનો મુદ્દો છે ? ત્યારે ભારતીય સૈન્યના અપમાન બદલ ભાજપાના કોર્પોરેટરો પર ફોજદારી રાહે રાષ્ટ્રદ્રોહનો ગુન્હો દાખલ કરવા કોંગ્રેસ પક્ષની માંગ છે.

---

## બનાવટી દસ્તાવેજો-કસ્ટમ ડ્યુટીની ચોરી કરી લકઝુરીયસ કાર ભારતમાં આયાત કરવાનું કૌભાંડ ઝડપાયું

### ડીઆરઆઈ દ્વારા હાઈ-એન્ડ લકઝરી કારો ઝડપી પાડીઃ ભારતીય આયાત બંદરો પર ખોટી રીતે આયાત મૂલ્ય કરવાનું કૌભાંડઃ હૈદરાબાદના આયાતકારની ધરપકડ

**અબતક, અમદાવાદ**

ડીઆરઆઈ દ્વારા ચોક્કસ ગુપ્ત માહિતીથી જણાયું કે લાગુ કસ્ટમ્સ ડ્યુટીથી બચવા માટે ભારતીય આયાત બંદરો પર આયાત મૂલ્ય ખોટી રીતે જાહેર કરીને ૫૦% સુધી ઓછું મૂલ્યાંકન કરીને હાઈ-એન્ડ લક્ઝરી કારની આયાત કરવામાં આવી રહી હતી. આ લક્ઝરી કારોને પહેલા યુએસએ/જાપાનથી દુબઈ/શ્રીલંકા લઈ જવામાં આવશે, જેથી તેમને ડાબા હાથથી જમણા હાથની ડ્રાઈવમાં રૂપાંતરિત કરી શકાય અને અન્ય સુધારા કરી શકાય. ત્યારબાદ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને આયાત મૂલ્ય ખોટી રીતે જાહેર કરીને ભારતમાં આયાત કરવામાં આવશે.

તપાસમાં, એવું જાણવા મળ્યું કે ઉપરોક્ત મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને ૩૦થી વધુ લક્ઝરી કાર જેમ કે હમર ઈવી, કેડિલેક એસ્કેલેડ, રોલ્સ રોયસ, લેક્સસ, ટોયોટા લેન્ડ ક્રુઝર અને લિંકન નેવિગેટર જેવા મોડેલોની આયાત કરવામાં આવી છે. સામેલ આયાતકારો હૈદરાબાદ, મુંબઈ, પુણે, અમદાવાદ, બેંગ્લોર અને દિલ્હી સ્થિત છે અને અંદાજિત આઈએનઆર ૨૫.૦ કરોડથી વધુની ડ્યુટી ચોરી કરે છે. આ કોમર્શિયલ છેતરપિંડીમાં સંડોવાયેલા હૈદરાબાદ સ્થિત એક સૌથી મોટા આયાતકારની ધરપકડ કરી છે, જેમણે ૭.૦ કરોડ રૂપિયાથી વધુની કસ્ટમ ડ્યુટી ચોરી કરતી ૮ હાઈ-એન્ડ લક્ઝરી કાર આયાત કરી છે. અમદાવાદની સીજેએમ કોર્ટે તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે. આયાતી કારના અન્ય આયાતકારો અને વાસ્તવિક વપરાશકર્તાઓ જેમના વતી આ કાર આયાત કરવામાં આવી હતી તેઓ ડીઆરઆઈની તપાસ હેઠળ છે.


## સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ તરીકે શપથ લેતા બી.આર. ગવઈ

**રાષ્ટ્રપતિ દ્રોપદ્રી મુર્મુએ શપથ લેવડાવ્યા**

**અબતક રાજકોટ**

સુપ્રીમ કોર્ટના ૫૨માં ચીફ જસ્ટિસ જસ્ટિસ તરીકે આજે બી.આર.ગવઈને રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ શપથ લેવડાવ્યા હતાં.

જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈને ભારતના પ્રધાન ન્યાયાધીશ નિયુકત કરી દેવામાં આવ્યા છે. જસ્ટિસ ગવઈ આજે ભારતના સીજેઆઈના પદભાર સંભાળ્યો હતો.ભારતના કાયદા મંત્રાલયે મંગળવારે એક અધિસૂચના બહાર પાડીને જસ્ટિસ ગવઈને ભારતના ૫૨ માં મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુકિતની કરી હતી. તેની પહેલા નિર્ધારિત પ્રક્રિયાના અનુસાર ૧૬ એપ્રીલના રોજ મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ જસ્ટિસ ગવઈના નામની અનુશંસા કેન્દ્ર સરકારે કરી હતી. જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈ ભારતના ૫૨માં મુખ્ય ન્યાયાધીશ બન્યા છે. જસ્ટિસ બી.આર. ગવઈએ ભારતના ૫૨માં મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા હતા.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં તેમને શપથ લેવડાવ્યા હતા. તેઓ ભારતના મુખ્ય ન્યાયાધીશ બનનારા



પ્રથમ બૌદ્ધ ન્યાયાધીશ છે.


તેઓ જસ્ટિસ કે.જી. બાલક્રિષ્નન પછી પદ સંભાળનારા અનુસૂચિત જાતિના બીજા ન્યાયાધીશ છે. તેમનો જન્મ ૨૪ નવેમ્બર, ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્રના અમરાવતીમાં થયો હતો. તેમણે ૧૯૮૫માં તેમની કાયદાકીય કારકિર્દી શરૂ કરી હતી. તેમણે બોમ્બે હાઈકોર્ટમાં વિવિધ હોદ્દાઓ પર સેવા આપી હતી. ૨૦૧૯માં તેઓ સુપ્રીમ કોર્ટના જજ બન્યા હતા,તેમણે ઘણા મહત્વપૂર્ણ ચુકાદાઓ આપ્યા છે.તેમના પિતા આર.એસ. ગવઈ એક સામાજિક કાર્યકર હતા, જેમણે ત્રણ રાજ્યોના ગવર્નર તરીકે અને સંસદના બંને ગૃહોના સભ્ય તરીકે સેવા આપી હતી, પરિવાર ડો. બી.આર. આંબેડકરથી પ્રેરિત છે અને બૌદ્ધ ધર્મનું પાલન કરે છે.

તેમનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૫ સુધીનો રહેશે.જસ્ટિસ ગવઈની નિમણૂક ભારતીય ન્યાયતંત્રની વિવિધતા અને સમાવેશીતાનું પ્રતીક છે ભારતના સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ન્યાયમૂર્તિ ભૂષણ રામકૃષ્ણ ગવઈને મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુકત કરતા પ્રસન્નતા થઈ રહી છે. સીજેઆઈ ખન્ના બાદ સર્વોચ્ચ ન્યાયાલયના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ જસ્ટિસ ગવઈનો કાર્યકાળ છ મહિનાનો હશે અને આ જ વર્ષે ૨૩ ડિસેમ્બરે તેમનો કાર્યકાળ પુર્ણ થઈ જશે.

---

## સરહદી તણાવને પગલે રાજસ્થાનની સરહદમાં વસતા ઘોરાડ પક્ષીના બચ્ચાઓને સલામત સ્થળે ખસેડાયા !!

### પાંચથી ૨૮ દિવસ સુધીના નવ બચ્ચાઓને અજમેર જિલ્લાના અરવર ગામમાં સલામત જગ્યાએ પહોંચાડાયા



**અબતક, રાજકોટ**

સરહદ પર વધી રહેલા તણાવને કારણે વન્યજીવન પર પણ વિપરીત અસર પડી છે. ખાસ કરીને લુપ્તપાય થઈ રહેલા ઘોરાડ પક્ષીઓના સંરક્ષણ માટે કામ કરતા લોકોએ તાત્કાલિક પગલાં લીધાં છે. તેમણે તાજેતરમાં જ જન્મેલા ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ એટલે કે ઘોરાડ પક્ષીના બચ્ચાંને યુદ્ધ જેવી પરિસ્થિતિથી બચાવવા માટેના પ્રયત્નોને ચાલુ રાખ્યા. આ ઘોરાડ પક્ષીઓ મોટા અવાજો અને આંચકાઓ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ હોય છે, ખાસ કરીને તેમના જીવનના શરૂઆતના દિવસોમાં તેઓ જલ્દી ડરી જાય છે.

પાકિસ્તાન તરફથી ડ્રોન દ્વારા ઘૂસણખોરી અને ગોળીબાર થયા પછી, રાજસ્થાનના જેસલમેર જિલ્લામાં એક મહત્વપૂર્ણ સંરક્ષણ સ્થળ પરથી નવ જેટલા નાના બચ્ચાઓને બીજી જગ્યાએ ખસેડવામાં આવ્યા.

ભારત-પાકિસ્તાનની સરહદથી થોડા જ કિલોમીટર દૂર આવેલું રામદેવરા સંરક્ષણ કેન્દ્ર આ પક્ષીઓને બચાવવા માટે દેશના એકમાત્ર કાર્યક્રમનું સંચાલન કરે છે. ૧૦મી મેના રોજ થયેલા ગોળીબાર પછી, વૈજ્ઞાનિકો અને વન વિભાગના અધિકારીઓએ આ વર્ષે જન્મેલા કુલ ૧૮ બચ્ચાઓમાંથી નવ બચ્ચાઓને લગભગ ૫૦૦ કિલોમીટર દૂર અજમેર જિલ્લાના અરવર ગામમાં એક સલામત જગ્યાએ ખસેડ્યા. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના એક મોટા વૈજ્ઞાનિક સુતીર્થ દત્તાએ જણાવ્યું કે આ બચ્ચાઓ પાંચ દિવસથી લઈને ૨૮ દિવસ સુધીની ઉંમરના હતા અને તેમને ૧૦ કલાકની મુસાફરી દરમિયાન કોઈ તકલીફ ન પડે તે માટે ખાસ ગાડીઓમાં લઈ જવામાં આવ્યા હતા. આ ગાડીઓમાં ગાદીવાળા ભાગ અને રેતીની પથારી બનાવવામાં આવી હતી જેથી તેમને આંચકા ન લાગે.

આમાંથી ઘણા બચ્ચાઓને કૃત્રિમ રીતે ગરમી આપીને ઉછેરવામાં આવ્યા હતા. આ ભારતની સૌથી ખતરામાં રહેલી પક્ષી પ્રજાતિઓમાંની એકને બચાવવાનો પ્રયાસ છે, કારણ કે જંગલમાં હવે ફક્ત ૧૩૦થી પણ ઓછા બચ્ચાં હોવાનું માનવામાં આવે છે. રાજસ્થાન ફોરેસ્ટ સર્વિસના વડા અરિજિત બેનર્જીએ જણાવ્યું કે આ બચ્ચાઓને બીજી જગ્યાએ ખસેડવાનું કામ સફળતાપૂર્વક પૂરું થયું છે. બધા બચ્ચાં તંદુરસ્ત છે અને નવી જગ્યાના વાતાવરણમાં સારી રીતે ગોઠવાઈ ગયા છે.

## ગ્રીસના કાસોસ ટાપુના દક્ષિણ કિનારે ૬.૧ની તિવ્રતાનો ભૂકંપઃ ઈઝરાયેલ અને ઈજિપ્તમાં પણ આંચકા અનુભવાયા

### ગ્રીસની મુખ્ય ભૂમિ સહિત આખા પ્રદેશમાં ભૂકંપના આંચકા અનુભવાયાઃ નુકસાનના કોઈ સમાચાર નથી

**અબતક, નવી દિલ્હી**

આજે સવારે ગ્રીસના કાસોસ ટાપુના દક્ષિણ કિનારે ૬.૧ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો હતો. આના લીધે પૂર્વી ભૂમધ્ય સમુદ્રના કેટલાક વિસ્તારોમાં ધરતી ધ્રૂજી ગઈ હતી, પરંતુ હજી સુધી કોઈ નુકસાનના સમાચાર મળ્યા નથી.અમેરિકાની ભૂસ્તરશાસ્ત્રીય સંસ્થા (યુએસજીએસ)ના જણાવ્યા પ્રમાણે, આ ભૂકંપ ત્યાંના સમય મુજબ ૧:૫૧ વાગ્યે આવ્યો હતો અને તેની ઊંડાઈ લગભગ ૭૮ કિલોમીટર હતી. આ ભૂકંપનું કેન્દ્ર કાસોસની રાજધાની ફ્રાયથી લગભગ ૧૫ કિલોમીટર દૂર અને ક્રેટ ટાપુ પરના એગિઓસ નિકોલાઓસથી લગભગ ૧૧૨ કિલોમીટર દૂર હતું.

ગ્રીસના ક્રેટ, કાસોસ, કાર્પાથોસ અને ડોડેકેનીઝ જેવા ટાપુઓ અને ગ્રીસની મુખ્ય ભૂમિ સહિત આખા પ્રદેશમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અહેવાલ અનુસાર, ઈઝરાયલ અને ઈજિપ્તમાં પણ આ આંચકા નોંધાયા હતા, જે દર્શાવે છે કે ભૂકંપની અસર પૂર્વી ભૂમધ્ય સમુદ્રમાં દૂર સુધી ફેલાઈ હતી.યુએસજીએસના શરૂઆતના અનુમાન મુજબ, કાસોસ અને કાર્પાથોસ ટાપુઓ અને પૂર્વી ક્રેટમાં મધ્યમ કક્ષાની ધ્રુજારી અનુભવાઈ હતી, જ્યારે બીજા એજિયન ટાપુઓ અને દક્ષિણપશ્ચિમ તુર્કીમાં હળવા આંચકા અનુભવાયા હતા. અધિકારીઓએ અત્યાર સુધી કોઈ ઈજા કે મકાનોને નુકસાન થયાની માહિતી આપી નથી.

ગ્રીસ એવા વિસ્તારમાં આવેલું છે જ્યાં ભૂકંપ આવવાની શક્યતા વધારે હોય છે, કારણ કે અહીં આફ્રિકન અને યુરેશિયન ટેકટોનિક પ્લેટો એકબીજા સાથે અથડાય છે. આ વિસ્તાર, જેને હેલેનિક આર્ક કહેવાય છે, ત્યાં ભૂતકાળમાં પણ ઘણા શકિતશાળી ભૂકંપ આવ્યા છે. હાલમાં, ભૂકંપની નોંધ રાખતી સંસ્થાઓ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહી છે અને વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.

# સીબીએસઈ ગુજરાતનું ધો.૧૦નું ૯૬.૭૩ ટકા અને ધો.૧૨નું ૯૨.૯૬ ટકા પરિણામ

## સમગ્ર દેશના ૯૩.૬૬ ટકા પરિણામ સામે રાજ્યનું ૩.૦૭ ટકા વધુ પરિણામઃ ૧.૯૯ લાખ વિદ્યાર્થીને ૯૦ ટકાથી વધુ ગુણ


**અબતક, રાજકોટ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધો.૧૨ની સાથેસાથે મંગળવારે ધો.૧૦નું પરિણામ પણ જાહેર કરાયું છે. જેમાં રાજ્યનું પરિણામ ૯૬.૭૩ ટકા આવ્યું છે. સમગ્ર દેશનું પરિણામ ૯૩.૬૬ ટકા આવ્યું છે, જેની સરખામણીમાં રાજ્યનું પરિણામ ૩.૦૭ ટકા વધુ આવ્યું છે. રાજ્યમાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ ૧.૬૨ ટકા ઊંચુ આવ્યું છે. રાજ્યના ધો.૧૦માં ૪૨ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જે પૈકી ૪૧ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

સીબીએસઈ દ્વારા ધો.૧૨ના પરિણામ સાથે ધો.૧૦નું પરિણામ પણ મંગળવારે જાહેર કરાયું છે. ધો.૧૦ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. ધો.૧૦માં સમગ્ર રાજ્યમાંથી ૨૪૪૭૮ વિદ્યાર્થીઓ અને ૧૮૦૨૨ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૪૨૫૦૦ પરીક્ષાર્થી નોંધાયા હતા. પરીક્ષામાં ૨૪૪૨૦ વિદ્યાર્થીઓ અને ૧૮૦૦૧ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૪૨૪૨૧ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન, મંગળવારે જાહેર કરાયેલા પરિણામમાં ૨૩૪૫૪ વિદ્યાર્થીઓ અને ૧૭૫૭૯ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૪૧૦૩૩ વિદ્યાર્થી પાસ થયા છે. આમ, વિદ્યાર્થીઓનું પરિણામ ૯૬.૦૪ ટકા, વિદ્યાર્થિનીઓનું પરિણામ ૯૭.૬૬ ટકા અને રાજ્યનું એકંદરે પરિણામ ૯૬.૭૩ ટકા આવ્યું છે. આમ, ધો.૧૨માં રાજ્યની વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા ૧.૬૨ ટકા વધુ આવ્યું છે. સમગ્ર દેશમાં ૨૩.૮૫ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા, જેમાંથી ૨૩.૭૧ લાખ વિદ્યાર્થી પરીક્ષા આપી હતી. આ પૈકી ૨૨.૨૧ લાખ પાસ થયા છે. આમ, ધો.૧૦નું સમગ્ર દેશનું એકંદરે પરિણામ ૯૩.૬૬ ટકા આવ્યું છે. ગત વર્ષની સરખામણીમાં આ વખતનું પરિણામ ૦.૦૬ ટકા વધુ આવ્યું છે. ગત વર્ષે ધો.૧૦નું પરિણામ ૯૩.૬૦ ટકા હતું.

ધો.૧૦માં સમગ્ર દેશમાં ૪૫૫૧૬ વિદ્યાર્થીને ૯૫ ટકા કરતા વધુ ગુણ આવ્યા છે. ૧.૯૯ લાખ વિદ્યાર્થીને ૯૦ ટકા કરતા વધુ ગુણ આવ્યા છે. ધો.૧૦માં સમગ્ર દેશમાં વિદ્યાર્થિનીઓનું પરિણામ ૯૫ ટકા અને વિદ્યાર્થીઓનું પરિણામ ૯૨.૬૩ ટકા રહ્યું છે. આમ, વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા ૨.૩૭ ટકા વધુ આવ્યું છે. ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરાયું છે. જેમાં રાજ્યનું પરિણામ ૯૨.૯૬ ટકા આવ્યું છે. સમગ્ર દેશનું પરિણામ ૮૮.૩૯ ટકા આવ્યું છે, જેની સરખામણીમાં રાજ્યનું પરિણામ ૪.૫૭ ટકા પરિણામ વધુ આવ્યું છે. રાજ્યમાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ ૩.૨૨ ટકા જેટલું ઊંચુ આવ્યું છે. રાજ્યના ધોરણ-૧૨માં ૩૨ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જે પૈકી ૩૦ હજાર કરતા વધુ વિદ્યાર્થી પાસ થવામાં સફળ રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર,સીબીએસઈ બોર્ડ દ્વારા ધોરણ-૧૨નું પરિણામ મંગળવારે જાહેર કરાયું છે.

ધોરણ-૧૨ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી ૪ એપ્રિલ દરમિયાન લેવામાં આવી હતી. જેમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ ખૂબ જ સારો દેખાવ કર્યો છે. ધોરણ-૧૨માં સમગ્ર રાજ્યમાંથી ૧૮૬૩૮ વિદ્યાર્થી અને ૧૪૧૪૪ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૩૨૭૮૨ વિદ્યાર્થી નોંધાયા હતા. જેમાંથી પરીક્ષા વખતે ૧૮૫૭૨ વિદ્યાર્થી અને ૧૪૧૨૨ વિદ્યાર્થિની મળી કુલ ૩૨૬૯૪ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન, મંગળવારે જાહેર કરાયેલા પરિણામમાં ૧૭૦૦૬ વિદ્યાર્થી અને ૧૩૩૮૬ વિદ્યાર્થિની મળી કુલ ૩૦૩૯૨ વિદ્યાર્થી પાસ થવામાં સફળ રહ્યા છે. આમ, વિદ્યાર્થીઓનું પરિણામ ૯૧.૫૭ ટકા, વિદ્યાર્થિનીનું પરિણામ ૯૪.૭૯ ટકા અને રાજ્યનું એકંદરે પરિણામ ૯૨.૯૬ ટકા આવ્યું છે. આમ, ધોરણ-૧૨માં રાજ્યની વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા ૩.૨૨ ટકા વધુ આવ્યું છે. સમગ્ર દેશની વાત કરીએ તો, ૧૭.૦૪ લાખ વિદ્યાર્થી પરીક્ષા માટે નોંધાયા હતા, જેમાંથી ૧૬.૯૨ લાખ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. દરમિયાન આ વિદ્યાર્થીઓ પૈકી ૧૪.૯૬ લાખ વિદ્યાર્થી પરીક્ષામાં પાસ થયા છે. આમ, ધોરણ-૧૨નું સમગ્ર દેશનું એકંદરે પરિણામ ૮૮.૩૯ ટકા આવ્યું છે. ગત વર્ષની સરખામણીમાં આ વખતનું પરિણામ ૦.૪૧ ટકા જેટલું વધુ છે. ગત વર્ષે ધોરણ-૧૨નું પરિણામ ૮૭.૯૮ ટકા હતું. સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓનું પરિણામ ૮૫.૭૦ ટકા જ્યારે વિદ્યાર્થીની ઓનું પરિણામ ૯૧.૬૪ ટકા છે.




### રાજ્યમાં ધો.૧૨ના ૩૨ હજારમાંથી ૩૦ હજાર વિદ્યાર્થી પાસઃ વિદ્યાર્થીનીઓનું ૯૪.૭૯ ટકા, વિદ્યાર્થીઓનું ૯૧.૫૭ ટકા પરિણામ

## અભ્યાસ સાથે હેતુ વિદ્યાર્થીઓને ચોપડાની બહારની દુનિયા દેખાડવાનો ધ્યેયઃ વાઈસ પ્રિન્સિપલ કાજલ શુકલ

જીનીયસ સ્કૂલમાં વાઈઝ પ્રિન્સીપાલ, કાજલ શુકલએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતુંકે, હું જીનીયસ સ્કૂલમાં છેલ્લા ૨૧ વર્ષથી ફરજ બજાવું છું. આ વર્ષે સ્ટેટ બોર્ડ કરતા સીબીએસઈ બોર્ડનું પરિણામ ઓછું આવ્યું છે. સીબીએસઈ અભ્યાસનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ચોપડાની બહારની દુનિયા દેખાડવાનો છે. તેમજ અમારી શાળામાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકના પાઠ વિવિધ ઉદાહરણો દ્વારા



સમજાવવામાં આવે છે. હાલ બધી સ્કૂલ વિદ્યાર્થીઓને સરળતા રહે તે હેતુથી સીબીએસઈ બોર્ડની પેપર સ્ટાઈલ મુજબ જ પરીક્ષા લે છે. તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં સીબીએસઈના વિદ્યાર્થી અને આઈ.સી.એસ.ડીના વિદ્યાર્થીઓનું પર્ફોમન્સ સારું હોય છે. સીબીએસઈમાં વિદ્યાર્થીઓને બુક સિવાયનું ગણતર શીખવી તેનું ઉજ્જવળ ભવિષ્ય બનાવવું અમારો ધ્યેય છે. જીનીયસ સ્કૂલનું સીબીએસઈ ધો. ૧૦ અને ૧૨નું ૧૦૦% પરિણામ આવ્યું છે. અમારી શાળાના વિદ્યાર્થીઓએ સમગ્ર શહેરમાં શાળા પરિવારનું નામ રોશન કર્યું છે.

## રાજકોટની મોટાભાગની સ્કૂલોનું ૧૦૦ ટકા પરિણામ

રાજકોટ શહેરની મોટાભાગની સ્કૂલોનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે.જીનિયસ સ્કૂલનું ધોરણ-૧૦-૧૨નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે તમામ વિદ્યાર્થીઓ પાસ થયા છે. કેન્દ્રીય વિધાલયનું પણ પરિણામ પણ ૯૯.૪૫ ટકા રહ્યું છે. દિલ્હી પબ્લિક સ્કૂલનું ધોરણ-૧૦-૧૨નું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. વિદ્યાર્થીઓએ પરીક્ષામાં સરેરાશ ૮૦ ટકા જેટલો રહેવા પામ્યો છે. પરીક્ષામાં ૫૮ તો ૯૦ ટકા કરતા વધુ ગુણ આવ્યા છે.રાજકોટની મોદી, ધોળકિયા અને જીનીયસ સ્કૂલ સહિતના વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી સ્કૂલો અને પરિવારનું નામ રોશન કર્યું છે. જેમાં ધોરણ ૧૦માં વૃંદા રાણપરીયાને ૯૭.૨૦ ટકા મેળવ્યાં છે. જ્યારે ધોરણ ૧૨ કોમર્સમાં પ્રણવ ગુપ્તાએ ૯૮ ટકા, ૧૨ સાયન્સમાં રુદ્રી બોસમીયાએ ૯૬.૬૦ ટકા મેળવ્યાં છે. પ્રણવ નેશનલ લો યુનિવર્સિટીમાં કાયદાનો અભ્યાસ કરવા માગે છે, જ્યારે રુદ્રીનું તબીબ બનવાનું સ્વપન છે.

## સાયન્સ અઘરૂ નથી, જો તેને સમજીને ભણવામાં આવે તો રસપ્રદ વિષય છેઃ રૂદ્ર બાવીસી

અબતક સાથેની વાતચીતમા રુદ્ર બાવીસીએ જણાવ્યું હતું કે સીબીએસઈ બોર્ડની પરીક્ષામાં ૯૮.૨% આવિયા છે.સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરતા આ વિદ્યાર્થીએ રાજકુમાર સ્કૂલના શિક્ષકોના ઉત્તમ માર્ગદર્શન અને પોતાની સખત મહેનતને આ સફળતાનો શ્રેય આપ્યો છે.



વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે રાજકુમાર સ્કૂલ શિક્ષણ કાર્યમાં ખૂબ જ સારું કામ કરી રહી છે અને શિક્ષકો વિદ્યાર્થીઓને ખૂબ જ સારી રીતે અભ્યાસ કરાવે છે. દરેક શિક્ષક વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન આપતા રહે છે અને જો કોઈ મુદ્દો સમજવામાં તકલીફ પડે તો તેઓ અલગ અલગ રીતે સમજાવે છે, જેથી દરેક વિદ્યાર્થીને સરળતાથી સમજાય જાય. વિદ્યાર્થીના મતે સાયન્સ અઘરું નથી, જો તેને સમજીને ભણવામાં આવે તો તે ખૂબ જ રસપ્રદ વિષય છે.વિદ્યાર્થીએ વધુમાં જણાવ્યું હતું કે તેને પહેલા દિવસથી જ સાયન્સમાં ખૂબ જ રસ હતો અને સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. જ્યારે પણ જરૂર પડતી ત્યારે તે નિયમિત રીતે અભ્યાસ કરતો હતો. શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રોત્સાહિત કરે છે અને કોઈપણ પ્રશ્ન પૂછવામાં આવે તો તેનું તાત્કાલિક નિરાકરણ લાવી દે છે. વિદ્યાર્થીએ પોતાના ભવિષ્યના લક્ષ્ય વિશે જણાવતા કહ્યું કે તે ભવિષ્યમાં ડોક્ટર બનવા માંગે છું.

## પાંચ વર્ષના પ્રશ્ન પેપરની પ્રેક્ટિસ વિદ્યાર્થીઓના ઉજ્જવળ પરિણામનું ફળઃ યશ સકસેના

રાજકુમાર કોલેજના આચાર્ય યશ સકસેના અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે જણાવ્યું હતું કે, ગઈ કાલે સીબીએસઈ ધો. ૧૦ અને ૧૨ નું પરિણામ જાહેર થયું છે. જેમાં અમારી શાળાએ ઉજ્જવળ પરિણામ મેળવ્યું છે. અજમેર રિઝનલ ઓફિસમાં આવતા ગુજરાત અને રાજસ્થાન રાજ્યનું ૯૦% થી ઉપર પરિણામ આવ્યું છે. રાજકુમાર કોલેજ એ



રાજકોટ સૌરાષ્ટ્રની શાન ૨ વાર લેવાથી પ્રી બોર્ડની પરીક્ષા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે મહત્વની બની છે. બોર્ડની પેપર સ્ટાઈલ મુજબ જ પરીક્ષા લેવામાં આવે છે. દરરોજના પ્રેક્ટિસ પેપર અને પાંચ વર્ષના પ્રશ્ન પેપરની પ્રેક્ટિસ બાળકોના ઉજ્જવળ પરિણામ માટે મહત્વની રહી છે. ગણિત એ ગોખવાની બદલે જો સારી રીતે સમજવામાં આવે તો સહેલો વિષય છે. હું શાળા પરિવાર તરફની તમામ વિદ્યાર્થીઅને શુભેચ્છાઓ પાઠવું છું.

## ભવિષ્યમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનું સપનું :પ્રિશા પરમાર

રાજકુમાર કોલેજની વિદ્યાર્થીની પ્રિશા પરમાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મને કોમર્સ પ્રવાહમાં ૯૭.૬ ટકા મેળવીને ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કર્યું છે.વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે રાજકુમાર સ્કૂલના શિક્ષકો વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન આપતા રહે છે. શાળામાં નિયમિત રીતે પરીક્ષાઓ લેવામાં આવતી હતી અને બોર્ડની પરીક્ષા પહેલાં પણ પ્રેક્ટિસ એક્ઝામ લેવામાં આવી હતી, જેનાથી તેમને ખૂબ જ મદદ મળી. શિક્ષકો વિદ્યાર્થીઓને ભૂલો સુધારવામાં મદદ કરતા હતા અને દરેક વિષયને સારી રીતે સમજાવતા હતા. જો કોઈ મુદ્દો સમજવામાં તકલીફ પડતી હોય તો તેનું તાત્કાલિક નિરાકરણ



લાવવામાં આવતું હતું. વિદ્યાર્થિનીએ કોમર્સ સાથે ગણિત વિષય પસંદ કર્યો હતો, જેને ઘણા લોકો અઘરો માનતા હોય છે. તેણીએ જણાવ્યું કે આજકાલ મોટાભાગની કોલેજોમાં કોમર્સ સાથે ગણિતનો વિકલ્પ ઉપલબ્ધ હોય છે અને ઘણા લોકો ગણિતને અઘરો વિષય ગણાવે છે, પરંતુ તેના માટે આ વિષય અઘરો નહોતો. તેણીએ ખૂબ જ મહેનત કરી અને સફળતા મેળવીને બતાવ્યું. તે દરરોજ ૮ કલાકથી વધુ વાંચન કરતી હતી. તેના માતાપિતાએ પણ તેને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું અને કોઈપણ તણાવની સ્થિતિમાં તાત્કાલિક મદદ કરી. વિદ્યાર્થિનીનું ભવિષ્યમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનું સ્વપન છે.

## બોર્ડની પરીક્ષા પહેલાં લેવાયેલી પ્રેક્ટિસ એક્ઝામ ઉપયોગી નિવડીઃ મૌલિન ફ્રાન્સીસ

મૌલિન ફ્રાંસીસ અબતક સાથેની વાતચીતમા જણાવ્યું હતું કે મને પરીક્ષામાં ૯૬.૬% મેળવીને એક વિદ્યાર્થિનીએ પોતાની પસંદગીના વિષયમાં ઉત્કૃષ્ટ સફળતા હાંસલ કરી છે. તેણીએ જણાવ્યું કે આ વિષય ખૂબ જ રસપ્રદ હોવાથી જ તેમણે તેની પસંદગી કરી હતી. તેમની આ સફળતામાં શાળાના શિક્ષકો અને પરિવારજનોનો અમૂલ્ય સહયોગ રહ્યો છે.વિદ્યાર્થિનીએ શિક્ષકોનો આભાર માનતા જણાવ્યું હતું કે તેઓએ તેમને સતત પ્રોત્સાહન આપ્યું અને ખૂબ જ સારી રીતે ભણાવ્યું. શાળામાં નિયમિત રીતે પરીક્ષાઓ લેવામાં



આવતી હતી અને બોર્ડની પરીક્ષા પહેલાં લેવાયેલી પ્રેક્ટિસ એક્ઝામ તેમના માટે ખૂબ જ મહત્વની સાબિત થઈ, જેણે તેમને મુખ્ય પરીક્ષા માટે તૈયાર કરવામાં ઘણી મદદ કરી. પોતાના ભવિષ્યના લક્ષ્ય વિશે વાત કરતાં વિદ્યાર્થિનીએ જણાવ્યું કે તેઓ કાયદાના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માંગે છે. તેમના પરિવારજનો તેમની આ સફળતાથી ખૂબ જ ખુશ છે અને તેમને સતત પ્રોત્સાહન આપી રહ્યા છે. શિક્ષકોએ પણ તેમને હંમેશાં પ્રેરિત કર્યા છે અને તેમના પરિવારનો સહયોગ પણ તેમને આગળ વધવામાં મદદરૂપ થઈ રહ્યો છે.

# રાજ્યના ૮ પ્રવાસન સ્થળોએ કાર્યરત મોડલ આયુષ્યમાન આરોગ્ય મંદિર

## વર્ષ ૨૦૨૪માં ૧૦,૨૮૦થી વધુ આરોગ્ય મંદિરોમાં ૩૮ લાખથી વધુ લોકોને મળ્યા આરોગ્ય લાભ

**અબતક, રાજકોટ**

જાહેર આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ ગુજરાતે આરોગ્ય ક્ષેત્રે નવી ગાથા લખી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૦,૨૮૦થી વધુ આયુષ્માન આરોગ્ય મંદિર કાર્યરત થઈ ચૂક્યા છે, જે આરોગ્ય ક્ષેત્રે એક નોંધપાત્ર સીમાચિહ્ન છે. આ આયુષ્માન આરોગ્ય મંદિરોમાં મૂળભૂત આરોગ્ય સંભાળ સાથે આવશ્યક રેફરલ સેવાઓ પૂરી પાડવામાં આવે છે, જેથી દરેક નાગરિકને સરળ અને સુલભ આરોગ્ય સેવાઓ મળી શકે.

આ આયુષ્માન આરોગ્ય મંદિર પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તરીકે કાર્ય કરે છે, જે ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં નાગરિકોને તેમના ઘરની નજીક ગુણવત્તાયુક્ત સંભાળ પૂરી પાડે છે.



ગુજરાતમાં કાર્યરત ૧૦,૨૮૦થી વધુ આયુષ્માન આરોગ્ય મંદિરોમાં ૧૪૮૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૭૭૧૭ પેટા આરોગ્ય કેન્દ્રો, ૪૧૭ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૬૭૦ શહેરી આયુષ્માન આરોગ્ય મંદિરોનો સમાવેશ થાય છે. આ કેન્દ્રોમાં ૭,૬૦૦ કમ્યુનિટી હેલ્થ ઑફિસર્સની નિમણૂંક કરવામાં આવી છે, જેઓ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને સુલભ બનાવી રહ્યા છે.

ખાસ તો, મહીસાગર જિલ્લાનું ડોકલાવ પેટા આરોગ્ય કેન્દ્ર (આયુષ્માન આરોગ્ય મંદિર) તાજેતરમાં દેશનું પ્રથમ એનક્યુએએસ પ્રમાણિત આરોગ્ય મંદિર બન્યું છે, જે આરોગ્ય ક્ષેત્રે ગુજરાતની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નિર્ધારિત નેશનલ ક્વોલિટી અશ્યોરન્સ સ્ટાન્ડર્ડએ જાહેર આરોગ્ય સંસ્થાઓમાં સેવાઓની ગુણવત્તા સુનિશ્ચિત કરે છે અને તેને વધુ સારી બનાવવા માટે કાર્યરત છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાં આયુષ્માન આરોગ્ય મંદિરો હેઠળ કુલ ૬૬,૯૦૦થી વધુ આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૮.૪૬ લાખથી વધુ લોકોએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. આ શિબિરોમાં પેટા આરોગ્ય કેન્દ્રો પર ૫૯,૯૦૦થી વધુ શિબિરોમાં ૩૩.૨૦ લાખ લોકોને સેવાઓ મળી હતી, જ્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર ૭,૦૧૦ શિબિરોમાં ૫.૨૫ લાખથી વધુ લોકોએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

આ આયુષ્માન આરોગ્ય શિબિરોમાં ગાયનેકોલોજિસ્ટ (સ્ત્રી રોગ નિષ્ણાત), બાળરોગ નિષ્ણાત, સર્જન, આંખના નિષ્ણાત, ઈએનટી નિષ્ણાત, મનોચિકિત્સક અને ડેન્ટલ સર્જન જેવી નિષ્ણાત સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત, નાની અને મોટી શસ્ત્રક્રિયાઓ, મોતિયાના ઓપરેશન, એમટીપી અને આભા (હેલ્થ આઈડી) બનાવવા જેવી ઘણી મહત્વપૂર્ણ તબીબી સેવાઓ પણ પૂરી પાડવામાં આવે છે.ગુજરાત સરકારે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓની પહોંચ સુનિશ્ચિત કરવા માટે રાજ્યના ૮ મુખ્ય પ્રવાસન સ્થળોએ મોડલ-આયુષ્માન આરોગ્ય મંદિરની સ્થાપના કરી છે જેમાં ગીર નેશનલ પાર્ક, સ્ટેચ્યુ ઑફ યુનિટી, નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ, ડાયનાસોર મ્યુઝિયમ, પોલો ફોરેસ્ટ, રાણી કી વાવ અને મોઢેરા સૂર્ય મંદિરનો સમાવેશ થાય છે. આ આરોગ્ય મંદિરોનો ઉદ્દેશ માત્ર પ્રવાસીઓને ઉચ્ચ ગુણવત્તાની આરોગ્યસંભાળ સેવાઓ પૂરી પાડવાનો નથી, પરંતુ સ્થાનિક સમુદાય માટે આરોગ્ય સુવિધાઓનો વિસ્તાર કરવાનો પણ છે.




# સાવધાનઃ મિનરલ વોટરના ૨૦માંથી ૧૭ સેમ્પલ ફેઈલ

## પરિક્ષણમાં કોલિફોર્મ કાઉન્ટ ૧૦થી વધુ મળી આવ્યાંઃ ૨૦ પૈકી એકપણ સેમ્પલનો રિપોર્ટ સંતોષકારક ન આવતા તાત્કાલિક અસરથી વિતરણ અટકાવી દેવાયું

**અબતક, રાજકોટ**

શહેરમાં પાણીજન્ય રોગચાળો સતત વકરી રહ્યો છે. આવામાં કોર્પોરેશનની આરોગ્ય શાખાની ટીમ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી મિનરલ વોટરના ૨૦ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી ૧૭ સેમ્પલોનો રિપોર્ટ અનસેફટી ફેકટરી આવ્યો છે. બાકીના ત્રણ સેમ્પલોના રિપોર્ટ પણ સંતોષકારક આવ્યા નથી. તમામનું વેંચાણ તાકીદે અટકાવી દેવામાં આવ્યું છે. શહેરમાં મિનરલ વોટરના નામે દૂષિત પાણી વેંચાતું હોવાનું વધુ એક વખત પ્રકાશમાં આવ્યું છે.

રોગચાળાને ધ્યાનમાં રાખી આરોગ્ય શાખા દ્વારા શહેરમાં આઈસ ફેક્ટરી અને મિનરલ કે આર.ઓ. વોટરનું વેંચાણ કરતા ધંધાર્થીઓને ત્યાંથી પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. કુલ ૨૦ સ્થળેથી લેવામાં આવેલા મિનરલ વોટરના નમૂના પૈકી માનસી વોટર, મહાદેવ વોટર, લાભ આઈસ ફેક્ટરી, જય ચામુંડા મિનરલ વોટર, ગોકુલ મિનરલ વોટર, યુ.વી. મિનરલ વોટર, એક્વા ફ્રેશ વોટર, ભગવતી ડ્રિકીંગ વોટર, ભગવતી વોટર સપ્લાય, મહાદેવ આઈસ, કિશન ડ્રિકીંગ વોટર, સ્વર્ગ ડ્રિકીંગ વોટર, રોક એક્વા, યુ.વી. વોટર, શિવશક્તિ ડ્રિકીંગ વોટર, શિવશક્તિ વોટર સપ્લાયર અને જાહલ ડ્રિકીંગ





વોટરના સેમ્પલનો રિપોર્ટ અનસેટીસ ફેકટરી આવ્યો છે. પરિક્ષણ દરમિયાન એમપીએન કાઉન્ટમાં ક્વોલીફાર્મ કાઉન્ટ પ્રતિ ૧૦૦ એમએલ પાણીમાં ૧૦ કે તેથી વધુ હોય તો આ પાણી પીવું જોખમી બને છે. ૨૦ પૈકી બાકીના ત્રણ મિનરલ વોટરના નમૂનાનો પરિક્ષણ રિપોર્ટ પણ સંતોષકારક આવ્યો નથી. મિરા મિનરલ વોટર, બાબા મિનરલ વોટર અને એક્વા નીર વોટર સપ્લાયરનો રિપોર્ટ ઈન્ટર મિડીયેટ આવ્યો છે. આ ત્રણેય કંપનીના કહેવાતા મિનરલ વોટરમાં કોલીફાર્મ કાઉન્ટ ચારથી લઈ ૯ સુધી આવતા પરિક્ષણનો રિપોર્ટ ઈન્ટર મિડીયેટ આવ્યો છે. સામાન્ય રીતે જ્યારે કોલીફાર્મ કાઉન્ટનું પ્રમાણ ૦ હોય તેને એક્સેલન્સ માનવામાં આવે છે. જ્યારે એકથી ત્રણ કાઉન્ટ હોય તો સેટીસ ફેક્ટરી માનવામાં આવે છે. પરંતુ અફસોસએ વાતનો છે કે રાજકોટમાં મિનરલ કે આર.ઓ. વોટરના નામે વેંચાતું પાણી શુદ્ધ નથી. ગત સપ્તાહે પણ લેવામાં આવેલા મિનરલ વોટરના નમૂના પરિક્ષણમાં ફેઈલ ગયા હતા. તમામ ૨૦ સેમ્પલના રિપોર્ટ ઈન્ટર મિડીયેટ અને અનસેટીસ ફેક્ટરી આવતા કોર્પોરેશન દ્વારા તાકીદે પાણીનું વિતરણ અટકાવી દેવામાં આવ્યું છે.` કે ગત સપ્તાહે ૪૯ સ્થળોએથી પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી ૩૯ નમૂનાઓના રિઝલ્ટ સંતોષકારક આવ્યા ન હતા. આ વાત પરથી પૂરવાર થાય છે કે રાજકોટમાં મિનરલ કે આર.ઓ. વોટરના નામે વેંચાતું પાણી ખરેખર પીવા લાયક નથી. કોર્પોરેશનનું તંત્ર ભલે એમ કહી રહ્યું હોય કે રિપોર્ટ સંતોષકારક ન આવતા પાણીનું વિતરણ અટકાવી દેવામાં આવ્યું છે પરંતુ બંધ બારણે આવા મિનરલ કે આર.ઓ. વોટરનું વેંચાણ ચાલુ જ છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિદ્યાર્થીની દેવયાનીબા વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ચમકશેઃ કુલપતિએ કર્યું સન્માન

## કુલપતિ પ્રો.ઉત્પલ જોશીએ દેવયાનીબા ઝાલા સાથે રમતની માહિતી મેળવીને તેમની સિધ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા ભવિષ્યમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે શુભેચ્છા આપી

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ગુજરાતનું નામ રોશન કરનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ૪૦૦ મીટર દોડની ખેલાડી દેવયાનીબા ઝાલાનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીએ યુનિવર્સિટીમાં મેડલ, પ્રમાણપત્ર અને શુભેચ્છાપત્ર આપી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

વર્લ્ડ યુનિવર્સિટી ગેઈમ્સ તા. ૧૬ જુલાઈ, ૨૦૨૫ થી જર્મની ખાતે યોજાનાર છે. તેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ગુજરાતનું નામ રોશન કરી યુનિવર્સિટીને વિશ્વ ફલક ઉપર પહોંચાડવા બદલ



કુલપતિ દ્વારા દેવ્યાનીબા ઝાલાને સન્માન આપવામાં આવ્યું હતું. વર્લ્ડ યુનિવર્સિટીમાં પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ રોશન કરો એવા આશીર્વાદ પણ કુલપતિશ્રી દ્વારા આપવામાં આવ્યા હતા.

દેવયાનીબા ઝાલાએ ૪૦૦ મીટરનો રેકોર્ડ યુનિવર્સિટીનો સ્થાપેલ છે. નેશનલ ગેમમાં બ્રોન્ઝ મેડલ, સિનિયર નેશનલમાં પણ બ્રોન્ઝ મેડલ અને ઓલ ઈન્ડિયામાં પણ બ્રોન્જ મેડલ મેળવી યુનિવર્સિટી નું નામ રોશન કરેલ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીએ દેવ્યાનીબા ઝાલા સાથે સંવાદ કરી રમત વિશેની વિસ્તૃત માહિતી મેળવી અને માર્ગદર્શન આપ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત અને ભારત માટે આ ગૌરવની વાત છે. કુલપતિએ દેવ્યાનીબા ઝાલા, તેમના કોચ, શારીરિક શિક્ષણ નિયામક , માતા-પિતા તથા કોલેજના આચાર્યને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે કુલસચિવ ડો. આર. જી. પરમાર, શારીરિક શિક્ષણ નિયામક ડો. હરેશ રાબા અને તેમના કોચ પુનમબેન તથા દેવ્યાનીબા ઝાલાના પિતા ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રીમદ રાજચંદ્ર સેવા ગ્રુપ દ્વારા શુક્રવારે રક્તદાન કેમ્પ

## 'અબતક' સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**

અત્યારે ઉનાળાની સખત ગરમીમાં તથા વેકેશન હોવાના કારણે બ્લડ ડોનેશન કેમ્પ ખુબ ઓછા થતા હોવાથી રાજકોટ સિવીલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડની સખત અછત રહેતી હોય, રાજકોટ સિવિલ હોસ્પિટલના જરુરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભ આશયથી શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિશેષ સહયોયથી સ્વ. મેનાબેન અંકુરભાઈ દોંગાના સ્મરણાર્થે તા. ૧૬-૫ ને શુક્રવારે સવારે ૮ થી ૨ વાગ્યા સુધી કલ્યાણ બેંકવેટ હોલ, સહકાર સોસાયટી મેઈન રોડ, વોર્ડ ઓફીસ નં. ૧૭ ની સામે ત્રીશુલ ચોકની નજીક, રાજકોટ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. છેલ્લા ઘણા વર્ષોથી મેનાબેનની પુણ્યતિથિ નિમિતે નિયમિત રૂપે સિવિલ હોસ્પિટલના લાભાર્થે કેમ્પ યોજવામાં આવેલ છે.



તસ્વીરઃ કરન જોગલ

'અબતક' સાથેની શુભેચ્છા મુલાકાતમાં અંકુર દોંગા, નરેન્દ્ર વડોદરીયા, મયુર ટીલાળા, વ્રજલાલ વરસાણી, અંકુર કિયાડા, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જણાણીએ વધુ વિગતો આપી હતી.

આ કેમ્પમાં અંકુરભાઈ વલ્લભભાઈ દોંગા, નરેન્દ્રભા નરશીભાઈ વાડોદરીયા, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી રાજકોટ સિવીલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનવ સેવા આપશે. રક્તદાતાઓએ બહોળી સંખ્યામાં રક્તદાન કરવા નમ્ર વિનંતી કરવામાં આવેલ છે.

કોઈના જન્મદિવસ કે સ્મૃતિરુપે રાજકોટ સિવીલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન કેમ્પનું આયોજન કરવા ત્વચા દાન, અંગદાન, દેહદાન, ચક્ષુદાન, થેલેસેમીયા જાગૃતિ સેમીનાર તેમજ જીવદયાના કોઈપણ કાર્ય કરવા માટે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# જન્મના દાખલા માટે લોકો લાંબી લાઈનમાં ઉભા રહેવા મજબૂરઃ કોર્પોરેશન લાચાર!

## આધાર કાર્ડ મેળવવા માટે જન્મના દાખલામાં બાળકનું આખું નામ હોવું જરૂરીનો નિયમ અમલમાં આવ્યા બાદ જન્મ-મરણ વિભાગમાં લાંબી-લાંબી કતારો રોજીંદી બની

**અબતક, રાજકોટ**

નવજાત બાળકના આધાર કાર્ડ કાઢવા માટે જન્મના દાખલામાં બાળકનું આખું નામ હોવું જરૂરી હોવાના નિયમ બનાવ્યા બાદ કોર્પોરેશનમાં જન્મના દાખલા મેળવવા માટે અરજદારો લાંબી-લાંબી કતારોમાં ઉભા રહેવા માટે મજબૂર બની ગયા છે. બીજી તરફ કોર્પોરેશનનું તંત્ર પણ જાણે લાચાર બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. આજે બુધવાર હોય અરજદારોની લાઈન છેક દરવાજા સુધી પહોંચી હતી. આરોગ્ય સમિતિના ચેરમેન કેતન પટેલે અધિકારીઓને સાથે રાખી સમગ્ર સ્થિતિનો ચિતાર મેળવ્યો હતો. અરજદારો માટે બેઠક વ્યવસ્થા, પાણીની વ્યવસ્થા સહિતની સુવિધાઓ ઉભી કરવા





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

## આરોગ્ય સમિતિના ચેરમેન કેતન પટેલે આરોગ્ય અધિકારી ડો.જયેશ વંકાણી અને જન્મ-મરણ વિભાગના અધિકારી પ્રેરિત જોષીને સાથે રાખી કરી સ્થિતિનું રૂબરૂ નિરિક્ષણઃ અરજદારો માટે બેસવાની અને પીવાના પાણીની વ્યવસ્થા કરવા સૂચના

તાકીદ કરવામાં આવી છે.

છેલ્લા થોડા સમયથી આધાર કાર્ડ કઢાવવા માટે બાળકના જન્મના દાખલામાં પિતા અને અટક સાથેનું પુરૂં નામ હોવું ફરજિયાત બનાવી દેવામાં આવ્યું છે. જો આ રીતનું બર્થ સર્ટિફીકેટ ન હોય તો આધાર કાર્ડ નીકળતું નથી અથવા રિજેક્ટ કરી દેવામાં આવી છે. જેના કારણે અગાઉ બાળકનું બર્થ સર્ટિફીકેટ કઢાવ્યું હોય તો પણ તેમાં અધુરૂં નામ હોય તો તેમાં સુધારો કરવા માટે માતા-પિતાએ કોર્પોરેશન કચેરી સુધી ધક્કો ખાય લાઈનમાં ઉભું રહેવું પડે છે. ઓનલાઈન સુધારા-વધારા થઈ શકતા નથી. જેના કારણે અરજદારો પાસે લાઈનમાં ઉભા રહેવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. આજે બુધવારના દિવસે કારખાનાઓમાં રજા હોય ત્યારે અરજદારોનો વધુ ધસારો જોવા મળતો હોય છે. વહેલી સવારથી જ જન્મ-મરણ વિભાગની બહાર લોકોની લાંબી લાઈનો લાગી જાય છે. કલાકો સુધી રાહ જોયા બાદ તેઓનો વારો આવે છે. આજે સવારે આરોગ્ય સમિતિના ચેરમેન કેતન પટેલે આરોગ્ય અધિકારી ડો.જયેશ વંકાણી અને જન્મ-મરણ વિભાગના અધિકારી પ્રેરિત જોષીને સાથે રાખી સમગ્ર સ્થિતિનું નિરિક્ષણ કર્યું હતું. નાના બાળકોને સાથે લઈને આવતી મહિલાઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. એટલું જ નહિં અરજદારો માટે બેસવાની પણ પૂરતી વ્યવસ્થા નથી. આ ઉપરાંત ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણીની કોઈ વ્યવસ્થા ન હોય ચેરમેન ચોંકી ઉઠ્યા હતા. તેઓએ અધિકારીઓને તાત્કાલીક

(અનું.આઠમાં પાને)

## કાલે વિશ્વ પરિવાર દિવસ

# સંબંધોના તાંતણે સ્નેહની ગુંથણીઃ પરિવાર માત્ર લોહીના સંબંધ જ નહીં પરંતુ વ્યક્તિનું અસ્તિત્વ

**અબતક, રાજકોટ**

પરિવારનું મહત્વ ખરેખર અમૂલ્ય છે અને ‘‘વિશ્વ પરિવાર દિવસ‘‘ પરિવાર એ ખરેખર એક એવી જગ્યા છે જ્યાં આપણને હૂંફ, પ્રેમ અને સલામતીનો અનુભવ થાય છે. આવતીકાલે વિશ્વ પરિવાર દિવસ છે ત્યારે જ્યાં આપણે કોઈપણ જાતના ડર વગર આપણા મનની વાત કરી શકીએ છીએ.વ્યક્તિના જીવનમાં પરિવારનું મહત્વ અગણિત અને અત્યંત ઊંડું છે. પરિવાર એ માત્ર લોહીના સંબંધોનું જૂથ નથી, પરંતુ તે વ્યક્તિના અસ્તિત્વનો પાયો છે, જે તેના શારીરિક, માનસિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. વ્યક્તિને બાળપણથી જ શારીરિક સુરક્ષા પૂરી પાડે છે. માતા-પિતા કે વાલીઓ બાળકને જોખમોથી બચાવે છે અને તેનું ધ્યાન રાખે છે. મોટા થયા પછી પણ, જ્યારે વ્યક્તિ બીમાર પડે છે અથવા મુશ્કેલીમાં હોય છે, ત્યારે પરિવાર તેની સંભાળ રાખે છે. એ એક એવી જગ્યા છે જ્યાં વ્યકિત નિઃસંકોચપણે પોતાની લાગણીઓ વ્યક્ત કરી શકે છે. એવા લોકો છે જે તેને પ્રેમ કરે છે અને તેનું સમર્થન કરશે, ભલે કોઈ પણ પરિસ્થિતિ હોય. આ ભાવનાત્મક સુરક્ષા વ્યક્તિને માનસિક રીતે મજબૂત બનાવે છે. ઘણા પરિવારો આર્થિક રીતે એકબીજાને ટેકો આપે છે. મુશ્કેલ સમયમાં, પરિવારના સભ્યો એકબીજાને નાણાકીય સહાય પૂરી પાડે છે, જે વ્યક્તિને આર્થિક રીતે સુરક્ષિત અનુભવ કરાવે છે. બાળપણમાં માતા-પિતાનો પ્રેમ અને સ્નેહ બાળકને આત્મવિશ્વાસ અને સકારાત્મક વલણ વિકસાવવામાં મદદ કરે છે. જીવનભર, પરિવારના સભ્યો એકબીજાને પ્રેમ અને સ્નેહ આપે છે, જે વ્યક્તિને ખુશ અને સંતુષ્ટ રાખે છે. આ પ્રેમ અને સ્નેહ વ્યક્તિને જીવનના પડકારોનો સામનો કરવાની તાકાત આપે છે.આચરણ અને ઉપદેશો દ્વારા બાળકને સત્ય, અહિંસા, દયા, પ્રમાણિકતા, અને મહેનત જેવા મૂલ્યોનું મહત્વ સમજાવે છે. પરિવાર પરંપરાઓ અને સંસ્કૃતિને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તે બાળકને પોતાની ઓળખ અને વારસા સાથે જોડે છે. આજના ભાગદોડભર્યા જીવનમાં, જ્યારે આપણી પાસે પોતાના લોકોમાટે પણ સમય નથી હોતો, ત્યારે પરિવારનું મહત્વ વધુ વધી જાય છે.તમે રામાયણ અને મહાભારતના ઉદાહરણો આપીને ખૂબ જ યોગ્ય વાત કરી છે. પહેલાના સમયમાં પણ પરિવારોમાં મતભેદો થતા હતા, પરંતુ તેમ છતાં પરિવાર એકસાથે રહેતો હતો. આધુનિક સમયમાં નાની નાની બાબતોમાં પણ પરિવાર તૂટી જાય છે, જે ખરેખર દુઃખદ છે.‘‘વસુધૈવ કુટુંબકમ‘‘ની ભાવના ખરેખર આજના સમયની માંગ છે. જો આપણે સમગ્ર વિશ્વને એક પરિવાર તરીકે જોઈએ તો યુદ્ધો અને ઝઘડાઓનું કોઈ સ્થાન જ ન રહે. શાંતિ અને એકતાથી જ આપણે એક સુંદર અને સુખી વિશ્વનું નિર્માણ કરી શકીએ છીએ.તમારી આ વાત ખૂબ જ પ્રેરણાદાયી છે કે સૌએ સંકલ્પ લેવો જોઈએ કે આપણે આપણા પરિવારને વધુ સમય આપીશું અને તેમની સાથેના સંબંધોને વધુ મજબૂત બનાવીશું. તે માત્ર એક ઔપચારિકતા નથી પરંતુ તે માનવ સમાજના સૌથી મહત્વપૂર્ણ એકમ - પરિવાર - ના મહત્વને સમજવા અને તેને સન્માનિત કરવાનો એક અવસર છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે પરિવાર માત્ર લોહીના સંબંધોથી જોડાયેલું જૂથ નથી, પરંતુ તે પ્રેમ, સ્નેહ, સહકાર અને સમજણનું એક એવું બંધન છે જે વ્યક્તિના જીવનને આકાર આપે છે અને સમાજને સ્થિરતા પ્રદાન કરે છે વિશ્વ પરિવાર દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ પરિવારોને એકસાથે લાવવા, તેમના મહત્વને પ્રકાશિત કરવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે પરિવાર સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. આ દિવસ આપણને નીચેની બાબતો માટે પ્રોત્સાહિત

(અનું.આઠમાં પાને)



## માનવ સમાજના સૌથી મહત્વપૂર્ણ એકમ - પરિવાર - ના મહત્વને સમજવા અને તેને સન્માનિત કરવાનો એક અવસર એટલે વિશ્વ પરિવાર દિવસ

# જમ્મુ-કાશ્મીરના શોપિયાના જંગલમાંથી મોટા પ્રમાણમાં હથિયારો-દારૂગોળો મળી આવ્યા!

**જપ્ત કરાયેલા હથિયારોમાં બે એકે-૪૭ રાઈફલ, ૧૦ એકે-૪૭ મેગેઝિન, ત્રણ હેન્ડ ગ્રેનેડ, બે વોકી-ટોકી, એક પાવર બેંક, ૫૦૦થી વધુ બુલેટ્સ, અનેક આધાર કાર્ડ, ખાખી રંગના ચાર આર્મી પાઉચ, ચાર કાળા ડ્રેસ અને ૫,૦૦૦ રૂપિયાથી વધુ રોકડાનો સમાવેશ**

**અબતક, નવી દિલ્હી**

ઓપરેશન સિંદૂર હેઠળ જમ્મુ-કાશ્મીરમાં શોપિયા જિલ્લાના કેલરમાં સ્થિત શુકરુ જંગલ વિસ્તારમાંથી સુરક્ષાદળોને મોટાપ્રમાણમાં દારૂગોળો અને હથિયારો મળી આવ્યા છે. ઓપરેશન કેલર હેઠળ સુરક્ષાદળોએ ગઈકાલે લશ્કર-એ-તૈયબાના ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતાં.ટોચના પોલીસ અધિકારીએ જણાવ્યા પ્રમાણે, ગઈકાલે ત્રણ આતંકવાદીઓના એન્કાઉન્ટર બાદ કેલરના જંગલ વિસ્તારોમાં મોટાપાયે સર્ચ ઓપરેશ હાથ ધરાયુ હતું. આ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાની બાતમીના પગલે ઓપરેશન કેલર હાથ ધરાયુ છે. જેમાં શુકરૂ જંગલ વિસ્તારમાંથી મોટાપાયે હથિયારો અને વિસ્ફોટક જથ્થો મળી આવ્યો છે. સ્થાનિક પોલીસ, સીઆરપીએફ, ભારતીય સેના, ઈન્ટેલિજન્સ એજન્સી દ્વારા હાથ ધરાયેલું આ સંયુક્ત ઓપરેશન હજુ ચાલુ છે.જપ્ત કરાયેલા હથિયારોમાં બે એકે-૪૭ રાઈફલ, ૧૦ એકે-૪૭ મેગેઝિન, ત્રણ હેન્ડ ગ્રેનેડ, બે વોકી-ટોકી, એક પાવર બેંક, ૫૦૦થી વધુ બુલેટ્સ, અનેક આધાર કાર્ડ, ખાખી રંગના ચાર આર્મી પાઉચ, ચાર કાળા ડ્રેસ અને ૫,૦૦૦ રૂપિયાથી વધુ રોકડાનો સમાવેશ થાય છે.શોપિયાં જિલ્લાના કેલરના શુકરુ જંગલ વિસ્તારમાં મંગળવારે સવારથી સાંજે ૪.૩૦ વાગ્યા સુધી આ એન્કાઉન્ટર ચાલ્યું. તેનું નામ ઓપરેશન કેલર રાખવામાં આવ્યું. માર્યા ગયેલા આતંકવાદીઓમાં લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર શાહિદ અહેમદ કુટ્ટી પણ હતો.અહીં, હજ યાત્રાળુઓનો બીજો જથ્થો શ્રીનગર એરપોર્ટથી સાઉદી અરેબિયાના મક્કા જવા રવાના થયો. શ્રીનગરથી હજ યાત્રાળુઓનો પહેલો જથ્થો ૪ મે, ૨૦૨૫ના રોજ રવાના થયો હતો. ઓપરેશન સિંદૂરને કારણે, ૭ મે અને ૧૨ મેના રોજ રવાના થનારા હજ યાત્રાળુઓની સાત ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. મંગળવારથી શ્રીનગર એરપોર્ટ પર ફ્લાઈટ કામગીરી શરૂ થઈ ગઈ છે.

# છ મહિના પહેલા મામા-મામીના હાથે ભાણેજની થયેલી હત્યાનો બદલો લેવા યુવાન પર ખૂની હુમલો

**જીઆઈડીસી ગેટ પાસેથી કારમાં અપહરણ કરી , ધોકા વાળી, છરી હુલાવી હુમલાખોરો ફરાર**

**અબતક રાજકોટ**

મેટોડા જીઆઈડીસી ગેટ પાસે અગાઉ થયેલી હત્યા ના મનદુખમાં યુવાનનુ મોટરમાં અપહરણ કરી પિતરાઈ ભાઈ ઓનાખુની હુમલા માં ગંભીર રીતે ઘવાયેલા યુવાનને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ઈન્દિરા નગર માં રહેતા શિવરાજભાઈ ગોવિંદભાઈ મુછડીયા ૧૮ ગઈકાલે રાત્રે ૮ વાગ્યા ના સુમારે મેટોડા જીઆઈડીસી ગેટ પાસેથી પસાર થતો હતો ત્યારે મોટરમાં ઘસી આવેલા અને સગપણમાં મામાના દીકરાથતાં ખુશાલ અને રાહુલે શિવરાજભાઈ પર હુમલો કરી મોટરમાં ખેંચી દીધો હતો અને ગાડી રાજકોટ નવા૧૫૦ ફૂટ રીંગ રોડ પરશુરામ મંદિર પાસે લઈ ગયા બાદ શિવરાજને નીચે ઉતારી બંને ભાઈઓએ ધોકા અને છરી વડે હુમલો કરી માથા અને પીઠના ભાગે ગંભીર ઈજા કરી લોહી લુહાણ કરી દીધો હતો, શિવરાજને ગાડીમાં લઈ જઈ અલગ અલગ જગ્યાએ ફેરવીને માર મારી ગાડીમાંથી ઉતારી દીધા બાદ શિવરાજ ગમે તેમ કરીને હોસ્પિટલ પહોંચ્યો હતો. હુમલાખોરો કામને અંજામ આપી ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે પોલીસ પોલીસ દ્વારા તપાસ હાથ ધરી છે

**શિવરાજના માતા પિતાન હાથે સગા ભાણેજ જયદીપની હત્યા દીકરી ની છેડતી મુદ્દે થઈ તી**

મેટોડા જીઆઈડીસી ગેટ પાસેથી અપહરણ અને ખૂની હુમલા ભોગ બનનાર શિવરાજ મુછડીયા નું ફઈ ના દીકરા રાહુલ અને ખુશાલ એ અપહરણ કરી હુમલાના મામલામાં રાહુલ અને ખુશાલના ભાઈ જયદીપ હુમલાખોર ની બહેનની મશ્કરી કરતો હોય તેવી આશંકાએ છ મહિના પહેલા મામા ગોવિંદભાઈ અને મામી કંચનબેન ના હાથે ધોકડિયા ગામે તેની હત્યા થઈ હતી ભાઈની હત્યાનું વેર લેવા રાહુલ અને ખુશાલ એ શિવરાજ નું અપહરણ કર્યાનું બહાર આવ્યું છે

# સિવિલ હોસ્પિટલમાં નોકરી અપાવી દેવાની લાલચે ૧૦ લાખની ઠગાઈ

**વિંછીયાની ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા યુવકને માંગરોળના દંપતી સહિત ત્રણ શખ્સોએ છેતર્યા**

**અબતક, રાજકોટ**

વિંછીયાની ખાનગી શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા યુવાનને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ડેટા ઓપરેટર કમ કલાર્કની નોકરી અપાવી દેવાના નામે માંગરોળના શખ્સે રૂ. ૧૦ લાખ પડાવી લીધાનો બનાવ સામે આવ્યો છે. જે મામલે વિંછીયા પોલીસમાં આશિષ રાઠોડ, તેની પત્ની લક્ષ્મી અને ભાઈ કમલેશ વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

મામલામાં વિંછીયાના સનાળી ગામે રહેતા અને ખાનગી શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા ૩૭ વર્ષીય યુવાન મહેશભાઈ રામજીભાઈ પરમારે વિંછીયા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ત્રણેક વર્ષ પહેલા હું ગાંધીનગર ખાતે ટેટ પાસ કરેલ હોય જેથી ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે ગયેલ હતો. ત્યારે મિત્ર કાનજીભાઈ જહાભાઈ સુમાણીયા (રહે.ભદ્રાવડી,બોટાદ) મારી સાથે આવેલ હતા. અમારી બન્નેની મુલાકાત ગાંધીનગર ખાતે અમારા સમાજના આશીષભાઈ દાનાભાઈ રાઠોડ સાથે થયેલી અને તેમણે તેમની ઓળખાણ માંગરોળ અર્બન મેડીકલ ઓફીસર તરીકેની આપેલ હતી અને નોકરી બાબતે કંઈ પણ મારી જરૂરીયાત હોય તો મારો તમારે સંપર્ક કરવો તેમ જણાવ્યું હતું. અઢી વર્ષ પહેલા અમારા સનાળી ગામે સામાજીક પ્રસંગમા આશીષભાઈ દાનાભાઈ રાઠોડ મળતા તેમણે આરોગ્ય પરીવાર કલ્યાણ ગાંધીનગરમાં મારૂ ચાલે છે અને મારા ભાઈ કમલભાઈ રાઠોડ અને પત્ની લક્ષ્મીબેન આરોગ્ય પરીવાર કલ્યાણ ગાંધીનગરમા કામ કરે છે તેમજ હુ રાજકોટ સરકારી હોસ્પીટલમા તમને ડેટા ઓપરેટર કમ કલાર્ક વર્ગ-૩ મા નોકરી અપાવી દઈશ તેવું કહી રૂ. ૧૦ લાખની માંગણી કરી હતી.

બાદમાં નોકરી અંગે ટેલિફોનિક વાતચીત થતાં આશીષ રાઠોડ તેમની ફોરવ્હીલ ગાડી લઈને અમારા ઘરે આવેલા ત્યારે રૂ. ૫ લાખ રોકડા આપ્યા હતા અને બાકીના ૫ લાખ થોડા દિવસ બાદ આપવાનું જણાવ્યું હતું. થોડા દીવસ પછી આશિષએ ફોન કરીને નોકરીનો ઓર્ડર થઈ ગયો છે તેમ જણાવ્યું હતું. બાદમાં નોકરીનો ઓર્ડર જોવા ગાંધીનગર લઈ ગયો હતો પણ સાહેબ રજા પર છે કહી ઓર્ડર બતાવ્યો ન હતો. થોડા દિવસ બાદ આશિષની પત્ની અમારા ઘરે આવી ત્યારે ત્રણ લાખ રોકડ તેને આપ્યા હતા.

થોડા દિવસ બાદ આશિષનો ભાઈ કમલેશ ઘરે આવતા રૂ. ૨ લાખ રોકડા આપ્યા હતા. બાદમાં નોકરી અંગે ગોળ ગોળ જવાબ આપતાં ફરિયાદી માંગરોળ જતાં તેણે વિશ્વાસ ન હોય તો સિક્યુરિટી પેટે બે અલગ અલગ ચેક આપેલ હતા. બાદમાં ચેકનો સમય પૂર્ણ થઈ જતાં નોકરી કે પૈસા અંગે કોઈ જવાબ નહિ આપતાં અંતે યુવકે ફરિયાદ નોંધાવી હતી.

# પત્ની અને કાકીજીની હત્યાના ગુનામાં આરોપીના જામીન મંજુર

**જામીન મુકત કરવામાં ન આવ્યેથી પ્રિ-ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે, બચાવ પક્ષના એડવોકેટ અંશ ભારદ્વાજ**

**અબતક, રાજકોટ**

શહેરના ભકિતનગર પોલીસ મથક વિસ્તારમાં ૧૪ વર્ષ પહેલા આડા સંબંધની શંકાએ પત્ની અને તેણીના કાકીની હત્યાના ગુનામાં જેલ હવાલે રહેલા પતિને અદાલતે જામીન પર મુકત કરતો હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરના ભકિતનગર પોલીસ મથક વિસ્તારમાં ભાડાની વિસ્તારમાં ભાડા ની ઓરડીમાં રહેતા મધુબેન ઉર્ફે મુની બેન અને તેના કાકી રંજનબેન છ રીના ૪૨ જેટલા નિપજાવ્યા ની મકાન માલિક રુપીબેન પરસોતમભાઈ ચાવલાએ મૃતક મધુબેનના પતિ પ્રવીણ રામશંકર શર્મા અને તેનો ભાઈ પવન ઉર્ફે પ્રવીણ રામશંકર શર્મા વિરુદ્ધ ગત તારીખ ૨૨ ૫ ૧૨ ના રોજ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે નાસી છૂટેલા પવન ઉર્ફે પ્રવીણ રામશંકર શર્માને યુપીના ગાઝિયાબાદથી ૧૪ વર્ષે ઝડપી લઈ પ્રાથમિક પૂછપરછમા મધુબેન ઉર્ફે મુનીબેનના આડા સંબંધની શંકાએ પતિ પ્રવીણ રામશંકર અને તેના નાનોભાઈ દીપક ઉર્ફે દીપુ વચ્ચે થયેલી બોલાચાલીનો ખાર રાખી મોતને ઘાટ ઉતાર્યાનું જણાવ્યું હતુ.બાદ તપાસ પૂર્ણ થતા પ્રવીણ રામશંકર ને જેલ હવાલે કર્યા હતા. હાલ જેલ હવાલે રહેલા પવન ઉર્ફે પ્રવીણ શર્માએ જામીન પર છુટવા



વકીલ અંશ ભારદ્વાજ

અદાલતમાં અરજી કરી હતી જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં પવન ઉર્ફે પ્રવિણ શર્માના વકીલ અંશ ભારદ્વાજે કરેલી દલીલમા સહઆરોપી દીપક સામે નો કેસ ચાલી જતા નિર્દોષ ઠરાવવામાં આવેલ છે. બનાવ નજરે જોનાર કોઈ સાહેદ નથી. ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી આરોપી પાસેથી કોઈ હથીયાર રીકવર થયેલ નથી કે કોઈ સાયન્ટીફીક પુરાવાથી આરોપીની સંડોવણી સાબિત થતી નથી. કોઈ કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂર નથી. કેસનો ગુણદોષ ઉપર નિર્ણય થતા લાંબો સમય જાય તેમ છે. જેથી ઉપરોકત સંજોગોમાં આરોપી જામીન મુકત કરવામાં ન આવ્યેથી પ્રિ-ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. બંને પક્ષોની દલીલો બાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ દલીલ તથા રજુ કરવામાં આવેલ વડી અદાલતોના વિવિધ ચુકાદાઓને ઘ્યાને લઈને જજ વી.કે.ભટ્ટ કોર્ટે આરોપીને શરતોને આધિન જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ હતો.આરોપી તરફે એડવોકેટ તરીકે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, શ્રેયસ શુકલ, ચેતન પુરોહીત, કૃણાલ દવે, દિશા ફળદુ, મિહિર શુકલ વિગેરે રોકાયેલ હતા.

# ઘાતક હથિયારના ગુનામા કલ્પેશભારથી ગૌસ્વામી નિર્દોષ

**તમંચો, પીસ્તોલ અને જીવતા કાર્ટીઝ સાથે શખ્સ ઝડપાયો**

**અબતક, રાજકોટ**

શહેરમાં દેશી બનાવટનો તમંચો, પીસ્તોલ અને જીવતા કાર્ટીઝ સાથે ઝડપાયેલા આરોપીને કોર્ટે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ જામનગર રોડથી શીતલપાર્કવાળા રસ્તે કલ્પેશભારથી ઉર્ફે ગુરૂ ગોપાલભારથી ગૌસ્વામી નામનો શખ્સ ગેરકાયદેસર હથિયાર સાથે બાકડા પર બેઠો હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે દેશી બનાવટનો તમંચો, પીસ્તોલ અને જીવતા કાર્ટીઝ સાથે ઝડપી લીધો હતો. પોલીસે આરોપી વિરૂધ્ધ આર્મ્સ એકટ હેઠળ ગુનો નોંધી જેલ હવાલે કર્યો હતો. આરોપીએ લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલમાં અરજી કરતા આરોપી તરફે લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલના એડવોકેટ યશસ્વી એચ. બોડા હાજર રહ્યા હતા. ચાર્જશીટ બાદ કેસ કોર્ટમાં ચાલતા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપીને નિર્દોષ મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલ યશસ્વી એચ. બોડા રોકાયા હતાં.



વકીલ યશસ્વી બોડા

# પત્નિની હત્યામાં આરોપીની માનવતાની જામીન અરજી અદાલતે ફગાવી દીધી

**અનૈતિક સંબંધની શંકાએ પતિએ પત્નિનું ઢીમ ઢાળી દીધું હતું**

**અબતક, રાજકોટ**

શહેરમાં અનૈતિક સંબંધની શંકાએ પત્નિની હત્યા કરવાના કેસમાં સંડોવાયેલા આરોપી પતિએ ૩૦ દિવસ જેલ મુકત થવા માનવતાના ધોરણે કરેલી જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે.આ કેસની હકિકત મુજબ મૂળ મહારાષ્ટ્ર અને રાજકોટમાં જીવરાજ પાર્ક અંબિકા ટાઉનશીપમાં રહેતા આરોપી ગુરપ્પા મલ્લપ્પા જિરોલીએ પોતાની પત્નિને પરપુરુષ સાથે અનૈતિક સંબંધ હોવાની શંકાએ માથાના કપાળના ભાગે સિમેન્ટના બ્લોક માર મારી હત્યા કરી હતી. જે અંગે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં પત્નીના હત્યારા પતિ ગુરપ્પા મલ્લપ્પા જિરોલી સામે હત્યાની ફરીયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જેલ હવાલે રહેલા આરોપી ગુરપ્પા મલ્લપ્પા જિરોલીએ બીમાર માતાના ભરણપોષણ માટે મદદરૂપ થવા તેમજ મામાના દિકરા ગૌરીશંકરના તા.૧૬/૦૫/૨૦૨૫ ના લગ્નમાં પ્રત્યક્ષ હાજરી આપવાના કારણોસર માનવતાના ધોરણે ૩૦ દિવસના વચગાળાના જામીન ઉપર છુટવા એડી. એન્ડ ડીસ્ટ્રીક્ટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ એડી. એન્ડ સેશન્સ કોર્ટે આરોપી ગુરપ્પા મલ્લપ્પા જિરોલીએ માનવતાના ધોરણે કરેલી જામીન અરજી નામંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકિલ પરાગ એન. શાહ રોકાયા હતા.

# ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલા ઓરિસ્સાના શખ્સના જામીન મંજુર

**અબતક, રાજકોટ**

શહેરના અક્ષર માર્ગ ઉપર ૭.૯૩૫ કિલોગ્રામ ગાંજાના ઓરિસ્સાના શખ્સની જામીન અરજી કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી છે.વધુ વિગત મુજબ શહેરના એસ.ઓ.જી. દ્વારા બાતમીના આધારે અક્ષર માર્ગ ઉપર વોચ ગોઠવી ગૌતમનગર પાસેથી બે થેલામાં ૭.૯૩૫ કિલોગ્રામ ગાંજા ડ્રગસ સાથે તરની અબેલ સુના (રહે. ગણપરાપલી ગામ, જી. બલાંગીર, ઓરિસ્સા) ઝડપી લેવાયો હતો. ત્યારબાદ આરોપી સામે કાર્યવાહી બાદ જેલ હવાલે કરતા આરોપી દ્વારા જામીન ઉપર છોડવા સેશન્સ અદાલતમાં ટરેલી અરજી સુનવણી ઉપર આવતા બચાવપક્ષે રોકાયેલ એડવોકેટ રોહિત બી. ઘીયા દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ કે કબજે કરેલ માદક પદાર્થ ઈન્ટરમીડીયેટ કવોન્ટિટીમાં આવે છે, તેથી એન.ડી.પી.એસ. એકટની કલમ-૩૭નો બાધ નડતો નથી તેમજ આરોપીનો કોઈ ગુનાહિત ઈતીહાસ નથી, તેમજ ઉચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપર ધ્યાન દોરતા સેશન્સ કોર્ટે આરોપીને શરતી જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામમાં આરોપી વતી સોરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહીતભાઈ ઘીયા, હર્ષ રોહિતભાઈ ઘીયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયા હતા.

# સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરવાના ગુનામાં રોહન પરમારને જામીન મુક્ત કરતી અદાલત

**સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી હવસનો શિકાર બનાવી ’તી**

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતી સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી અને દુષ્કર્મ ગુજારવાના ગુનામાં જેલ હવાલે રહેલા રોહન પરમારને અદાલતે જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના તાલુકા પોલીસ મથક વિસ્તારમાં રહતી સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપરણ કરી દુષ્કર્મ ગુજારીયા અંગેની ભોગ બનનારની માતાએ રોહન કિશોર પરમાર સામે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણ, પોકસો અને દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી રોહન પરમારની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. હાલ જેલહવાલે રહેલા રોહન પરમાર મુક્ત થવા અદાલતમાં અરજી કરી હતી ત્યાર બાદ સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ અદાલતે રોહન પરમારને જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે.બચાવ પક્ષે એડવોકેટ તરીકે જીગ્નેશ તેરૈયા, જીતેન્દ્ર કુબાવત, ધર્મેન્દ્રસિંહ જાડેજા, કરણસિંહ ચાવડા, ધારેશ દોશી ,સાગર ભોણીયા રોકાયા હતા.

# ઉંઝાની પેઢીના ગોંડલ બ્રાન્ચ મેનેજરે બારોબાર ધાણા વેંચી રૂ.૯૩ લાખનો ધુંબો માર્યો

**સ્ટોક રજીસ્ટરની ખરાઈ કરતા ભાંડો ફૂટ્યો: રૂ.૯૮ લાખના પ્લોટનો દસ્તાવેજ કરી દઈ ૯૩ લાખનું બુચ મારી દીધું**

**અબતક, રાજકોટ**

ઉંઝાના કોમોડીટી વેપારીની ગોંડલ સ્થિત પેઢીના મેનેજરે ધાણાની ખરીદી કરી બારોબાર વેંચી દઈ રૂ. ૧.૯૦ કરોડ ચાઉ કરી લીધાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં મહેસાણાના ઉંઝા ખાતે રહેતા ૪૨ વર્ષીય વેપારી પિયુષભાઈ ગોવીંદભાઈ પટેલએ ગોંડલ બી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગોબરસિંહ નાગજીભાઈ રાજપૂતનું નામ આપતાં જણાવ્યું હતું કે, ઉંઝામાં સ્ટેશન રોડ ઉપર લાભ એન્ટરપ્રાઈઝ નામની પેઢી આવેલ છે જેમા છેલ્લા બાર વર્ષથી તલ, જીરુ, ધાણા વિગેરે ખરીદ વેચાણનો ધંધો કરુ છું. અમારી પેઢીના પ્રોપરાઈટર મારા સગા કાકાના દીકરા નીરવભાઈ રાજેન્દ્રભાઈ પટેલ છે તેમજ અમારી કંપનીની બીજી બ્રાંચ ગોંડલ જામવાડી જી.આઈ.ડી.સી.માં આવેલ છે. ત્યાં ધાણા કલીનીંગ અને પ્રોસેસીંગનું કામકાજ કરવામાં આવે છે અને રાજપુત ગોબરસિંહ નાગજીભાઈ (રહે- હાલ વસંત વાટીકા સોસાયટી, ગુંદાળા રોડ, ગોંડલ અને મૂળ રહે. સિંહ ગામ, ઉંઝા, મહેસાણા) ગોંડલની પેઢીનો વહીવટ સંભાળતો હતો અને મેનેજર તરીકે છેલ્લા ૧૨ વર્ષથી નોકરી કરતો હતો.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા-૧૨/૦૩/૨૦૨૫ ના રોજ મે અમારા એકાઉન્ટ ડીપાર્ટમેન્ટમાં ગોંડલની પેઢીમાં ધાણા ખરીદ વેચાણ બાબતે હિસાબ માંગતા એકાઉન્ટ વિભાગ તરફથી હિસાબ કરી સ્ટોક સ્ટેટમેન્ટ આપવામાં આવેલ હતું. ત્યાર બાદ અમે ગોબરસિંહ પાસે ગોંડલ પેઢીમા રહેલ સ્ટોકનો હીસાબ માંગતા તેણે મને હીસાબ આપતા મને શંકા જતા મે ગોબરસિંહ પાસે ગોંડલમા રહેલ ધાણાનો સ્ટોક ચેક કરી મને ફોનમાં હીસાબ લખાવતા મારા સ્ટોક સ્ટેટમેન્ટ તથા ગોબરસિંહએ આપેલ સ્ટોક સ્ટેટમેન્ટમાં મોટો તફાવત આવતો હોય જેથી મને શંકા જતા મે તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ મારા કાકાના દીકરા અને અમારી પેઢીના પ્રોપરાઈટર નીરવભાઈને ગોંડલ ધાણાનો હીસાબ જોવા માટે મોકલેલ હતા. જેથી નીરવભાઈ ગોંડલ અમારી પેઢીએ જઈ હીસાબ ચેક કરી મને ફોન કરેલ કે, મે ગોબરસિંહ પાસેથી હીસાબ મેળવી લીધેલ છે અને ગોબરસિંહએ આપણી સાથે વિશ્વાસઘાત કરેલ છે. તેણે આપણી પેઢીમા ધાણાની બોરીઓ બારોબાર વેંચી તે પૈસામાથી ગોંડલમા પ્લોટ પણ ખરીદી લીધેલ છે અને ધાણાના હીસાબનો ચોપડો પણ ફાડી નાખેલ છે તેમ વાત કરેલ હતી. જેથી મે ઉંજા અમારી પેઢીમા અમારા એકાઉન્ટ વિભાગમા હીસાબ કરાવતા અમોને જાણવા મળેલ કે, ગોબરસિંહએ બે વર્ષ દરમ્યાન ધાણા કુલ બોરી નંગ ૬૪૭૨ જેનુ કુલ વજન ૨,૫૮,૯૯૬ કીલો ગ્રામ જેની કુલ કી.રૂ. ૧, ૯૦,૯૨૩૦૨ અમારી જાણ બહાર કોઈને વેંચી દીધેલ અથવા તો માત્ર કાગળ ઉપર ધાણાની ખરીદી કરી અમારી પાસે પૈસા મંગાવી પૈસા ચાઉ કરી ગયાનું જણાઈ આવેલ હતું. જેથી નીરવભાઈએ ગોબરસિંહ પાસે આ પૈસા પરત માંગતા ગોબરસિંહએ કહેલ કે, મે ગોંડલમાં ગુંદાળા રોડ ઉપર આવેલ પટેલ નગરમા અંદાજીત ૨૮૦ ચોરસ વારનો પ્લોટ લીધેલ છે તે આશરે ૯૮,૦૦૦૦૦ ની કીમતનો છે તે હું તમને લખી આપીશ અને બાકીના પૈસા હું તમને હપ્તે હપ્તે પુરા કરી આપીશ તેમ જણાવ્યું હતું. બાદમાં તે જ દીવસે ગોબરસિંહએ આ પ્લોટનુ બાનાખત નીરવભાઈને કરી આપેલ હતું અને તા. ૧૭/૦૩/૨૦૨૫ ના રોજ પ્લોટનો દસ્તાવેજ કરવાનો હોય ત્યારે ગોબરસિંહએ નીરવભાઈને કહેલ કે, તમારે પ્લોટનો દસ્તાવેજ કરવો હોય તો પહેલા મારી સાથે આવવુ પડશે અને મને પણ સામે સ્ટેમ્પ ઉપર લખાણ કરી આપવુ પડશે તેમ કહી તેમના કોઈ મીત્રો પાસે નીરવભાઈને કોઈ ઓફીસે લઈ ગયેલ હતો. ત્યાં ઘણા બધા માણસો હાજર હતા અને જે ઓફીસમા ગયેલ તે ઓફીસ અંદર સરદાર પટેલ સેવા ટ્રસ્ટ ઓફીસ લખેલ હતુ.

જ્યાં નીરવભાઈને ગોબરસિંહ તથા તેની સાથે રહેલ માણસોમાથી કોઈ માણસે એવુ કહેલ કે, તમે ઉંજાથી આવી અહીં દાદાગીરી કરશો તો ચાલશે નહી અને અમે કહીએ તે પ્રમાણે સામે અમને તમારે લખાણ કરી આપવુ પડશે તો જ અમે તમને આ પ્લોટનો દસ્તાવેજ કરી આપશુ. વધુમાં તેમણે કહેલ કે તમે આ પ્રમાણે નહી કરો અને ગોબરસિંહ કાલ સવારે કોઈ પગલુ ભરી લેશે તો કોણ જવાબદાર રહેશે જેથી નીરવભાઈ આ લોકોથી ડરીને લખાણ ઉપર સહી કરવા તૈયાર થયેલ હતા. બાદમાં ગોબરસિંહએ ગોંડલ રજીસ્ટ્રાર ઓફીસે તેમની પાસે રહેલ પ્લોટનો દસ્તાવેજ નીરવભાઈના નામે કરી આપેલ હતો. ત્યારબાદ ગોબરસિંહ નીરવભાઈને તેમની સાથે સરદાર પટેલ સેવા ટ્રસ્ટ ઓફીસે પાછા લઈ ગયેલ અને ત્યાં તૈયાર લખાણ ઉપર નીરવભાઈની સહી લીધેલ હતી. જેની કોઈ ઝેરોક્ષ નકલ પણ નીરવભાઈને આપેલ નહી કે આ લખાણ વાંચવા પણ દીધેલ નહી. આ બધુ થઈ ગયા બાદ નીરવભાઈએ મને ફોનમા આ બધી વાત કરેલ હતી. આ ગોબરસિંહએ અમને કહેલ હોય કે બાકીના પૈસા હું તમને કટકે કટકે આપી દઈશ તેવુ જણાવેલ હોય અને અમને અમારા પૈસા પરત આપવાનો વિશ્વાસ આપેલ હોય પરંતુ આજદીન સુધી અમારા નીકળતા પૈસા અમને પરત આપતા ન હોય અને અમારા ફોન પણ ઉપાડતા ન હોય જેથી અંતે વેપારીએ ગોંડલ બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ગોંડલ બી ડિવિઝન પોલીસે વેપારીની ફરિયાદ પરથી ધાણાની કુલ બોરી નંગ ૬૪૭૨ જેનું કુલ વજન ૨,૫૮,૯૯૧ કીલો ગ્રામ જેની કુલ કી.રૂ.૧,૯૦,૯૨૩૦૨/ની ઉચાપત કરી તે પૈકી રૂ.૯૮૦૦૦૦૦ લાખનો પ્લોટ લખી આપી બાકી રહેલ રકમ કુલ રૂ. ૯૨,૯૨,૩ ૦૨ નહી આપ્યાનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ગુજરાતના ખ્યાતનામ મીડિયા ગ્રુપ પર આઈ.ટી.ના દરોડા

## અમદાવાદ અને મુંબઈ સહિત ૩૫ જેટલા સ્થળો પર આઈ.ટી.ના દરોડા, ૫૦૦ જેટલા અધિકારીઓ દ્વારા સૌથી મોટું ઓપરેશન, રાજકોટ આઈ.ટી. વિભાગની બે ટીમો પણ સામેલ: ભારે ખળભળાટ

### આવકવેરા વિભાગે આ ઓપરેશન અંગે સત્તાવાર નિવેદન જારી કર્યું નથી પરંતુ તપાસ પૂર્ણ થયા બાદ વધુ વિગતો સામે આવી શકે છે

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં વહેલી સવારથી જ આવકવેરા વિભાગે ગુજરાતના ખ્યાતનામ મીડિયા ગ્રુપ ઉપર મોટાપાયે દરોડા પાડવાનું શરૂ કર્યું છે અને તેને સંલગ્ન સંખ્યાબધ્ધ ગ્રુપ ઉપર પણ તવાઈ ચાલી રહી છે. આ દરોડા ગુપ્ત માહિતીના આધારે શરૂ કરવામાં આવ્યા છે. જો કે, આવકવેરા વિભાગે હાલમાં આ ઓપરેશન અંગે સત્તાવાર નિવેદન જારી કર્યું નથી પરંતુ તપાસ પૂર્ણ થયા બાદ વધુ વિગતો સામે આવે તેવી શક્યતા જણાઈ રહી છે.

મળતી માહિતી મુજબ ગુજરાતમાં અત્યાર સુધીનું આ સૌથી મોટું સર્ચ ઓપરેશન કહી શકાય. ઓપરેશનમાં રાજકોટની પણ આઈ.ટી. વિભાગની બે ટીમો અમદાવાદ ગઈ છે અને મુંબઈ, દિલ્હી, અમદાવાદ સહિતની આ ઓપરેશન કામ કરી રહી છે. આ ઉપરાંત અમદાવાદ, મુંબઈ સહિતના ૩૫ જેટલા સ્થળો પર પણ આઈ.ટી.ના દરોડા ચાલી રહ્યા છે.




અમદાવાદમાં ઈન્કમટેક્સનું આ મોટું સર્ચ ઓપરેશન છે. ફાયનાન્સ ક્ષેત્ર સાથે સંકળાયેલા મોટા ગજાના બરૂણ અગ્રવાલ સહિતના ઝપટે ચડ્યા છે. બીટ કોઈન, બોન્ડ, ટ્રેઝરીના કરોડો વ્યવહારોની તપાસ સવારથી જ થઈ રહી છે. સાથોસાથ જે.પી.ઈસ્કોન ગ્રુપ પણ ઝપટે ચડ્યું છે તેમજ પ્રવિણ કોટક, જતીન ગુપ્તા સહિતના ભાગીદારોને ત્યાં પણ સવારથી તપાસ ચાલી રહી છે અને અગ્રણી મીડિયા ગ્રુપમાં પણ સવારથી આવકવેરા વિભાગે સપાટો બોલાવ્યો છે.

અમદાવાદ અને મુંબઈ સહિતના ૩૫ જેટલા સ્થળો પર આઈ.ટી.ના દરોડા પડ્યા છે. આ દરોડામાં કુલ ૫૦૦ જેટલા અધિકારીઓ જોડાયા હોવાનું પણ સામે આવ્યું છે. જેને લઈને હાલ ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. મળતી માહિતી મુજબ અમદાવાદ અને મુંબઈ સહિત ૩૫ જેટલા સ્થળોએ આવકવેરા વિભાગે તપાસ હાથ ધરી હોય તેવી પ્રાથમિક વિગત છે. આવકવેરા વિભાગે હાલમાં આ ઓપરેશન અંગે સત્તાવાર નિવેદન જારી કર્યું નથી પરંતુ તપાસ પૂર્ણ થયા બાદ વધુ વિગતો સામે આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# હડતાલનો અંત: રાજકોટ માર્કેટીંગ યાર્ડ ફરી ધમધમ્યું

## એક સપ્તાહથી ચાલી આવતી હડતાલનો યાર્ડના સત્તાધિશોની મધ્યસ્થીથી આવ્યો સુખદ અંત: ખેડૂતો, દલાલો, વેપારીઓમાં હાશકારો





**અબતક, રાજકોટ**

રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં છેલ્લા એક સપ્તાહથી ચાલી આવતી હડતાલનો આજે સુખદ અંત આવી ગયો છે. યાર્ડ આજથી ફરી ધમધમતું થઈ ગયું છે.

યાર્ડમાં જે.કે. ટ્રેડીંગ પેઢીના બીપીનભાઈ ઢોલરીયા અને નીતેશભાઈ ઢોલરીયાએ ૧૪૫ દલાલ ભાઈઓને રૂ. ૧૭.૧૯ કરોડનો ધુંબો માર્યો હતો આ અંગે પોલીસ ફરીયાદ પણ નોંધવામાં આવી છે. ગત બુધવારથી દલાલ મંડળ દ્વારા અચોકકસ મુદત સુધી યાર્ડ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. દરમિયાન યાર્ડના યુવા ચેરમેન જયેશભાઈ બોધરા સહિતના ડિરેકટરો, દલાલ મંડળના પ્રતિનિધિઓ, વેપારી મંડળના પ્રતિનિધિઓ વચ્ચે એક બેઠક યોજાઈ હતી. જેમાં ૧૪૫ દલાલ મિત્રોને આગામી ત્રણ થી ચાર માસમાં તેઓનું અટકાયેલું પેમેન્ટ કરાવી દેવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. જેના પગલે રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં છેલ્લા એકાદ સપ્તાહથી ચાલતી હડતાલનો આજે સુખદ અંત આવી ગયો છે. સવારથી યાર્ડમાં તમામ જણસીની આવક સ્વીકારવામાં આવી છે. હરાજીનો પણ આરંભ થઈ ચૂકયો છે. હડતાલ સમેપાય જવાના કારણે ખેડૂતો, કમિશ્નર એજન્ટ, વેપારીઓ, મજુરોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી.

હાલ ઓફ સિઝન ચાલતી હોવાના કારણે યાર્ડમાં તમામ જણસીની નજીવી આવક થઈ રહી છે. ગઈકાલે બપોરે એવી જાહેરાત

(અનુ. આઠમા પાને)

## ગુજરાતમાં ગેરકાયદે રહેતા વિદ્યાર્થીઓને ઘર ભેગા કરાશે

# તમામ કામદારોના આઈ.ડી પ્રુફ પોલીસ સ્ટેશન જમા કરાવવા ફરજિયાત

**અબતક, રાજકોટ**

ભારત-પાકિસ્તાન સંઘર્ષની પરિસ્થિતિ અને રાજ્યમાં ગેરકાયદેસર વસાહતીઓ સામે ચાલી રહેલી કાર્યવાહીને ધ્યાનમાં રાખીને, ગુજરાત સરકાર કામદારોની ઓળખને સુનિશ્ચિત કરવા માટે એક પ્રમાણિત કાર્યકારી પ્રક્રિયા તૈયાર કરી રહી છે. રાજ્યમાં રહેતા ઘણા લોકો અહીં ઘણા સમયથી સ્થાયી થયા છે અને તેઓ કોઈક પ્રકારનું કામ કરીને પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે.




આ બાબત સૂચવે છે કે આ વસાહતીઓ કદાચ સ્થાનિક અર્થતંત્રનો પણ એક ભાગ બની ગયા હોઈ શકે છે, ભલે તેમની હાજરી કાયદેસર ન હોય. આથી, સરકાર દ્વારા કામદારોની ઓળખ ચકાસવાની પ્રક્રિયા શરૂ કરવી એ માત્ર સુરક્ષાની દૃષ્ટિએ જ નહીં, પરંતુ રાજ્યના

### ગુજરાતમાં નાગરિકોની સલામતી વધી મજબૂત બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ

સામાજિક અને આર્થિક માળખાને સમજવા માટે પણ મહત્વપૂર્ણ બની જાય છે.ગૃહ વિભાગના ટોચના સૂત્રોના જણાવ્યા અનુસાર ભારત-પાકિસ્તાન સંઘર્ષના પગલે અને રાજ્યમાં ગેરકાયદેસર વસાહતીઓ પરની કાર્યવાહીના ફોલો-અપ તરીકે, ગુજરાત સરકાર કામદારોની ઓળખ ચકાસવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા નો મુસદ્દો તૈયાર કરી રહી છે.તમામ એમ્પ્લોયરોને તેમના કામદારોના ઓળખ દસ્તાવેજોની નકલો પોલીસને સબમિટ કરવાનું ફરજિયાત કરવામાં આવશે અને તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેમની સામે દંડનીય કાર્યવાહી શરૂ કરવામાં આવશે, તો આ બાબત કાયદાકીય અને વહીવટી સ્તરે નોંધપાત્ર અસર કરશે. આ પગલું કદાચ ગુનાઓને નિયંત્રિત કરવા અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી લેવામાં આવી રહ્યું છે. કામદારોની માહિતી પોલીસ પાસે ઉપલબ્ધ હોવાથી, ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા લોકોની ઓળખ કરવી સરળ બનશે. એમ્પ્લોયરો દ્વારા સબમિટ કરવામાં આવેલા દસ્તાવેજો પોલીસને કામદારોની ઓળખ અને તેમના રેકોર્ડને ચકાસવામાં મદદરૂપ થશે જો કોઈ કાર્યકર બનાવટી દસ્તાવેજો આપે છે, તો એમ્પ્લોયરને તેના માટે જવાબદાર ગણવામાં આવશે નહીં. નિયમ માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર તમામ પ્રકારના એમ્પ્લોયરોને લાગુ પડશે - પછી ભલે તે મોટી કંપનીઓ હોય, નાની પાનની દુકાનો હોય, લેબર કોન્ટ્રાક્ટરો હોય અથવા તો ઘરેલું મદદની ભરતી કરનાર વ્યક્તિઓ પણ આમાં સામેલ થશે. આનો અર્થ એ છે કે આ નિયમનું પાલન કરવું દરેક એમ્પ્લોયર માટે ફરજિયાત રહેશે.ગૃહ વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર, પકડાયેલા મોટાભાગના ગેરકાયદેસર વસાહતીઓ ગુજરાતમાં લાંબા સમયથી રહે છે અને આજીવિકા માટે કોઈને કોઈ આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. આ સૂચવે છે કે આ સમસ્યા ઊંડે સુધી ફેલાયેલી છે. હવે તમામ એમ્પ્લોયરો માટે તેમના કામદારો પાસેથી રેશન કાર્ડ, મતદાર ઓળખ કાર્ડ જેવા ઓળખ દસ્તાવેજોની નકલો એકત્રિત કરવી ફરજિયાત રહેશે. તેમણે આ દસ્તાવેજોનો રેકોર્ડ રાખવો પડશે અને તેની નકલો નજીકના પોલીસ

(અનુ. આઠમા પાને)

## તારીખ પે તારીખ

# ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળ ત્રીજીવાર મુદત વધાર્યા બાદ પણ ૨૦ હજાર હોસ્પિટલ રજીસ્ટ્રેશનથી દૂર

### કુલ ૩૧,૦૬૧ જેટલા ક્લિનિક હોસ્પિટલની નોંધણી થઈ: ગુજરાતમાં અંદાજે અલગ અલગ ચિકિત્સા પધ્ધતિના મળીને ૫૦ હજારથી વધુ ક્લિનિક-હોસ્પિટલ, લેબોરેટરી, બ્લડ બેન્ક ચાલે છે

**અબતક, અમદાવાદ**

અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલ કાંડ પછી રાજ્યની તમામ સરકારી અને ખાનગી સહિત ક્લિનિક-હોસ્પિટલોનું રજિસ્ટ્રેશન થાય તે માટે આરોગ્ય વિભાગે કડકાઈ દાખવતા કુલ ૩૧,૦૬૧ જેટલા ક્લિનિક હોસ્પિટલ વિગેરેની નોંધણી થઈ છે. ગુજરાતમાં અંદાજે અલગ અલગ ચિકિત્સા પધ્ધતિના મળીને ૫૦ હજારથી વધુ ક્લિનિક-હોસ્પિટલ, લેબોરેટરી, બ્લડ બેન્ક વિગેરે છે, તે મુજબ હજુ ૨૦ હજાર જેટલા ક્લિનિક હોસ્પિટલનું રજિસ્ટ્રેશન બાકી છે. વિવિધ આરોગ્ય સંસ્થાઓને આરોગ્ય વિભાગ દ્વારા કામચલાઉ નોંધણી કે રિન્યૂ કરવા માટે સપ્ટેમ્બર-૨૦૨૬ સુધીનો સમય અપાયેલો છે. રાજ્યમાં તમામ પ્રકારની સરકારી અને ખાનગી દવાખાના-હોસ્પિટલો, એક્સરે-ઈમેજિંગ સેન્ટર, લેબોરેટરી બ્લડ બેન્ક વિગેરેનું રજિસ્ટ્રેશન કરાવવું નિયમ મુજબ ફરજીયાત છે. ખ્યાતિ હોસ્પિટલ દ્વારા દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરીની સરકારી પીમએમજે યોજનામાંથી પૈસા કમાવવાનું કૌભાંડ બહાર આવ્યા બાદ અનેક દવાખાના નોંધણી કરાવતા નહીં હોવાનું બહાર આવ્યું હતું. અગાઉ ૧૨ માર્ચ ૨૦૨૫ સુધીની મુદત હતી ત્યારે ૧૨થી ૧૫ હજાર જેટલા દવાખાનાની જ નોંધણી થઈ હોવાનું બહાર આવ્યું હતું. જેના કારણે આરોગ્ય વિભાગ પાસે પણ રાજ્યમાં કયા પ્રકારની કેટલી હોસ્પિટલો-ક્લિનિક છે અને તેમાં કેટલા બેડ-સુવિધા વિગેરે છે તેની જાણકારી ન હતી. તે પછી આરોગ્ય વિભાગે તમામને નોંધણી કરાવવા માટે તાકિદ કરી હતી. તે સાથે વિધાનસભામાં મુદત વધારવા સુધારા વિધેયક લાવી નોંધણીની છેલ્લી તારીખ ૧૨ સપ્ટેમ્બર-૨૦૨૬ સુધી કરાઈ છે. તે પછી નોંધણી કરાવવાની સંખ્યા અને ઝડપમાં વધારો થયો છે. મે-૨૦૨૫ સુધીમાં ૨૯,૦૦૪ ઓનલાઈન અને ૨૦૫૭ ઓફલાઈન મળીને કુલ ૩૧,૦૬૧ વિવિધ પ્રકારના દવાખાનાનું રજિસ્ટ્રેશન થયું છે. જેમાં સૌથી વધુ સંખ્યા ખાનગી હોસ્પિટલની છે જે ૭૪૦૦ થવા જાય છે. તે પછી ૫૩૬૨ હોમિયોપેથી ક્લિનિક અને હોસ્પિટલનો સમાવેશ થાય છે. ૩૧,૦૬૧ રજિસ્ટ્રેશનમાં એલોપેથીના મળીને કુલ ૨૨૭૧૮, આયુર્વેદના ૨૯૪૧, હોમિયોપેથીના ૫૩૬૨ અને યુનાની-સિધ્ધાના ૪૦ ક્લિનિક-હોસ્પિટલનો સમાવેશ થાય છે. રાજ્યમાં મોટી સંખ્યામાં ખાનગી હોસ્પિટલો અને ક્લિનિક વધી રહ્યા છે તે પણ આંકડા પરથી સ્પષ્ટ થાય છે. બીજી તરફ પીએમજે યોજનાનો મોટી સંખ્યામાં નાગરિકો લાભ લઈ રહ્યા છે તે જોતા આગામી દિવસોમાં આરોગ્ય વિભાગે ખાનગી હોસ્પિટલોમાં અપાતી સારવાર ઉપર મોનીટરિંગ વધુ ઝીણવટભર્યું બનાવવું પડશે તેવી સ્થિતિ છે.

